અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૮૨

# ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભા - ૨



સં. વર્ધમાન તપોનિધિ શ્રુતજ્ઞાનોપાસક પૂ. મુનિ

**શ્રી અકલંક વિજયજી મ. સા.**

અકલંક ગ્રંથમાળા

ઉજમફઈની ધર્મશાળા, વાઘણ પોળ, ઝવેરીવાડ, અમદાવાદ-૧

# છપાયેલ પુસ્તકોની યાદી

## કથાનુયોગ


તીર્થંકરાદિ ચરિત્રો ૨ થી ૬
૨૭ થી ૩૧/૧૩૨/૧૫૭/૧૭૯
૭/૩૨/૭૦ જૈન રામાયણ
૬૭ જૈન મહાભારત
૬૮/૧૭૮ જૈન ઈતિહાસ
૯/૧૭૬ શુકરાજાની કથા
૧૧ અકલંક વિજયજીનુ જીવનચરિત્ર
૭૬ અકલંક આત્મકથા
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૫/૧૩૫ નળ દમયંતિ ચરિત્ર
૨૨/૧૬૨ કુલવયમાળા કથા
૨૪ તિલકમંજરી
૨૬ વૈરાગ્યનુ અમૃત સમરાદિત્ય ચરિત્ર
૩૫ શાંબ પ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૮ મયણા શ્રીપાળ
૫૫ જૈનકથાઓ અને સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ અને જૈન દર્શન
૫૯/૬૦ ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાગ ૧-૨
૭૧/૧૬૫ વસુદેવહિંડ ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૨૩ સમાયિક પ્રતિક્રમણને અષ્ટ-કર્મ ઉપરની કથાઓ.
૪૦ મહાબળ મલયાસુંદરી.
૯૬/૧૫૪ જૈન ધર્મનો પરિચય
૧૦૬ બુદ્ધિસાગરસૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૯ ઉપાસક દશાંગ
૧૨૧ ઉપદેશ તરંગીણી
૧૨૨ પેથડશા ચરિત્ર
૧૨૪ સાત ભવનો સ્નેહ
૧૨૫ ભીમસેન નૃપચરિત્ર
૧૨૬/૧૫૩ સુર સુંદરી ચરિત્ર
૧૩૧ પ્રભુ શ્રી રાજેન્દ્ર સૂરિ
૧૩૩ અંબડ ચરિત્ર
૧૩૪ રાજકુમારી સુદર્શના ચરિત્ર
૧૩૭ શ્રીચંદ કેવળી ચરિત્ર
૧૩૮ હેમચંદ્રાચાર્ય
૧૪૧ આરામ શોભા
જૈનકથાઓ ભા. ૧ થી ૪૦ ૧૭/૧૯ ૨૫/૩૭/૪૧ થી ૪૭/૫૨ ૬૪ થી ૬૬/૭૯/૮૦/૮૮ થી ૯૦/૯૯/ ૧૦૪/૧૦૭/૧૦૮/૧૧૩/૧૨૩/ ૧૨૭ થી ૧૩૦, ૧૪૪ થી ૧૪૭ ૧૫૦ થી ૧૫૨/૧૫૮ થી ૧૬૦
૧૪૨ જ્યોતિષ રત્નાંકર
૧૨૦ જૈન જાગૃતિ
૧૬૧/૧૬૮ ભક્તામર પૂજન વિધિ
૧૭૨ અઠ્ઠાઈ વ્યાખ્યાન
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૫૫ સંસ્કૃત સરળ વ્યાકરણ
૧૬૯ ધર્મ મિમાંસા

અકલંક ગ્રંથ માળા પુષ્પ : ૧૮૨

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રાર્થ

ભા-૨ અધ્યયન, ૧૧ થી ૧૮

સંપાદક :

વર્ધમાનતપોનિધિ શ્રુતજ્ઞાનોપાસક
પૂ. મુનિરાજશ્રી અકલંકવિજયજી મ.સા.

પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

(૧) પ્રો. કે. જી શાહ
(૨) પારસમલજી જૈન

ઉજમ ફૂઈની ધર્મશાળા, વાઘણ પોળ, ઝવેરીવાડ.
અમદાવાદ-૩૮૦૦૦૧

અકલંક ગ્રન્થ માળા : પુષ્પ ૧૮૨

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ–૨

## એક સંકલિત પ્રસ્તાવના

વર્તમાન સમયને જૈન પરિભાષામાં "હુંડા અવસર્પિણી કાળ" કહ્યો છે કેમકે આ દુષમ–કાળમાં પરિભ્રમણ કરતા જીવોને ભવ–સમુદ્રમાંથી પાર ઉતારવા, સાધના આરાધના ઉપાસનાનો સન્માર્ગ બતાવવા કોઈ અવધિજ્ઞાની, પણ નથી. તીર્થંકર પરમાત્માઓ જન્મથી મતિજ્ઞાન, શ્રુત-જ્ઞાન તથા અવધિજ્ઞાન સહિત હોય છે, જ્યારે દીક્ષા લે ત્યારે ચોથું મન: પર્યવજ્ઞાન પ્રગટ થાય છે, અને, જ્યારે ઘાતી કર્મનો ક્ષય થાય ત્યારે કૈવળ જ્ઞાન પ્રગટ થાય છે. આપણને હાલ આધારભૂત ફક્ત (૧) જિન–બિંબ તથા (૨) જિનાગમ છે. જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક આમ્નાયમાં શ્રુતજ્ઞાનના પિસ્તાલીસ આગમસૂત્રો ગણાય છે: ૧૧ અંગસૂત્રો, ૧૨ ઉપાંગ સૂત્રો, ૬ છેદ–સૂત્રો, ૪ મૂળ સૂત્રો, ૧૦ પ્રકીર્ણકો તથા બે ચુલિકા સૂત્રો. તેમાં જે ચાર મૂળસૂત્રો છે–અગત્યના ને ઉપયોગી–તે છે: (૧) શ્રી આવશ્યક સૂત્ર, (૨) શ્રી દશ વૈકાલિક સૂત્ર, (૩) ઓઘ–નિર્યુક્તિ પીંડ-નિર્યુક્તિ, તથા ચોથું મૂલ–સૂત્ર છે: શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. સર્વ સાધુઓને દીક્ષા જીવનની શરૂઆતથી આ સૂત્રનું પઠન પાઠન અનિવાર્ય છે.

મૂળ તે આધારે વૃક્ષ ઉપર ફૂલ–ફળ વિકાસ પામે છે, તેમાં સંયમનું ફળ મોક્ષ પ્રાપ્ત કરવા આ મૂળ–સૂત્રોનું તલસ્પર્શી જ્ઞાન આવશ્યક છે.

શ્રી કલ્પસૂત્ર પ્રમાણે : શ્રમણ ભગવાન મહાવીર ૩૦ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા, દીક્ષા પછી ૧૨ વર્ષ છદ્મસ્થ પર્યાય, અને, ૩૦ વર્ષ કેવળિ પર્યાય, પાળીને, કુલ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને નિર્વાણ પામ્યા, નિર્વાણ પહેલાં પ્રભુ પ્રભાત સમયે પદ્માસને બેઠા, અને, પુણ્યના ફળ–વિપાક –વાળા ૫૫ આધ્યયનો, પાપના ફળ–વિપાક–વાળા ૫૫ અધ્યયનો, તથા, કોઈના પૂછયા વિના, છત્રીસ અધ્યયનો કહીને, પ્રધાન નામનુ મરૂદેવીનું એક અધ્યયન ભાવતા ભાવતા, કાળ–ધર્મ પામ્યા. સંસાર–સમુદ્રનો પાર પામ્યા–મોક્ષે ગયા. ઉત્તરાધ્યયન સૂત્રમા ૩૬ અધ્યયનો છે.

આ મૂળ સૂત્રો સાધુ–ભગવંતના અધિકારના ગ્રન્થ ગણાય, તેથી વર્ધમાન–તપોનિધિ શ્રી અકલંકવિજય મ. સાહેબે (૧) સાધુ–સાધ્વી આવશ્યક સૂત્રો પુષ્પ નં–૧૬૭/૭૭ માં, (૨) શ્રી દશ વૈકાલિક સૂત્રાર્થ ૧૮ પુષ્પ નં–૧૧૪ –તથા–(૩) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ત્રણ વિભાગમાં પ્રકાશિત કરવા આયોજન થયેલું છે. પ્રથમ ભાગ પુષ્પ નં ૧૬૬ માં પ્રગટ થઈ ગયેલ છે તેમાં ૧ થી ૧૦ અધ્યયન છે અને આ પુસ્તક પુષ્પ નં. ૧૮૨ માં પણ ૧૧ થી ૨૦ અધ્યયન આવશે. ભાગ ત્રીજામાં બાકીના ૨૧ થી ૩૬ અધ્યયનો આવશે. ચારિત્રની આરાધના કરનાર સાધુઓને ચાર મૂળ–સૂત્રોનો ક્રમશ : અભ્યાસ અત્યંત ઉપયોગી છે.

આ શ્રી ઉ. સૂત્ર એટલે પરમાત્મા મહાવીર દેવની અમુલ્ય અંતિમ વાણી. શ્રી વીર પ્રભુએ સાધના માટે દેશના પ્રવાહ જીવનના અંતિમ સમય સુધી વહાવ્યો અને છેલ્લા બે દિવસની, સોળ પહોરની દેશનામાં જે વાણી–પ્રવાહ વહ્યો તેના ગુંફનમાંથી શ્રી ઉ. સૂત્રની રચના થઈ.

આમ જોઈએ તો શ્રી ઉ. સૂત્ર ચરમ તીર્થંપતિ શ્રી મહાવીર દેવની ચરમ દેશનાનો સાર છે. આ અંતિમ દેશના રૂપે પ્રસિદ્ધ શ્રી ઉ. સૂત્ર જૈન દર્શનનો એક અમુલ્ય ખજાનો છે. દરેક અધ્યયન જૂદા જૂદા આરાધકને પ્રોત્સાહન મળે તેવી સત્ત્વશીલ અને સમર્થ વાણીમાં પ્રગટ થયેલ છે.

આજના યુગમાં દરેક વ્યક્તિને કંઇ ને કંઈ વાંચન જોઈએ છે, પરંતુ આત્મ–કલ્યાણ થાય તેવા પુસ્તકો બહુ ઓછા પ્રગટ થાય છે. આવા સુસંસ્કારી પુસ્તકો લખાય ને છપાય તો સૌને સુલભ થાય અને તે વંચાય ને આચરણમાં મુકાય તો જનતાનું કલ્યાણ થાય–આ લોક ને પરલોક સુધરે.

શ્રી ઉ. સૂત્ર જૈન તત્ત્વજ્ઞાનનું મૌલિક સૂત્ર છે જેનો ઉપદેશ, પ્રભુએ આપણા જેવા પંચમકાળના દુર્બોધ જીવના કલ્યાણ અર્થે, પોતાના નિર્વાણ સમયે, આપ્યો.

જ્ઞાતપુત્ર ભગવાન શ્રી મહાવીર સ્વામી આ ૩૬ અધ્યયનો પ્રગટ કરી નિર્વાણ પામ્યા, તેમની માટે આવેલ શ્રી સુધર્મા સ્વામી, તેમના શિષ્ય, છેલ્લા કેવલી શ્રી જંબુસ્વામીને કહે છે કે : હે આયુષ્યમાન જંબુ ! જેવું મેં ભગવાન મહાવીરસ્વામી પાસેથી સાંભળેલું છે તેવું જ મેં આ ઉ. સૂત્રમાં કહ્યું છે. શ્રી સુધર્મા સ્વામી વીર પ્રભુ પછી ૨૦ વર્ષે મોક્ષે ગયા, અને, શ્રી જંબુસ્વામી શ્રી વીર પ્રભુ પછી ૬૪ વર્ષે મોક્ષે ગયા. ત્યાર પછી આ ભરત ક્ષેત્રમાં મોક્ષ માર્ગ બંધ થયો. મજાકમાં એમ કહેવાય છે : જંબુસ્વામી એ મોક્ષ–માર્ગને તાળું મારી દીધું.

આ આગમનું દરેક અધ્યયન વૈરાગ્ય પ્રેરક, તત્ત્વજ્ઞાનથી ભરપૂર, ધર્મ ભાવનાને પુષ્ટ ભાવનાને પુષ્ટ કરનાર તથા આત્માને પવિત્ર કરવા સમર્થ છે, માટે ભવ્યાત્માને ઘણું જ ઉપયોગી છે. આ સૂત્રને જે સારી રીતે જાણે છે, સારી રીતે કંઠસ્થ કરે છે, તે ભવ્ય જીવ જીવનનો એક અપૂર્વ લાભ મેળવે છે.

આપણે ત્યાં વૈરાગ્યજનક શાસ્ત્ર–પ્રકરણો ઘણાં છે પરંતુ શ્રી ઉ. સૂત્ર આ બધાં વૈરાગ્ય–બોધક પ્રકરણોનું એક પ્રેરણાસ્થાન છે એમ માનવું પડે.

પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ આ શ્રી. ઉ. સૂત્રને “વૈરાગ્યનો સાગર” કહેતા અને ફરમાવતા હતા કે “જેને વિવિધતાપૂર્ણ એવું એક માત્ર આગમ મુખપાઠ રાખવું હોય તેને હું નિઃશંક શ્રી ઉ. સૂત્ર જ સૂચવું,” શ્રી લબ્ધિ-સૂરીશ્વરજી મ. સાહેબે પોતાના જીવનના અંતિમ સમયે શ્રી ઉ. સૂત્રને મુખપાઠ કરવા માંડયું હતું. આપણે આ આગમ –પાઠ આરંભથી સ્વિકારીએ તો જીવન ખૂબ સાર્થક બને તેમાં શંકા નથી, કેમકે આ ગ્રન્થ માત્ર અર્થ–દર્શન ને માર્ગ–દર્શન જ નથી પરંતુ જીવન–પદ્ધતિ દર્શન પણ છે.

બીજા આગમ–ગ્રન્થો કરતાં શ્રી ઉ. સૂત્રમાં ઘણી વિવિધતા છે, વૈરાગ્ય પ્રેરક સૂક્તો છે, સુંદર પ્રશ્નોત્તર સંવાદ છે, તથા, દ્રવ્ય અને ગુણોની વ્યાખ્યાઓ પણ તેમાં ગોચર થાય છે. એમ કહી શકાય કે શ્રી ઉ. સૂત્ર એક જ આગમ જૈન ધર્મ જૈન દર્શનનો પરિચય આપવા સમર્થ છે.

આ શ્રી ઉ. સૂત્ર ઉપર શ્રુત–કેવલી ચૌદ પૂર્વધર આચાર્ય ભગવંત શ્રીભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ નામની

ટીકા લખી છે. પાંચમું અંગ સૂત્ર–શ્રી ભગવતી સૂત્રમાં પાંચ પ્રકારના જિન બતાવ્યા છે તેમાં શ્રુત કેવલીને જિન કહ્યા છે. શ્રી ભદ્રબાહુએ નિર્યુક્તિમાં જણાવ્યું છે: કે–આ શ્રી ઉ. સૂત્ર 'અભવ્ય' આત્મા પૂર્ણ કરી શકતો નથી. આ નિર્યુક્તિને લઈને, વાદિ–વેતાલ શ્રી શાન્તિસૂરિ મહારાજે 'પાઇયિ (પ્રાકૃત)' ટીકા રચી છે જેમાં અનેક વાદ–સ્થળો છે જેનો અભ્યાસ કરનાર કોઈથી જીતાતો નથી.

જિન વાણીના રહસ્યોને સરળ ભાષામાં રજૂ કરવાની મુનિશ્રીની શક્તિ દિન–પ્રતિદિન વધતી જાય છે તે આ પુષ્પ નં–૧૮૨ થી જણાય છે. ઉમર લાયક તપસ્વી મુનિની તમન્ના ૨૦૦ પુસ્તક પુરાં કરવાની છે. તેઓશ્રી શાસનભક્તિ ગુરુ–ભક્તિ તથા શ્રુત–ભક્તિ દ્વારા શાસન પ્રભાવના કરી, પરમપદની સાધનામાં સફળ બને તેવી ભાવના સાથે વીરમીએ.

પ્રભુ વાણીનો થોડો પ્રસાદ–ચિન્તન માટે :

(૧) "પસન્ના લાભઈસ્સંતિ" : અધ્યયન ૧, શ્લોક ૪૬નું પદ.

અર્થ : ગુરુની પ્રસન્નતાથી જ્ઞાનની અદભુત પ્રાપ્તિ.

(૨) તમ્હા ભિક્ષુ ન સંજલે : ૨ (૨૪)

અર્થ : તેથી સાધુ ક્રોધ ન કરે–કોઈ સાધુને ગાળ દે, અપમાન કરે તો પણ ક્ષમા કરે, ક્રોધ કરે અજ્ઞાની–

દૃષ્ટાંન્ત : અર્જુનમાળી.

(૩) ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણીહ જંતુણો,

માણુસત્તં, સુઈ, સદ્ધા, સંજમમિ ય વીરિયં. ૩ (૧)

અર્થ : આ સંસારમાં પ્રાણીને ધર્મમાં મુખ્ય ચાર વસ્તુ દુર્લભ છે. (૧) મનુષ્ય જન્મ (૨) ધર્મનુ શ્રવણ (૩) ધર્મમાં અચળ શ્રદ્ધા, તથા (૪) સંયમમાં પરાક્રમ. ભાગ ૧માં પાના ૪૪ થી ૪૮ દશ દ્રષ્ટાન્ત દુર્લભ મનુષ્ય ભવ–ખાસ વાંચો. (૪) સદ્ધા પરમ દુલ્લહા, ઉપરની ત્રણ વસ્તુઓ મળે તો પણ ધર્મમાં શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ છે. ભાગ ૧ માં વાંચો : સાત નિન્હવોના દ્રષ્ટાન્તો પા. ૫૧થી૬૦

(૫) અધ્યયન ૧૦ દ્રુમ–પત્ર અધ્યયન–શ્લોકો ૧ થી ૩૬ જેમાં વીર પ્રભુએ વિવિધ દ્રષ્ટાન્ત આપી દરેક શ્લોકને અંતે,

શ્રી ગૌતમ સ્વામીને કહ્યું :
"સમયં, ગોયમ, મા પમાયએ"
હે ગૌતમ, એક 'સમય'
પણ પ્રમાદ કરીશ નહિ.

આટલાથી જિજ્ઞાસા થાય તો શ્રી ઉ. સૂત્રના બે ભાગ વાંચી, ત્રીજા માટે રાહ જુઓ ને સત્સંગ અને સ્વાધ્યાયનો લાભ મેળવો. ૐ શાન્તિ શાન્તિ.

લુહારની પોળ,
અમદાવાદ. ૩૮૦૦૦૧,
વૈશાખ સુદિ ૧૦, શનિવાર
મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક
સુદિ ૧૧ ગણધર પદ તથા
ચતુર્વિધ શ્રી સંઘ સ્થાપના.

સંઘ સેવક
પ્રો. કુમુદચન્દ્ર
ગોકળદાસ શાહના
જય જિનેન્દ્ર
(જન–નયન)

## દાતાઓની યાદી

૨૫૦૦) પૂ. આચાર્યદેવ રવિવિમલ સૂરિની સ્મૃતિ નિમિત્તે અમદાવાદ.

૨૫૦૦) ગોકુળ આઈસ્ક્રીમવાળા તરફથી શાહપુર અમદાવાદ.

૨૫૦૦) પ્રો. કે. જી. શાહ લુહારની પોળ ,,

૧૧૧૧) કાન્તિલાલ સંઘવી બીલીમોરા

૧૦૦૦) પૂ. આચાર્યદેવ ધનપાળ સૂરિના ઉપદેશથી ટુમકુર જૈન સંઘ.

૨૫૧) વસંત શ્રી મહારાજના ઉપદેશથી અમદાવાદ.

૨૫૧) પૂ. નયપ્રભ સાગરના ઉપદેશથી વીશાલા જૈન સંઘ.

૨૫૧) પૂ. મુક્તિચંદ્ર વિજયના ઉપદેશથી થરાદ જૈન સંઘ

૨૫૧) હીરાલાલ મગનલાલ શાહ બીલીમોરા.

૧૫૧) ભુવનકુમાર બાપુલાલ વડોદરા.

### અકલંક ગ્રંથમાળાની યોજના

૫૦૦૧) આપવાથી એક પુસ્તક તમારી વતી છપાવી આપવામાં આવશે. વધઘટ સંસ્થા ભોગવશે.

૨૦૦૧) પેટ્રનતરિકે ફોટો મૂકી શકાશે.

૧૦૦૧) આ જીવન સભ્યના

૫૫૧) પાંચ વર્ષના ,,

૨૫૧) બે વર્ષના ,,

૧૫૧) એક વર્ષના ,,

આ પુસ્કો સાધુ–સાધ્વીને તથા જ્ઞાનભંડારને ભેટ અપાય છે તો નીચેના સ્થળેથી મેળવી લેવા. ઉજમફઈની ધર્મશાળા વાઘણ પોળ, ઝવેરીવાડ અમદાવાદ.

બહાર ગામ વાળાએ પુસ્તક દીઠ પચાસ પૈસા પોષ્ટેજના મોકલવા.

# શ્રી ઉત્તરાધ્યયનસૂત્રાર્થ

## ( અધ્યયન ૧૧ )

॥ અહ બહુસ્સુયં એગારસં અજ્ઝયણં ॥

સંજોગા વિપ્પમુકકસ્સ, અણગારસ્સ ભિકખુણો ।
આયારં પાઉકરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥ ૧ ॥
જે યાવિ હોઈ નિવ્વિજ્જે, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।
અભિકખણં અલ્લવઇ, અવિણીએ અબહુસ્સુએ ॥ ૨ ॥

હે જંબુ સંયોગથી વિપ્રયુક્ત સાંસારીક સંબંધથી છુટો થયેલ તથા ઘર વિનાનો સંયમી સાધુનો આચાર બહુશ્રુત સ્વરૂપ જ્ઞાન અનુક્રમે પ્રગટ કરીશ તે તું સાંભળ! બહુશ્રુત કેવો હોય, જે કોઈ અજ્ઞાની અહંકારી લુબ્ધ ઇન્દ્રિય ને મનના નિગ્રહ રહિત હોય વારંવાર ઉલ્લાપ કરતો હોય તથા વિનયરહિત હોય તે અબહુશ્રુત કહેવાય છે.

અહ પંચહિં ઠાણેહિં, જેહિં સિકખા ન લબ્ભઈ ।
થંભા કોહા પમાએણં, રોગેણાલસ્સએણય ॥ ૩ ॥

હવે જે પાંચ સ્થાનો વડે ગ્રહણ પામતો નથી ક્રોધ, માન પ્રમાદ રોગ અને આળસથી તે શિક્ષા ઉપદેશને યોગ્ય રહેતો નથી આ પાંચ અબહુશ્રુતપણાના હેતુઓ છે.

અહ અટ્ઠહિં, ઠાણેહિં સિકખાસીલે ત્તિ વુચ્ચઈ ।
અહસ્સિરે સયા દંતે, ન ય મમ્મમુદાહરે ॥ ૪ ॥
નાસીલે ન વિસીલે, ન સિયા અઇલોલુએ ।
અકોહણે સચ્ચરએ, સિકખાસીલે ત્તિ વુચ્ચઈ ॥ ૫ ॥

હવે આઠ સ્થાનો વડે ૧ શિક્ષાશીલ કહેવાય છે. ઓછા હાસ્યવાળો, ૨ જિતેન્દ્રિય ૩ કોઈનાં મર્મ ન બોલે ૪ અશિલવર્જન ૫ વિશીલત્યાગ અતિચારરહિત ૬ અતિલોલુપ-પણાનો ત્યાગ ૭ અક્રોધી ૮ સત્યભાષી

અહ ચઉદ્દસહિં ઠાણેહિં, વટ્ટમાણે ઉ સંજએ।
અવિણીએ વુચ્ચઈ સો ઉ, નિવ્વાણં ચ ન ગચ્છઈ ॥ ૬॥

હવે ચૌદ સ્થાનોને વિષે રહે તો મુનિ અવિનીત કહેવાય છે. વળી તે અવિનીત નિર્વાણને પામતો નથી.

અભિક્ખણં કોહી હવઇ, પબંધં ચ પકુવ્વઇ ।
મેત્તિજ્જમાણો વમઇ, સુયં લદ્ધૂણ મજ્જઇ ॥ ૭ ॥

અવિ પાવપારક્ખેવી, અવિ મિત્તેસુ કુપ્પ ।
સુપ્પિયસ્સાવિ મિત્તસ્સ, રહે ભાસઇ પાવયં ॥ ૮ ॥

પઇન્નવાઈ દુહિલે, થદ્ધે લુદ્ધે અનિગ્ગહે ।
અસંવિભાગી અવિયત્તે, અવિણીએ ત્તિ વુચ્ચઈ ॥ ૯ ॥

(૧) જે વારંવાર ક્રોધી થાય છે. (૨) ઉત્તરોત્તર પ્રકુપીત જ રહ્યા કરે છે (૩) મિત્ર જેવો જણાતો છતાં વમે છે. (૪) શાસ્ત્રાભ્યાસ કરીને ગર્વ ધારણ કરે છે. (૫) પાપ વડે બીજાનો નિંદક થાય છે. (૬) મિત્ર ઉપર પણ કોપે છે. (૭) મિત્રની પૂંઠે તેના દોષ બોલે છે. (૮) આ આમ જ છે એમ પ્રતિજ્ઞાયવાદી હોય અથવા અસંબંધ પ્રલાપી હોય (૯) દ્રોહી સ્વભાવવાળો (૧૦) ગર્વિષ્ઠ (૧૧) લોભી (૧૨) નિરંકુશ–અનિગ્રહ ઈન્દ્રિયવાળો (૧૩) અવિસંવિભાગી, કોઈને કશું આપે નહિ (૧૪) અપ્રીતિકર હોય તે અવિનીત કહેવાય છે.

અથવા

(૧) ક્રોધી (૨) ક્રોધ સ્થિરીકરણ (૩) મિત્રને ત્યજનાર (૪) વિદ્યાનો મદ કરનાર (૫) પરછિદ્રાન્વેષણ (૬) મિત્રો પર કોપે (૭) પુંઠે બુરૂ બોલે (૮) જકાર પૂર્વક બોલે (૯) દ્રોહી (૧૦) અહંકારી (૧૧) લોભી (૧૨) આહારનો લોલુપી અજિતેન્દ્રિય (૧૩) અસંવિભાગી (૧૪) અપ્રીતિકારી

અહ પન્નરસહિં ઠાણેહિં, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ।
નીયાવત્તી અચવલે, અમાઈ અકુઊહલે ॥ ૧૦ ॥
અપ્પં ચ અહિક્ખિવઇ, પબંધં ચ ન કુવ્વઇ ।
મેત્તિજ્જમાણો ભયઈ, સુયં લદ્ધું ન મજ્જઈ ॥ ૧૧ ॥
ન ય પાવપરિક્ખેવી, ન ય મિત્તેસુ કુપ્પઈ ।
અપ્પિયસ્સાવિ મિત્તસ્સ, રહે કલ્લાણ ભાસઈ ॥ ૧૨ ॥
કલહડમરવજ્જિએ, બુદ્ધે અભિજાઈગે ।
હિરિમં પડિસંલીણે, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ॥ ૧૩ ॥

(૧) અનુદ્ધતવર્તન ગુરુથી નીચા આસને બેસનાર નીયાવર્તી (૨) અચપળ, (૩) અમાઈ (૪) અકુતુહલી, (૫) કોઈનો તિરસ્કાર કરે નહિ (૬) દીર્ઘ રોષીત ન થાય (૭) મિત્રને અનુકુળ વર્તે (૮) પ્રત્યુપકારી કૃતજ્ઞી (૯) શ્રુતનો મદ ન કરે (૧૦) પાપનો પરિક્ષેપ ન કરે મિત્ર પર કોપે નહિ (૧૧) અપ્રિય એવા મિત્રનું એકાંતમાં કલ્યાણ બોલે (૧૨) કલહરહિત (૧૩) બુદ્ધિમાન (૧૪) ખરાબ કરતાં શરમાય (૧૫) ગુરુની પાસે અંગર જ્યાં ત્યાં ચેષ્ટા ન કરનાર પ્રતિસંલિનતાવાળો-ઉપરોક્ત પંદર ગુણવાળો વિનીત કહેવાય છે.

વસે ગુરુકુલે નિચ્ચં, જોગવં ઉવહાણવં ।
પિયંકરે પિયંવાઈ, સે સિકખં લદ્ધુમરિહઈ ॥ ૧૪ ॥

જે નિત્ય ગુરુકૂળમાં વાસ કરે, દીક્ષા દેનાર અથવા વિદ્યા આપનાર ગુરુના કુલગચ્છ સંઘાડામાં જીવીત પર્યંત રહેનાર, ધર્મવ્યાપારમાં દૃઢ, અષ્ટાંગ નિમિત્તમાં નિરત, ઉપધાનયોગ વહન આયંબીલ ઉપવાસ તપ વિશેષથી યુકત, આચાર્યને પ્રિય લાગે તેવું બોલનાર હોય તે શાસ્ત્ર મેળવવાને લાયક થાય છે. હવે બહુશ્રુતની સોળ ઉપમાઓ કહે છે.

જહા સંખમ્મિ પયં, નિહિયં દુહઓ વિ વિરાયઈ ।
એવં બહુસ્સુએ ભિકખૂ, ધમ્મો કિત્તી તહા સુયં ॥ ૧૫ ॥

જેમ શંખમાં નાખેલું દૂધ બન્ને પ્રકારે શોભે છે તેમ બહુશ્રુતવાળા મુનિને વિષે ધર્મ, કીર્તિ, તથા શાસ્ત્ર શોભે છે.

જહા સે કંબોયાણં, આઇણ્ણે કંથએ સિયા ।
આસે જવેણ પવરે, એવં હવઈ બહુસ્સુએ ॥ ૧૬ ॥

જેમ કંબોજ દેશમાં જન્મેલા ઘોડાઓ મધ્યે આકીર્ણ એટલે શીલાદિ ગુણ યુક્ત અને વિશુદ્ધ માતાપિતાથી જન્મેલ હોવાથી સારા આચારવાળા તેમજ શાલીહોત્ર નામક અશ્વ શાસ્રમાં વર્ણવેલા સ્વામિભક્તિ આદિ ગુણ વડે યુકત નાના પાંચીકા ભરેલી કોથળીઓ આગળ ફેંકવામાં આવે તેના અવાજથી જરાએ ભડકે કે ચમકે નહિ, સંગ્રામમાં નિર્ભય રહી આગળ વધે તે કંથક કહેવાય. ગતિમાં શ્રેષ્ટ હોય તે રાજાદિક ને વલ્લભ થાય છે. તેમ બહુશ્રુત પણ જ્ઞાન ક્રિયાવાળા

સર્વ મુનિઓના મધ્યમાં પરવાદીના વાદથી જરાપણ પ્રાસ ન પામતાં સમ્યક્ આચારથી વર્તતો સર્વેને વલ્લભ થાય છે.

જહાઇણ્ણસમારુઢે, સૂરે દઢપરક્કમે ।
ઉભઓ નંદિઘોસેણં, એવં હવઇ બહુસ્સુએ ॥ ૧૭ ॥

જેમ આકીર્ણ અશ્વ પર આરૂઢ થએલો દઢ પરાક્રમ વાળો યોદ્ધો બન્ને બાજુ વાજીંત્રનાદથી શોભે છે એમ બહુશ્રુત પણ શોભે છે.

જહા કરેણુપરિકિણ્ણે, કુંજરે સટ્ઠિહાયણે ।
બલવંતે અપ્પડિહએ, એવં હવઇ બહુસ્સુએ ॥ ૧૮ ॥

જેમ હાથણીઓ વડે પરિવરેલો સાઠ વર્ષની ઉમ્મરનો હાથી બળવાન હોય છે. એ જ પ્રમાણે બહુશ્રુત મુનિ પણ હોય છે. તે ઉત્પાદિકી ચાર પ્રકારની બુદ્ધિવાળો વિદ્વાન કોઈ વાદીથી જીતાતો નથી.

જહા સે તિક્ખસિંગે. જાયખંધે વિરાયઈ।
વસહે જૂહાહિવઈ, એવં હવઇ બહુસ્સુએ ॥ ૧૯ ॥

જેમ તે તીક્ષ્ણ શીંગડાવાળો તથા જેને ખાંધ ઉત્પન્ન થઈ છે તેવો યુથાધિપતિ વૃષભ શોભે છે તેમ બહુશ્રુત પણ હોય છે.

જહા સે તિક્ખદાઢે, ઉદગ્ગે દુપ્પહંસએ ।
સીહે મિયાણ પવરે, એવં હવઇ બહુસ્સુએ ॥ ૨૦ ॥

જેમ તે તીક્ષ્ણ દાઢવાળો ઉત્કટ પરાભવ પમાડી ન શકાય તેવા (પશુ) મૃગોમધ્યે પ્રવર એવો સિંહ શોભે છે તેમ બહુશ્રુત પણ શોભે છે. અન્ય તીર્થીકોથી પરાભવ પામતો નથી.

જહા સે વાસુદેવે, સંખચક્કગદાધરે ।
અપ્પડિહયબલે જોહે, એવં હવઇ બહુસ્સુએ ॥ ૨૧ ॥

જેમ શંખ ચક્ર અને ગદાને ધારણ કરનાર અપ્રતિહત બળવાળા વાસુદેવ મહાયોદ્ધા છે એજ પ્રમાણે બહુશ્રુત પણ હોય છે. શંખ ચક્ર ને ગદારૂપ રત્નત્રયીના ધારક બહુશ્રુત ક્રોધાદિક શત્રુનો ઘાત કરે છે.

જહા સે ચાઉરંતે, ચક્કવટ્ટી મહડ્ઢિએ ।
ચોદ્દસરયણાહિવઈ, એવ હવઈ બહુસ્સુએ ॥ ૨૨ ॥

જેમ તે ચાર પ્રકારના શત્રુનો નાશ કરનાર ચક્રવર્તિ મોટી સમૃદ્ધિવાળો ચૌદ રત્નનો અધિપતિ હોય તેમ બહુશ્રુત પણ હોય છે. ચાર પ્રકારના ધર્મ વડે ચાર ગતિનો અંત કરનાર ચૌદ પૂર્વધર લબ્ધીસંપન્ન બહુશ્રુત ચક્રવર્તિ સરખો શોભે છે.

જહા સે સહસ્સક્ખે, વજ્જપાણી પુરંદરે ।
સક્કે દેવાહિવઈ, એવં હવઇ બહુસ્સુએ ॥ ૨૩ ॥

જેમ તે શક્રેન્દ્ર હજાર આંખોવાળો(પાંચસો મંત્રી હોવાથી) વજ્ર હાથમાં હોવાથી વજ્રપાણિ કહેવાય છે તથા પુરંદર કહેવાય છે. દેવનો અધિપતિ હોય છે તેમ દૈત્યોના મુગટનો નાશ કરનાર છે, બહુશ્રુત શરીરને તપ વડે કૃશ કરે માટે પુરંદર, સર્વ સાધુઓની રક્ષા કરે માટે દેવાધિપતિ, શ્રુત જ્ઞાનરૂપી નેત્રવાળા ને વિદ્યાવાન માટે વજ્રપાણી જેવા બહુશ્રુત ઈન્દ્રની જેમ શોભે છે.

જહા સે તિમિરવિદ્ધંસે, ઉચ્ચિટ્ઠંતે દિવાયરે ।
જલંતે ઇવ તેએણ, એવં હવઇ બહુસ્સુએ ॥ ૨૪ ॥

જેમ તે અંધકારનો નાશ કરનાર સૂર્ય ઉદય પામતા તેજ વડે જવાળા મુકતો હોય તેમ બહુશ્રુત શોભે છે. મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર, બાર પ્રકારના તપ તેજથી યુકત પ્રમાદરહિત સાધુ યોગ્ય ક્રિયા કરનાર, દેદીપ્યમાન, પરવાદી જેના સામુ જોઈ શકે નહિ તેવો બહુશ્રુત છે.

**જહા સે ઉડુવઈ ચંદે, નકખત્તપરિવારિએ ।**
**પડિપુણ્ણે પુણ્ણમાસીએ, એવં હવઈ બહુસ્સુએ ॥ ૨૫ ॥**

જેમ તે પુર્ણિમાનો ચંદ્ર નક્ષત્રનો પતિ છે. નક્ષત્રો વડે પરિવરાએલો પરિપૂર્ણ છે. એ જ પ્રમાણે બહુશ્રુતનું જાણવું એટલે બહુશ્રુત સમ્યકત્વની પ્રાપ્તિ થવાથી પરિપૂર્ણ છે. ભવ્યજનોને આલ્હાદ આપનાર છે. સર્વ ધર્મ કલા વડે સંપૂર્ણ છે.

**જહા સે સામાઈયાણં, કોટ્ઠાગારે સુરકિખએ ।**
**નાણાધન્નપડિપુણ્ણે, એવં હવઇ બહુસ્સુએ ॥ ૨૬ ॥**

જેમ ધાન્યથી ભરપુર સામાજીક લોકોના કોઠાર સુરક્ષિત હોય છે તેમ બહુશ્રુત પણ હોય છે. ગચ્છ સંઘાડામુનિ ઈત્યાદિ વડે સુરક્ષિત અને અંગ ઉપાંગાદિ ધાન્યો વડે પૂર્ણ છે.

**જહા સા દુમાણ પવરા, જમ્બૂ નામ સુદંસણા ।**
**અણાઢિયસ્સ દેવસ્સ, એવં હવઇ બહુસ્સુએ ॥ ૨૭ ॥**

જેમ અનાદૃત નામના વ્યંતર દેવનો તે સુદર્શન નામનો જંબુ વૃક્ષ સર્વ વૃક્ષોને વિશે શ્રેષ્ટ છે, તેમ બહુશ્રુત છે. એટલે સકળ મુનિઓના મધ્યમાં શોભે છે. મધુર ફળ જેવા સિદ્ધાંતાર્થ રૂપી ફળ દેનાર હોવાથી દેવાદિકે પણ પાસે યોગ્ય હોય છે.

જહા સા નઈણ પવરા, સલિલા સાગરંગમા ।
સીયા નીલવંતપ્પવહા, એવં ભવઇ બહુસ્સુએ ॥ ૨૮ ॥

જેમ નીલવંત પર્વતમાંથી ઉત્પન્ન થએલી સર્વ નદીઓમાં શ્રેષ્ઠ નદી સીતા સાગરમાં ભળે છે તેમ બહુશ્રુત છે. સાધુઓમાં પ્રધાન નિર્મળ જળ સમાન સિદ્ધાંત સહિત સાગર જેવા મુક્તિસ્થાનમાં જનારા ઉત્તમ કુળમાં જન્મીને. વિદ્યા વિનય ઔદાર્ય ગંભીર ઇત્યાદિ ગુણયુક્ત હોય છે.

જહા સે નગાણ પવરે, સુમહં મંદરે ગિરિ
નાણોસહિપજ્જલિએ, એવં ભવઇ બહુસ્સુએ ॥ ૨૯॥

જેમ તે પર્વતોમાં શ્રેષ્ઠ અતિ મોટો મેરૂપર્વત ઔષધીયુક્ત છે તેમ બહુશ્રુત પણ સાધુઓમાં શ્રેષ્ટ ગુણો વડે ઉચ્ચતર તથા પરવાદીરૂપી વાયુથી અડગ પ્રકારની લબ્ધીના અતિશયવાળી સિદ્ધિરૂપ ઔષધીઓ વડે જૈન શાસન પ્રભાવનારૂપ પ્રકાશકારક હોય છે.

જહા સે સંયભૂરમણે, ઉદહી અકખઓદએ ।
નાણારયણપડિપુણ્ણે, એવં ભવઇ બહુસ્સુએ ॥ ૩૦ ॥

જેમ તે સ્વયંભુરમણ સમુદ્ર અખુટ જળવાળો તથા રત્નોથી ભરપુર છે તેમ બહુશ્રુત પણ અખુટ જ્ઞાનરૂપ જળથી ભરેલો તથા વિવિધ અતિશય રૂપ રત્નો વડે સંપૂર્ણ હોય છે.

સમુદ્દગંભીરસમા દુરાસયા, અચક્કિયા કેણઇ દુપ્પહંસયા ।
સુયસ્સ પુણ્ણા વિઉલસ્સ તાઇણો, ખવિત્તુ કમ્મં ગઇમુત્તમં ગયા
॥ ૩૧ ॥

સમુદ્રનું ગાંભીર્ય તથા દુરાશય અકથિત તથા કોઈથી પરાભવ ન પમાડી શકાય તેવા વિસ્તાર પામેલા શ્રુત વડે તૃપ્ત થએલા બીજાઓને તારનારા કર્મનો ક્ષય કરી ઉત્તમ ગતિમાં જાય છે.

તમ્હા સુયમહિટ્ઠિજ્જા, ઉત્તમટ્ઠગવેસએ ।
જેણપ્પાણં પરં ચેવ, સિદ્ધિં સંપાઉણિજ્જાસિત્તિ બેમી ॥૩૨॥

તેથી મોક્ષ શોધક પુરુષે શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો કે જેથી સ્વપરને પણ સિદ્ધિ પ્રત્યે પમાડી શકાય એમ હું કહું છું.

□

## બારમું અધ્યયન હરિકેશીય નામનું

મથુરા નગરીમાં શંખ નામે વિષયસુખથી વિરક્ત રાજા હતો. તે એક વખતે સ્થવીરોની સમીપે નીકળ્યા. કાળક્રમે દીક્ષાપૂર્વક સંયમી થયા. પૃથ્વીમંડળમાં પરિભ્રમણ કરતાં હસ્તિનાપુરમાં આવી ચઢયા જ્યાં ભિક્ષા માટે ગામમાં પેસે છે ત્યાં એક અતિ ઉનો માર્ગ હતો કે જેના પર ઉષ્ણકાળમાં કોઈથી ચાલી ન શકાતું. તેથી તે માર્ગનું હુતવહ એવું નામ પડી ગયું હતું, તે મુનિએ પાસેના ગોખમાં બેઠેલા એક સોમદેવ નામે પુરોહિતને પૂછ્યું કે કેમ આ પાગે જાઉં ? પુરોહિતે વિચાર્યું કે જો આ સાધુ આ હુતવહ માર્ગે જાય તો તેના પગ બળે ત્યારે એ તરફરાટ જોવાનો મારો કૌતુક-મનોરથ પૂરો થાય. આથી તેણે તે સાધુને એ જ માર્ગ

ચિંધ્યો. ઈર્યાસમિતિના ઉપયોગે મુનિ એ જ માર્ગે જવાને પ્રવૃત્ત થયા. લબ્ધીના પાત્રભૂત તે મુનિના પાદપ્રભાવથી તેવો અગ્નિસદૃશ માર્ગ પણ શાંત થઈ ગયો. તે માર્ગમાં ધીરેધીરે ચાલ્યા જતા મુનિને જોઈ તે પુરોહિતે પોતાના નિવાસનાં ગોખમાંથી હેઠે ઉતરી પોતાના બેય પગ વતી તે માર્ગનો સ્પર્શ કર્યો. ત્યાં તો બરફ જેવો શીતળ માર્ગ જાણ્યો. તે સમજ્યો કે મુનિના પાદનું જ આ મહાત્મ્ય છે ત્યારે તેણે એમ વિચાર્યું કે અરે! પાપકર્મ કરનાર બની મેં આ પુણ્યાત્મા સાધુને કેવો માર્ગ દેખાડયો? પણ આના પાદસ્પર્શથી જ આ માર્ગના તાપની ઉપશાંતિ થઈ. તેથી જો હું આનો શિષ્ય થાઉં તો મારા આ પાપનું પ્રાયશ્ચિત થાય. આમ વિચારીને તેણે મુનિની આગળ પોતાનું પાપ પ્રકાશિત કર્યું, અને તેના પગમાં પ્રણામ કર્યા. મુનિએ પણ તેને સારી રીતે ધર્મ પ્રકાશિત કર્યો. તે ઉપરથી તે સોમદેવ પુરોહિતને સંવેગ ઉત્પન્ન થતાં તે મુનિની પાસે જ દીક્ષા ગ્રહણ કરી. હવે એ સોમદેવ સાધુ ચારિત્ર તો વિશેષરૂપે પાળવા લાગ્યા પણ હું બ્રાહ્મણ હોવાથી ઉત્તમ જાતિ છું આવો મદ ધારણ કરતા. એમ વિચારવાથી નીચ જાતિ મળે છે. ગુણો વડે ઉત્તમતા છે પણ જાતિયભાવથી નથી. ક્ષીરસાગરમાંથી ઉત્પન્ન થએલ કાળકુટ વિષ શું ઉત્તમ ગણાશે? પરંતુ રેશમ કીડામાંથી, સુવર્ણ પાષાણમાંથી, દુર્વાગાયોના રૂવાડામાંથી, પદ્મ કાદવમાંથી, ચંદ્ર સમુદ્રમાંથી, ઈંદિવર છાણમાંથી, અગ્નિકાષ્ટમાંથી મણિ સર્પફણામાંથી, રોચના ગાયના પિત્તમાંથી ઉત્પન્ન થએલ છતાં પોતાના ગુણોને લીધે લોકમાં મોટા મૂલ્યને પામ્યાં છે તો પછી જન્મથી

શું થવાનું હતું. જાતિમદથી ગર્વિષ્ઠ થએલ સોમદેવ મુનિ કેટલોક કાળ સંયમ પાળી કાળ કરી દેવ થયો.

ત્યાંથી ચ્યવી ગંગા તીરે હરિકેશના અધિપ બળકોષ્ટ નામના ચાંડાળની ભાર્યા ગૌરીના ઉદરથી પુત્રરૂપે ઉત્પન્ન થયો. ગૌરીએ સ્વપ્નમાં આમ્ર વૃક્ષ બહુફળવાળો દીઠો. સ્વપ્ન પાઠકોને પૂછતાં તેઓએ કહ્યું કે તમારો પુત્ર પ્રધાનપુરૂષ થશે. તે બાળક સૌભાગ્ય રૂપહીન હોવાને લીધે બાંધવોનો પણ હાસ્યપાત્ર બન્યો. તેનું બળ એવું નામ લોકમાં પ્રસિદ્ધ થયું. ઉંમરલાયક થતાં સર્વને ક્લેશ આપનાર હોવાથી સર્વેને ઉદ્વેગ કરનાર બન્યો. એક સમયે વસંતોત્સવ પ્રાપ્ત થતાં ચાંડાળોના કુટુંબો વિવિધ ખાનપાન કરવા નગરની બહાર ભેળાં મળ્યાં ત્યાં તે બળ નામના બાળકને બીજા બાળકો સાથે ક્લેશ કરતો જોઈ નાતના વૃદ્ધોએ કાઢી મુકયો. દૂર રહ્યો રહ્યો તે ક્રિડા વિલાસ કરતા બીજા બાળકોને જુએ છે. પણ એ બાળકો પાસે આવી શકતો નથી. તેવામાં ત્યાં એક સર્પ નીકળ્યો. ઝેરી સાપ જાણી ચાંડાલોએ તેને મારી નાખ્યો. ત્યાર પછી ત્યાં એક લાંબુ અળશીયું નીકળ્યું. તેને ઝેર વિનાનું જોઈ માર્યું નહિ. આ જોઈ બાળકે વિચાર્યું કે સર્વત્ર પ્રાણીઓ પોતાના જ દોષથી પરાભવ પામે છે. જો હું સર્પ જેવો ઝેરયુક્ત થાઉં તો પરાભવ પામુ. પણ અળશીયા જેવો થાઉ તો કોઈ મારે નહિ. આમ વિચારતાં તે બાળકને પૂર્વજન્મ યાદ આવ્યો. દેવભવમાં સુખ ભોગવ્યાં અને તેની પૂર્વના ભવમાં જાતિમદ કર્યો તેથી ચાંડાળના કુળમાં ઉત્પન્ન થયો. આ પ્રમાણે વૈરાગ્ય થતાં તેણે દીક્ષા લીધી.

તે શુદ્ધ ક્રિયા પાળતો અને છઠ્ઠ અઠ્ઠમાદિ તપ કરતો વિહાર કરી વારાણશી નગરે આવ્યો. ત્યાં તિંદુક વનમાં મંડિક યક્ષના પ્રાસાદમાં રહી માસખમણાદિ તપ કરવા લાગ્યો. તેના ગુણથી પ્રસન્ન થએલો યક્ષ તેની સેવા કરતો હતો. તેવામાં ત્યાં બીજો યક્ષ મહેમાન તરીકે આવ્યો. તેણે મંડીક યક્ષને કહ્યું કે કેમ? તમે મારા વનમાં આવતા નથી. તેણે કહ્યું કે હું અહીં રહેલા મુનિની સેવા કરું છું. તેના ગુણોથી પ્રસન્ન થએલો હું બીજે જવા ઇચ્છતો નથી. આ સાંભળી બીજો યક્ષ પણ તેનો સેવક થયો. પછી તેણે મંડીક યક્ષને કહ્યું કે આના જેવા મુનિઓ મારાં વનમાં પણ છે. ત્યાં જઈ આજે તેની સેવા કરીએ. બંને જણા ત્યાં ગયા. પણ તે મુનિઓને પ્રમાદી જોઈ. પાછા તિંદુકવનમાં આવ્યા અને હરિકેશી બળમુનિની સેવા કરવા લાગ્યા. એક વખતે તે યક્ષના સ્થાનમાં ભદ્રા નામે કૌશલીક રાજાની પુત્રી પૂજા સામગ્રી લઈ દાસીઓ સાથે આવી. યક્ષની પૂજા કરી પ્રદક્ષિણા દેવા લાગી ત્યારે ત્યાં રહેલા મુનિને મેલા વસ્ત્રવાળા અને તપથી કૃશ થએલા કુરૂપી જોઈ તેના પર થુંકી. મુનિના ભક્ત યક્ષે તે રાજકુમારીને શિક્ષા કરવા તેના શરીરમાં પ્રવેશ કરી જેમતેમ બોલવા લાગ્યો એટલે દાસીઓએ તેને વળગાડ થયું જાણી રાજગૃહમા પહોંચાડી. રાજાએ માંત્રીકો નૈવેદ્યોને બોલાવી અનેક ઉપાયો કર્યા. પણ તેનામાં કંઈ ફેર પડયો નહિ. પછી તેના શરીરમાં પેઠેલા યક્ષે કહ્યું કે આ કન્યાએ મારા સ્થાનમાં રહેલા સંયમી મુનિની નિંદા કરી છે તો તે સંયમીનું પાણિગ્રહણ કરે તો હું તેના શરીરમાંથી નીકળીશ. નહિતર તેને છોડીશ

નહિ. રાજાએ વિચાર્યું કે ઋષિ પત્નિ થઈને પણ જીવતી રહે તો સારૂં એમ વિચારી યક્ષના કહેવા મુજબ સ્વીકાર્યું તેથી તે કન્યા સારી થઈ ગઈ. પછી રાજા કન્યાને વસ્રાલંકારથી વિભૂષિત કરી વિવાહનાં સાધનો લઈ યક્ષને સ્થાને મોકલી. તે કન્યાએ મુનિને પગે પડી વિજ્ઞપ્તિ કરી કે મારું પાણિગ્રહણ કરો. મુનિએ કહ્યું હે ભદ્રે ! આવી વાત ન કર. જ્યાં સ્ત્રી રહેતી હોય તેવા સ્થાને પણ સાધુ રહે નહિ તો લગ્ન તો કરે જ કેમ ? સ્રીનો સ્પર્શ પણ થઈ જાય તો મોટું પ્રાયશ્ચિત કરવું પડે. માટે અહિંથી જા.

પેલા યક્ષે તે મુનિનું શરીર અદૃશ્ય કરી તેના જેવું બીજું રૂપ કરી તે રાજકન્યાનું પાણિગ્રહણ કર્યું. એક રાત્રી રાખી તે યક્ષ જતો રહ્યો. મુનિએ તે રાજકન્યાને જોઈ કહ્યું કે હે ભદ્ર ! તું મારાથી છેટે રહે. હું સંયમી છું. મેં તારો હાથ ઝાલ્યો નથી પણ મારા ભક્ત યક્ષે તને છેતરી છે. રાજપુત્રીએ સ્વપ્નતુલ્ય માની લીધું પછી ઘેર આવી રાજાને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. આ વખતે પાસે બેઠેલા રૂદ્રદેવ નામે પુરોહિતે કહ્યું કે હે રાજન ! આ ઋષિ પત્નિ થઈ હવે તેને મુકી દીધી તો બ્રાહ્મણને જ આપી શકાય. આ સાંભળી રાજાએ તે પુત્રી તે પુરોહિતને જ આપી દીધી. પુરોહિતે તેણીની સાથે સુખનો અનુભવ કરતો કેટલોક કાળ વિતાવ્યો. એક વખત તેને યક્ષ પત્નિ કરવા પુરોહિતે યજ્ઞ આદર્યો. તે યજ્ઞમંડપમાં દેશાંતરથી અનેક ભટ્ટો આવ્યા. તેઓને માટે ભોજનસામગ્રી એકઠી કરી આ અવસરે હરિકેશી બળ મુનિ માસખમણના પારણે ગોચરી

કરતા તે યજ્ઞ મંડપમાં આવ્યા. હવે પછીની કથા અધ્યયન ઉપરથી જાણવી.

સોવાગકુલસંભૂઓ, ગુણુત્તરધરો મુણી ।
હરિએસબલો નામ, આસિ ભિક્ખૂ જિઇંદિઓ ॥ ૧ ॥

ચાંડાલ વંશમાં ઉત્પન્ન થએલ છતાં ગુણીષ્ટ જિન આજ્ઞાપાલક તથા જિતેન્દ્રિય હરિકેશીબળ નામે સાધુ થયા.

ઇરિએસણભાસાએ, ઉચ્ચારસમિતીસુ ય ।
જઓ આણાઆભિકખેવે, સંજઓ સુસમાહિઓ ॥ ૨ ॥

ઈર્યા–ભાષા–એષણા અને ઉચ્ચાર સમિતિને વિષે તથા આદાન ગ્રહણ કરવાને વિષે યતનાવાળા તથા સંયમયુક્ત સમાધિવંત એવા તે મુનિ હતા.

મણગુત્તો, વયગુત્તો, કાયગુત્તો જિઇંદિઓ ।
ભિક્ખટઠા બંભઇજ્જમ્મિ, જન્નવાડમુવિટ્ઠિઓ ॥ ૩ ॥

મનગુપ્તિ વચનગુપ્તિ ને કાયગુપ્તિવાળા જિતેન્દ્રિય એવા તે મુનિ ભીક્ષાને માટે બ્રહ્મપૂજન કરવા આવે છે. એવા યજ્ઞના પાડામાં આવી ઉભા.

તં પાસિઊણં એજ્જંતં, તવેણ પરિસોસિયં ।
પંતોવહિઉવગરણં, ઉવહસંતિ અણારિયા ॥ ૪ ॥

તપ વડે કશાયેલા ઓપગ્રહિક જેની પાસે છે એવા તે મુનિને આવતા જોઈને આચાર્યો હસવા લાગ્યા

જાઈમયપડિત્થદ્ધા, હિંસગા અજિઇંદિયા ।
અબંભચારિણો બાલા, ઈમં વયણમબ્બવી ॥ ૫ ॥

તે બ્રાહ્મણો વિવેકહિન આવું વચન બોલ્યા (જાતિમદથી ગર્વિત થએલા હિંસક તથા ઇન્દ્રિયોને વશ નહિ રાખનારા તેથી બ્રહ્મચર્ય નહિ સેવનારા તેઓ હતા.)

કયરે આગચ્છઈ દિત્તરુવે, કાલે વિગસસે ફોક્કનાસે ।
ઓમચેલએ પંસુપિસાયભૂએ, સંકરદૂસં પરિહરીઅ કંઠે ॥ ૬॥

બીભત્સરૂપવાળો, તથા શ્યામ વિકરાળ તથા ચીબો તથા જુનાં ફાટલાં વસ્ત્રવાળો ધુળથી આખું શરીર ખરડાએલુ હોવાથી પિશાચ જેવો આ કોણ ઉકરડા ઉપર નાખી દીધેલ શંકર દુષ્ય ગળે વળગાડીને અત્રે આવે છે?

કયરે તુમં ઇય અદંસણિજ્જે, કાએ વ આસાઈહમાગઓ સિ ।
ઓમચેલગા પંસુપિસાયભૂયા, ગચ્છ કખલાહિ કિમિહં ઠિઓ સિ ॥ ૭ ॥

આ પ્રમાણે આંખને ગમે નહિ તેવો, તું કોણ છે? કઈ આશાથી આ યજ્ઞમાં આવ્યો છે. ગંદાવસ્ત્રાદિ ભૂત જેવા સાધુ અહિંથી જા. મોઢું ન દેખાડ કેમ અહિં ઉભો છું.

જક્ખો તહિં તિંદુગરુક્ખવાસી, અણુકંપઓ તસ્સ મહામુણિસ્સ ।
પચ્છાયઇત્તા નિઅયં સરીરં, ઇમાઇ વયણાઈ મુદાહરિત્થા ॥૮॥

તે વખતે તિંદુકવૃક્ષાધિપ યક્ષ પોતાના તે મહામુનિનો સેવક પોતાના શરીરને સંતાડીને આ વચનો બોલ્યો.

સમણો અહં સંજઓ બંભયારી,
વિરઓ ધણપયણપરિગ્ગહાઓ ।
પરપ્પવિત્તસ્સ ઉ ભિકખકાલે,
અન્નસ્સ અટ્ઠા ઇહમાગઓમ્હિ ॥ ૯ ॥

હું શ્રમણ તપસ્વી સંવર બ્રહ્મચારી છું. ધનાદિ પરિગ્રહથી વિરકત ભીક્ષા અવસરે પરના માટે પંકાએલા અન્નાર્થે અહિં યજ્ઞ પાઠકને વિષે આવ્યો છું.

વિઅરિજ્જઇ ખજ્જઇ ભુજ્જઈઅ, અન્નં પભૂઅં ભવયાણમેયં
જાણાહ મે જાયણજીવિણો ત્તિ, સેસાવસેસં લહઉ તવસ્સી ॥૧૦

તમારૂં આ દેખાતું ઘણું અન્ન અન્યને આપવામાં આવે છે તથા ખાજા વગેરે ખવાય છે. દાળ ભાત આદિ ઘી નાખીને જમાય છે. અહિં કોઇ વસ્તુની ન્યુનતા નથી. તો પછી ભીક્ષા ઉપર જીવવાવાળા મારા જેવો તપસ્વી પણ શેષમાંથી પણ વધેલું પ્રાંત આહાર ભલે પામે.

ઉવકખંડ ભોયણ, માહણાણં, અત્તઠિઠયં સિદ્ધમિહેગપરિયકખ
ન હુ વયં એરિસમન્નપાણં,
દાહામુ તુબ્ભં કિમિહં ઠિઓ સિ ॥ ૧૧ ॥

બ્રાહ્મણોનું પોતાના માટે જ થએલું સંસ્કાર કરેલું ભોજન અહીં. સિદ્ધ થયું છે તે એક પક્ષે બ્રાહ્મણો માટે જ છે. આવી જાતનું અન્ન પાણી અમે તને નહિ જ આપીએ કેમ અહીં ઉભો રહ્યો છું.

થલેસુ બીયાઇ વંવતિ કાસગા, તહેવ નિન્નેસુ ય આસસાએ।
એયાએ સદ્ધાએ દલાહિ મજ્ઝં,
આરાહએ પુણ્ણમિણં ખુ ખિત્તં ॥ ૧૨ ॥

ખેડુત લોકો ધાન્ય બીજને ઉંચી ભૂમિને વિષે તેમજ નીચી ભૂમિને વિષે આશાએ કરીને વાવે છે માટે આવા

શ્રાદ્ધ વડે કરીને મને આપો, આ હું પુણ્ય ક્ષેત્ર રૂપ છું તો નિશ્ચે મને આરાધો

ખેત્તાણિ અમ્હં વિઇયાણિ લોએ,
જહિં પકિણ્ણા વિરુહંતિ પુણ્ણા ।
જે માહણા જાઇવિજ્જોવવેયા, તાઇં તુ ખિત્તાઇં સુપેસલાઇં ॥૧૩॥

અમે લોકોએ ક્ષેત્રો જાણેલા છે જે ક્ષેત્રોમાં આપેલા બીજ પરિપૂર્ણ ઉગે છે. કારણ કે જે બ્રાહ્મણો જાતિ વિદ્યા સંપન્ન છે તેઓ જ ઉત્તમ ક્ષેત્ર છે.

કોહો ય માણો ય વહો ય જેસિં, મોસં અદત્તં ચ પરિગ્ગહો ય ।
તે માહણા જાઇવિજ્જાવિહીણા,
તાઇં તુ ખિત્તાઇં સુપાવગાઇં ॥ ૧૪ ॥

જેઓને ક્રોધ માન આદિ છે તથા હિંસા મૃષાવાદ, ચોરી, પરિગ્રહ ગોભૂમિ આદિ સ્વિકારે છે તેવા બ્રાહ્મણો જાતિ અને વિદ્યા એ બન્નેથી રહિત છે.

તુબ્ભેત્થ ભો ભારધરા ગિરાણં,
અટ્ઠ ન જાણાહ અહિજ્જ વેએ ।
ઉચ્ચાવયાઇં મુણિણો ચરંતિ,
તાઇં તુ ખેત્તાઇં સુપેસલાઇં ॥ ૧૫ ॥

હે ! બ્રાહ્મણો આ જગતમાં તમો ભાવ વાણીના ભારને ધારણ કરનારા છો કારણકે વેદ વિદ્યાને ભણીને પણ તેનો અર્થ તમે જાણતા નથી. ઉત્તમ ક્ષેત્ર કયું ? મુનિઓ ભેદ-ભાવ વિના ભિક્ષા માટે અટન કરે છે. તેથી તેઓ જ ઉત્તમ ક્ષેત્રો છે.

અજ્ઝાવયાણું પડિકૂલભાસી,
પભાસસે કિં તુ સગાસિ અમ્હં ।
અવિ એયં વિણસ્સઉ અન્નપાણું,
ન ય ણું દાહામુ તુમં નિયંઠા ॥ ૧૬ ॥

અમારા ઉપાધ્યાયથી પ્રતિકુળ પાલનારો એવો તુ અમારી સમક્ષ કેમ આવું અસંબંધ અપ્રત્યક્ષ બોલે છે માટે અન્ન પાણી ભલે વિનાશ પામે હે નિર્ગ્રંથા ! તને નહિ જ આપીએ હવે યક્ષ કહે છે.

સમિતીહિ મજ્ઝં સુસમાહિયસ્સ,
ગુત્તીહિ ગુત્તસ્સ જિઇંદિયસ્સ ।
જઇ મે ન દાહિત્થ અહેસણિજ્જ,
કિમિત્થ અન્નાણ લહિસ્થ લાભં ॥ ૧૭ ॥

મને પાંચ સમિતિ વડે સારી સમાધિવાળા ત્રણ ગુપ્તિ વડે ગુપ્ત જિતેન્દ્રિય એવા ને જો વિશુદ્ધ એવો આહાર નહિ આપો તો આજે યજ્ઞોનો લાભ શું પામશો ? હવે ઉપાધ્યાય જવાબ આપે છે.

કે એત્થ ખત્તા ઉવજોઈયા વા,
મજ્ઝાવયા વા સહ ખંડિએહિં ।
એયં તુ દંડેણ ફલેણ હંતા,
કંઠમ્મિ ઘેત્તૂણ ખલેજ્જ ત્તો ણં ॥ ૧૮ ॥

અહિં કયા ક્ષત્રીયો છે ? અથવા રાંધવાનું કામ કરનાર કોણ છે ? અથવા વિદ્યાર્થીઓ સહિત અધ્યાપકો કોણ છે ? જે કોઈ હોય તે આ સાધુને લાકડીથી ગોલાં આદિક ફળથી

મારીને ગળેથી પકડીને તેને સ્ખલના પમાડો. આ યજ્ઞ વાડમાંથી બહાર કાઢો.

અજ્ઝાવયાણં વયણં સુણેત્તા, ઉદ્ધાઇયા તત્થ બહૂ કુમારા ।
દંડેહિ વિત્તેહિ કસેહિ ચેવ, સમાગયા તં ઇસિતાડયંતિ ॥ ૧૯ ॥

ઉપાધ્યાયનું વચન સાંભળીને ઘણા કુમારો ત્યાં દોડયા અને એકત્ર થયા એમ ધારી તુરત તે ઋષીને લાકડીઓ વડે નેતરની સોટીથી ચાબુક વડે તાડન કરવા લાગ્યા.

રન્નો તહિં કોસલિયસ્સ ધૂયા, ભદ્દ ત્તિ નામેણ અણિંદિયંગી ।
તં પાસિયા સંજય હમ્મમાણં, કુદ્ધે કુમારે પરિનિવ્વવેઈ ॥ ૨૦॥

ત્યાં કૌશલિક રાજાની પુત્રી ભદ્રા તે સાધુને કુમારો વડે વિડંબના કરાતા જોઈને ક્રોધી કુમારોને ઉપશાંત કરવા લાગી. સાધુ સંયમ સ્થાનમાં સ્થિત છે, અને જેનાં અંગ સુંદર ને શોભાયમાન છે એવી ભદ્રા બોલી.

દેવાભિઓગેણ નિઓઇએણં, દિન્ના મુ રન્ના મણસા ન ઝાયા ।
નરિંદદેવિંદભિવંદિએણં,
જેણામિ હિ વંતા ઇસિણા સ એસો ॥ ૨૧ ॥

યક્ષના અભિયોગ વડે પ્રેરાએલા એવા મારા પિતાએ મને એ સાધુને આપી હતી. તેમણે મનથી પણ ઇચ્છા કરી નહિ. નરેન્દ્ર ને દેવેન્દ્રોથી વંદન કરાએલા એવા જે આ ઋષીએ ત્યાગ કરેલી હું છું તે જ આ મુનિ છે.

એસો હુ સો ઉગ્ગતવો મહપ્પા,
જિતિંદિઓ સંજઓ બંભયારી ।

જો સે તયા નેચ્છઇ દિજ્જમાણિં,
પિઉણા સયં કોસલિએણ રન્ના ॥ ૨૨ ॥

મારા પિતા કૌશલીક રાજાએ પોતે જ દેવાતી એવી મને તે વખતે જે મુનિ નહિ ઈચ્છતા તેજ આ ઉગ્ર તપવાળા મહાત્મા જિતેન્દ્રિય સંયમી અને બ્રહ્મચારી છે.

મહાજસો એસ મહાણુભાવો, ઘોરવ્વઓ ઘોરપરક્કમો ય ।
મા એયં હીલેહ અહીલણિજ્જં,
મા સવ્વે તેએણ ભે નિદ્દહેજ્જા ॥ ૨૩ ॥

આ મહામુનિ મહાયશવાળા છે. મહાનુભાવ છે. ઘોર તપસ્વી છે. મહાપરાક્રમી છે. હેલના નહિ કરવાને લાયક આ મુનિની હેલના તમે ન કરો. તમને સર્વેને પોતાના તેજ વડે ન બાળે.

એયાઇ તીસે વયણાઇ સોચ્ચા, પત્તીઇ ભદ્દાઇ સુહાસિયાઇં ।
ઇસિસ્સ વેયાવડિયટ્ઠયાએ,
જક્ખા કુમારે વિણિવારયંતિ ॥ ૨૪ ॥

રૂદ્રદેવની પત્નિ તે ભદ્રાના ઉપરોક્ત કહ્યાં તે સારાં વચનોને સાંભળીને ઋષીની વૈયાવચ્ચ માટે યક્ષો તે છાત્રોને નિવારે છે.

તે ઘોરરૂવા ઠિય અંતલિક્ખેઽસુરા તહિં તં જણ તાલયંતિ ।
તે ભિન્નદેહે રુહિરં વમંતે, પાસિત્તુ ભદ્દા ઇણમાહુ ભુજ્જો
॥ ૨૫ ॥

ઘોર રૂપવાળા તથા આકાશમાં રહેલા તથા રાક્ષસ જેવા તે યક્ષો તે છાત્રોને મારે છે. પછી ભેદેલાં અંગવાળા રૂધીરને વમતા એવા છાત્રોને જોઈને ભદ્રા ફરીવાર આ પ્રમાણે બોલી.

ગિરિં નહેહિં ખણહ, અયં દંતેહિં ખાયહ ।
જાયતેઅ પાએહિ હણહ, જે ભિકખું અવમન્નહ ॥ ૨૬ ॥

જે તમે આ ભિક્ષુની અવધારણા કરો છો. તે પર્વતને નખ વડે ખોદવા જેવું અને લોઢાને દાંત વડે ચાવવા જેવું કરો છો. અગ્નિને પગ વડે હણવા જેવું કરો છો.

આસીવિસો ઉગ્ગતવો મહેસી, ઘોરવ્વઓ ઘોરપરક્કમો ય ।
અગણિં વ પકખંદ પયંગસેણા, જે ભિકખુયં ભક્તકાલે
વહેહ ॥ ૨૭ ॥

હે મૂર્ખો ! આ તપસ્વી શાપ દેવા સમર્થ છે. આશીવિષ સર્પ જેવા છે, ઉગ્ર તપવાળા છે. ઘોર વ્રત અને ઘોર પરાક્રમવાળા છે. તમે જે ભોજન કાળે આ મુનિને લાકડી વડે તાડન કરો છો ને તમે પતંગનાં ટોળાં જેમ અગ્નિને આક્રમણ કરીને મારે છો તેમ તમે પણ મરી જશો.

સીસેણ એયં સરણં ઉવેહ, સમાગયા સવ્વજણેણ તુબ્ભે ।
જઇ ઇચ્છહ જીવિયં વા ધણં વા લોગં પિ એસો કુવિઓ
ડહેજ્જા ॥ ૨૮ ॥

તમે જો જીવીત અને ધનને ઇચ્છતા હો તો સર્વ જનોની સાથે એકત્ર થયા થકા મસ્તક નમાવો. આ મહર્ષીનું શરણ અંગીકાર કરો, આ મહર્ષિ કોપ પામ્યા થકા આખા જગતને પણ બાળી નાખે.

અવહેડિય પિટ્ઠિસઉત્તમંગે, પસારિયા બાહુ અકમ્મચેટ્ઠે ।
નિજ્ઝેરિયચ્છે રુહિરં વમંતે, ઉદ્ધંમુહે નિગ્ગયજીહનેત્તે ॥૨૯॥

**તે પાસિયા ખંડિયકટ્ઠભૂએ,**
**વિમણો વિસણ્ણો અહ માહણો સો ।**
**ઇસિં પસાએઇ સમારિયાઓ, હીલં ચ નિંદં ચ ખમાહ**
**ભંતે ॥ ૩૦ ॥**

પીઠ સુધી નમેલા મસ્તકો, પહોળા હાથ તથા ફાટી ગયાં છે નેત્ર જેમનાં, રૂધિરનું વમન કરે છે તથા ઉંચા મુખવાળા બહાર નીકળેલ જીભ તથા આંખ જેમના કાષ્ટ જેવા તે છાત્રોને જોઈને ત્યાર પછી વ્યાકુળ ચિત્તવાળો થએલો, વિષાદ પામેલો, તે બ્રાહ્મણ પોતાની ભાર્યા સહિત ઋષીને પ્રસન્ન કરવા માટે કહેવા લાગ્યા કે હે ભગવન્! અવજ્ઞા કરી તમારી નિંદા કરી તેને તમે ક્ષમા કરો.

**બાલેહિ મૂઢેહિ અયાણએહિં,**
**જં હીલિયા તસ્સ ખમાહ ભંતે ।**
**મહપ્પસાયા ઇસિણો હવંતિ,ન હુ મુણી કોવપરા હવંતિ ॥૩૧॥**

હે ભગવન્! મૂઢ અજ્ઞાની આ બાળકોએ જે તમારી હિલના કરી તે ક્ષમા કરો કારણકે ઋષીઓ મહા પ્રસાદવાળા હોય છે. પણ કોપયુક્ત હોતા નથી.

**પુવ્વિં ચ ઇણ્હિં ચ અણાગયં ચ, મણપ્પદોસો ન અત્થિ કોઈ ।**
**જક્ખા હુ વેયાવડિયં કરેંતિ,**
**તમ્હા હુ એએ નિહયા કુમારા ॥ ૩૨ ॥**

પહેલા, હમણાં કે ભવિષ્યમાં મારે મનનો પ્રદ્વેષ તેમની ઉપર નથી જે કારણ માટે યક્ષો અમારી વૈયાવચ્ચ કરે છે. તે કારણથી આ કુમારો હણાયા છે.

અત્થં ચ ધમ્મં ચ વિયાણમાણા,
તુબ્ભે ન વિ કુપ્પહ ભૂઇપન્ના ।
તુબ્ભં તુ પાએ સરણં ઉવેમો,
સમાગયા સવ્વજણેણ અમ્હે ॥ ૩૩ ॥

શાસ્ત્રોના અર્થને જાણનારા તમે કદી પણ કોપ ન જ કરો. સર્વ પરિવાર સાથે એકત્ર થઈને આવેલા અમે તમારા પગનું શરણ અંગીકાર કરીએ છીએ.

અચ્ચેમુ તે મહાભાગ, ન તે કિંચિ ન અચ્ચિમો ।
ભુંજાહિ સાલિમં કૂરં, નાણાવંજણસંજુયં ॥ ૩૪ ॥

હે મહાભાગી ! તમારી અમે પુજા કરીએ છીએ. તમારા પગની રજ પણ નહિ પુજીએ એમ નથી. દહીંથી યુકત એવા શાલીમય ઓદનને અહિંથી ગ્રહણ કરી તમે જમો. તમે દેવોને પણ પૂજય છો.

ઇમં ચ મે અત્થિ પભૂયમન્નં,
તં ભુંજસૂ અમ્હ અણુગ્ગહટ્ઠા ।
બાઢં તિ પડિચ્છઇ ભત્તમાણં,
માસસ્સ ઊ પારણએ મહપ્પા ॥ ૩૫ ॥

વળી આ દેખાતું મારૂં પુષ્કળ અન્ન છે તે અમારા અનુગ્રહને માટે આપ ગ્રહો, ત્યારે બહુ સારૂ એ પ્રમાણે બોલતા તે મહાત્મા એ માસખમણના પારણે ભાતપાણી ગ્રહણ કર્યાં.

તહિયં ગંધોદયપુપ્ફવાસં, દિવ્વા તહિં વસુહારા ય બુટ્ઠા ।
પહયાઓ દુંદુહીઓ સુરેહિં,
આગાસે અહો દાણં ચ ઘુટ્ઠં ॥ ૩૬ ॥

તે યજ્ઞ વાટકને વિષે આકાશમાં રહેલા દેવોએ ગંધોદક પુષ્પવૃષ્ટિ કરી તથા ત્યાં દીવ્ય વસુધારા વરસાવી તથા દેવદુંદુંભીઓ વગાડી અહોદાન અહોદાન એ પ્રમાણે ઘોષણા કરી.

સક્ખં ખુ દીસઇ તવોવિસેસો, ન દીસઈ જાઈવિસેસ કોઈ।
સોવાગપુત્તં હરિએસસાહું, જસ્સેરિસા ઇડ્ઢિમહાણુભાગા
॥ ૩૭ ॥

તપનું મહાત્મ્ય સાક્ષાત દેખાય છે—કાંઈપણ જાતિનું વિશેષપણું દેખાતું નથી. આ ચાંડાળ પુત્ર હરિકેશ સાધુને જુઓ જેની આવી મોટા ભાગ્યવાળી સમૃદ્ધિ છે.

કિં માહણા જોઈસમારભંતા, ઉદએણ સોહિં બહિયા વિમગ્ગહ ।
જં મગ્ગહા વાહિરિયં વિસોહિં,
ન તં સુદિટ્ઠં કુસલા વયંતિ ॥ ૩૮ ॥

બ્રાહ્મણો અગ્નિનો આરંભ કરતા સતા જળ વડે બહારની શુદ્ધિને તમે કેમ શોધો છો કારણ જે બહારની વિશુદ્ધીને તમે શોધો છો તેને પંડિત પુરૂષો સારૂ જોયેલું કહેતા નથી. મનોમલનો ત્યાગ એ સ્નાન છે. ઇન્દ્રિયોનો નિરોધ તે યાગ છે. અભેદદર્શન એ જ જ્ઞાન અને મનને નિર્વિષય કરાય એ જ ખરૂં ધ્યાન છે.

કુસં ચ જૂવં તણકટ્ઠમગ્ગિં, સાયં ચ પાયં ઉદગં ફુસંતા ।
પાણાઇ ભૂયાઇ વિહેડયંતા, ભુજ્જો વિ મંદા પગરેહ પાવં
॥ ૩૯ ॥

દર્ભ તથા યજ્ઞસ્થંભ, તૃણ તથા અગ્નિ વળી સાયંકાળે અને પ્રભાતે જળ તથા વનસ્પતિકાયને વિવિધ પ્રકારે પીડા કરતા તમે બ્રાહ્મણો ફરીને પણ મંદ પાપ કર્મને કરો છો. હવે બ્રાહ્મણો ધર્મ પુછવા લાગ્યા.

કહં ચ રે ભિક્ખુ વયં જયામો, પાવાઇ કમ્માઇ પુણોલ્લયામો ।
અક્ખાહિ નો સંજય જક્ખપૂઇયા,
કહં સુજટ્ઠં કુસલા વયંતિ ॥ ૪૦ ॥

હે ભિક્ષુ ! અમે કેવી રીતે યજ્ઞ માટે પ્રવતીએ કે જેના વડે અશુભ એવાં કર્મોને દૂર કરીએ ? હે સંયત્ હે યક્ષો વડે પુજિત, અમને તમે કહો તત્ત્વજ્ઞાનીઓ કોને સારો યજ્ઞ કહે છે.

છજ્જીવકાએ અસમારભંતા, મોસં અદત્તં ચ અસેવમાણા ।
પરિગ્ગહં ઇત્થિઓ માણમાયં, એયં પરિન્નાય ચરંતિ દંતા ॥ ૪૧ ॥

છ કાયનો આરંભ નહિ કરતા તથા મૃષાવાદ અદત્તાદાને નહિ સેવતા તથા પરિગ્રહ, સ્ત્રીઓ, માન માયા એ સર્વજ્ઞ પરિજ્ઞ વડે કરીને દમનારા પ્રવર્તે છે. હવે કેમ યજન કરીએ, એ પૂછે છે.

સુસંવુડો પંચહિં સંવરેહિં, ઇહ જીવિયં અણવકંખમાણો ।
વોસટ્ઠકાઓ સુઇચત્તદેહો, મહાજયં જયતિ જન્નસિટ્ઠં ॥ ૪૨ ॥

પાંચ સંવર વડે સારી રીતે સંવૃત તથા આ ભવને વિષે જીવીત ને નહિ ઇચ્છતા પરિષહો સહન કરતા તજી

દીધા છે તથા શુચિ રહિત ત્યકત દેહ જેણે કર્મરૂપ અરિનો જેમાં વિનાશ થાય તેવા મોટા જયને પામે છે. આવા સાધુઓ સમ્યક્ પ્રકારે ઈષ્ટે યજ્ઞ કરે છે. તમે પણ તે પ્રકારે કરો. યજમાનનાં ઉપકરણો કયા તે પુછે છે.

કે તે જોઇ કે વ તે જોઈઠાણે, કા તે સુયા કિં વ તે કારિસંગં ।
એહા ય તે કયરા સંતિ ભિક્ખૂ,
કયરેણ હોમેણ હુણાસિ જોઇં ॥ ૪૩ ॥

તમારૂં જ્યોતિ કયું? જ્યોતિ સ્થાન કયું, તમારી સુચા કઇ તથા તમારાં અડાયા કયાં, તથા તમારા કાષ્ટ કયાં હે ભિક્ષો? કયા હોમ વડે કરી તમે જ્યોતિ અગ્નિમાં હોમ કરો છો?

તવો જોઈ જીવો જોઇઠાણં, જોગા સુયા સરીરં કારિસંગં ।
કમ્મેહા સંજમજોગસંતી, હોમં હુણામિ ઇસિણં પસત્થં ॥૪૪॥

હે બ્રાહ્મણો! અમારૂં તપ એ જ જ્યોતિ અગ્નિ છે. કર્મ રૂપ ઇંધન કાષ્ટ તે બાળે છે, જીવ એ જ જ્યોતિ સ્થાન તપનો આધાર હોવાથી અગ્નિકુંડ છે. મન વચન કાયાના યોગ એ જ સુચ હોમ કરવાનાં કાષ્ટ પાત્ર છે. મન વચન કાયાના યોગે શુભ વ્યાપાર ઘૃતરૂપ બની તપોરૂપ અગ્નિના પ્રજ્વલન હેતુ થાય છે. શરીર અડાયાં રૂપ સંધુક્ષણ છે તે શરીર વડેજ તપોરૂપ અગ્નિ પ્રગટ થાય છે. શરીરની સહાયથી જ તપ થાય. શરીર એ ધર્મનું સાધન છે. કર્મો એ જ કાષ્ટ સમીધ છે. મહા દુષ્ટ કર્મ કરવાવાળો પણ તપોનુષ્ઠાન વડે નિર્મળ થાય છે. સંયમના સત્તર

ભેદનો સંબંધ એ જ સર્વ જીવોના ઉપદ્રવોના નિવારક હોવાથી શાંતિ પાઠ સમજવા આ હોમ વડે હું અગ્નિમાં હવન કરૂં છું. મુનિજનોને યોગ્ય આવા જ યજ્ઞો કરે છે. અન્ય જન એવા યજ્ઞ કરવા સમર્થ થતા નથી. હવે બ્રાહ્મણો સ્નાન સ્વરૂપ પૂછે છે.

કે તે હરએ કે ય તે સંતિતિત્થે,
કહિં સિણાઓ વ રયં જહાસિ ।
આઇક્ખ નો સંજય જક્ખપૂઇયા,
ઇચ્છામો નાઉ ભવઓ સગાસે ॥ ૪૫ ॥

હે યક્ષ પુજિત સંયમી! તમારો પાણીનો દ્રહ કયો. તમારૂં શાન્તિ આપનારૂં તીર્થ કયું, તમે કયાં નાહીને રજ કર્મમળને ત્યજો છો. આ સઘળું મને કહી દેખાડો તમારી પાસેથી જાણવા ઇચ્છું છું.

ધમ્મે હરએ બંભે સંતિતિત્થે, અણાવિલે અત્તપસન્નલેસે ।
જહિં સિણાઓ વિમલો વિસુદ્ધો,
સુસીઇભૂઓ પજહામિ દોસં ॥ ૪૬ ॥

ધર્મ એ જ દ્રહ, બ્રહ્મચર્ય ડોળ વગરનું નિર્મળ શાન્તિ તીર્થ છે. જે આત્માની પ્રસન્ન લેશ્યાવાળા હોવાથી જેને વિષયે સ્નાન કરનારો વિમળ વિશુદ્ધ તથા સારી રીતે શોભન થએલો હું આત્માને દુષીત કરનારાં કર્મોને ત્યજું છું.

એયં સિણાણં કુસલેહિ દિટ્ઠં, મહાસિણાણં ઇસિણં પસત્થં ।
જહિં સિણાયા વિમલા વિસુદ્ધા,
મહારિસી ઉત્તમં ઠાણં પત્ત ॥ ૪૭ ॥

**આ પૂર્વોક્ત સ્નાન કુશલ પુરૂષોએ દીઠું છે. ઋષીઓએ વખાણેલું મહા સ્નાન કહેવાય. જેને વિષે ન્હાએલા વિમળ વિશુદ્ધ મહર્ષિઓ ઉત્તમસ્થાનને પ્રાપ્ત થયા છે એમ હું કહું છું.**

**ત્તિ બેમિ ॥ ઇતિ હરિએસિજ્જ ણામ,**
**બારહં અજ્ઝયણં સમત્તં ॥ ૧૨ ॥**

□

## ॥ અહ ચિત્તસંભૂઇજ્જં તેરહમં અજ્ઝયણં ॥

સાકેત નગરમાં ચંદ્રવતંસક રાજાનો પુત્ર મુનિચંદ્ર નામે હતો. તે કામભોગથી વિરક્ત થયો થકો સાગરચંદ્ર મુનિ પાસે જઈને તેણે ચારિત્ર લીધું. ગુરુની સાથે વિહાર કરતો એક ગામમાં પેઠો. માર્ગમાં સર્વ સાધુઓ ચાલ્યા. તે માર્ગમાંથી છુટો પડી ગએલ મુનિચંદ્ર જંગલમાં આવી પડયો. ત્યાં ચાર ગોવાળોએ તેને ભુખ તરસથી પીડાતો જોયો. તેઓએ તે મુનિને નિર્દોષ આહાર પાણી વહોરાવ્યાં. મુનિએ તેમને ધર્મોપદેશ આપ્યો. તે સાંભળી તે ચારે જણાએ તેમની પાસે દીક્ષા લીધી. તે સર્વે દીક્ષા પાળતા હતા. પરંતુ તેમાંના બે જણાએ દીક્ષા તો પાળી પણ મેલાં કપડાંની મનમાં જુગુપ્સા કરી, તે ચારે જણા દેવલોક ગયા. પેલા જુગુપ્સા કરનાર બે જણા દેવલોકમાંથી ચ્યવીને દશપુર નગરમાં શાંડીલ બ્રાહ્મણની યશોમતી દાસીથી જોડલા રૂપે

અવતર્યા. બાળભાવ ઓળંગી યુવાન થયા ત્યારે એક વખતે ક્ષેત્રના રક્ષણ માટે અટવીમાં ગયા. રાત્રે વનમાં ઝાડ તળે બન્ને સુતા ત્યાં વડના કોટરમાંથી નીકળેલો સર્પ એકને ડસ્યો. બીજો ઉઠી તે સર્પની શોધમાં ફરતો હતો ત્યાં તેને પણ તેજ સર્પ ડસ્યો. આ બન્ને મરણ પામી કાલીંજર પર્વતમાં મૃગલીના ઉદરથી યુગલીક મૃગ તરિકે ઉત્પન્ન થયા. કાળક્રમે માની સાથે ભમતા તે બન્નેને એક પારધીએ બાણ મારી હણ્યા. તે પછી તે બન્ને જણા ગંગાતીરે એક રાજહંસીની કુખે જન્મ પામી હંસ થયા. પોતાની માની સાથે ફરતા એ બન્નેને એક મચ્છીમારે પકડી મારી નાખ્યાં. ત્યાર પછી વારાણસી પુરીમાં મોટી સમૃદ્ધિવાળા ભૂતાદિન્ન નામે ચંડાળના પુત્ર થઈને અવતર્યા. તેઓનાં ચિત્ર અને સંભૂત નામ પાડયાં. આ બન્ને જણા પરસ્પર પ્રીતિવાળા હતા. આ સમયે વારાણસી નગરીમાં શંખ રાજા રાજ્ય કરતા હતા. તેને નમુચી નામે મંત્રી હતો. તેણે એક વખત રાજાનો અપરાધ કર્યો તેથી કોપેલા રાજાએ તે મંત્રીનો વધ કરવા ભૂતાદિન્ન ચંડાળને સોંપ્યો. ચાંડાળે તે મંત્રીને કહ્યું કે જો તમે મારા ઘરના ભોંયરામાં રહી મારા બે પુત્રોને ભણાવો તો તમને હું બચાવું. મંત્રીએ જીવવાની ખાતર આ વાત કબુલ કરી. હવે ચાંડાળનાં ઘરમાં ભોંયરામાં રહી તે ચિત્ર–સંભૂતને ભણાવવા લાગ્યો. ચંડાલણી સાથે પ્રસંગ થતાં તે નમુચી મંત્રી તેનામાં આશકત થયો. તે વાત ચંડાળના જાણવામાં આવતાં મંત્રીને મારવાનો વિચાર કર્યો.

તે વિચાર તેના પુત્રો જાણી ગયા. એટલે પોતાને ભણાવનાર ગુરુને બચાવવા તેમને ભાગી જવાનું કહ્યું. નમુચી ત્યાંથી નાસીને હસ્તિનાપુરમાં જઈ સનત્કુમાર ચક્રવર્તીનો મંત્રી થયો. પેલા બે ચાંડાળ બાળકો રૂપ લાવણ્ય સહિત મંત્રી પાસેથી ગીત નૃત્ય કળા શીખીને પ્રવીણ થયા હતા. તેઓ વારાણશી નગરીમાં આવીને પોતાની સઘળી કળાઓ દર્શાવવા લાગ્યા. તેઓની કળાથી ચમત્કાર પામેલા લોકો સ્ત્રીઓ સહિત તે બંન્નેની પાસે આવી સાંભળતાં સ્પૃશ્યાસ્પૃશ્યનું ભાન રહ્યું નહિ. એકાકાર થતાં ચાર વેદના જાણનાર બ્રાહ્મણો ભેળા થઈ રાજાને ફરીઆદ કરી કે હે રાજન! ચિત્ર અને સંભૂત નામે બે ચંડાળ બાળકોએ સર્વ નગરીમાં લોકોને એકાકાર કરી નાખ્યા. આ સાંભળી રાજાએ તે બન્ને ચંડાળોને નગરમાં પ્રવેશ કરવાની મના કરી. થોડા સમય પછી ત્યાં ફરી કૌમુદી મહોત્સવ થયો. આ વખતે પાછા બન્ને ચંડાળ બાળકો મેળામાં જવાની ઉત્સુકતામાં રાજાનો હુકમ ભુલી જઇ નગરીમાં પેઠા. સ્વચ્છ વસ્ત્ર વડે પોતાનું મુખ ઢાંકીને જોતાં જોતાં મુખમાંથી ગાયન નિકળી ગયું. તેટલામાં પાસે ઉભેલા લોકો બોલવા લાગ્યા કે આવું સુંદર ગાનાર ગાયક કોણ હશે. આમ બોલતાં તે લોકોએ તેઓના મોઢા ઉપરથી વસ્ત્ર ખસેડી મુખ જોતાં ચાંડાળના બાળકો તરીકે ઓળખ્યા. રાજાની આજ્ઞાનો ભંગ કરનાર જાણી લાકડીથી અને મુઠી વગેરેથી માર મારી બહાર કાઢી મુકયા. તેઓ બન્ને બહારના ઉદ્યાનમાં જઈ અત્યંત ખીન્ન થઈ વિચારવા લાગ્યા કે આપણા રૂપ

યૌવન સૌભાગ્ય તેમજ સર્વ કળામાં કુશળતા વગેરે ગુણો ચંડાળપણાથી દુષીત થઇ લોકોના પરાભવને પામ્યા. તેથી વૈરાગ્ય પામી પોતાના કુટુંબને પુછયા વિના દક્ષિણ દીશા તરફ ચાલી નિકળ્યા અને એક પર્વત પર ચઢી ભૃગુપાત કરવા–વિચારવા લાગ્યા. ત્યાં એક શીલા તળ પર બેઠેલા આ તાપના લેતા તપસ્વી મુનિને જોઈ હર્ષ પામી તેમની પાસે ગયા ને વંદન કરી બેઠા. મુનિએ ધર્મલાભ આપી આવવાનું કારણ પુછયું ત્યારે તેઓએ પોતાની બધી હકીકત કહી. મુનિએ કહ્યું કે તમારે દુઃખથી કંટાળી આપઘાત કરવો નહિ. પણ દુઃખના ક્ષય માટે વીતરાગ ધર્મનું ગ્રહણ કરો. મુનિના ઉપદેશથી તે બન્નેએ દીક્ષા લીધી. ભણીને ગીતાર્થ થયા તે પછી ગુરૂની આજ્ઞાથી છઠ્ઠ અઠ્ઠમથી માંડીને માસખમણાદિ તપ વડે આત્માને ભાવીત કરતા કાળાંતરે હસ્તિનાપુરના ઉદ્યાનમાં આવ્યા એક વખતે માસખમણના પારણા અર્થે સંભૂત મુનિ નગરમાં ફરે છે. તેટલામાં રાજમાર્ગ પર પડતા ગોખમાં બેઠેલા નમુચીમંત્રીએ જોઈને ઓળખ્યા. તેણે વિચાર્યું કે મેં આ ચંડાળ બાળકને ભણાવ્યા છે. તેથી તેઓ મારૂં સઘળું ચરિત્ર જાણે છે. કદાચ તેઓ લોકોની આગળ મારૂં દુષ્ચરિત્ર કહેશે તો મારી મહત્તા જશે. એટલે મુનિને માર મરાવી નગરની બહાર કાઢી મુકવા પોતાના માણસોને કહ્યું. સંભૂત મુનિને માર પડતાં કોપીત થઈ ગયા અને તેમના મુખમાંથી ધુમાડાનો જથ્થો નિકળતાં આખું નગર અંધકારમય બની ગયું. ભય તથા આશ્ચર્ય પામતા નગરના લોકો મુનિ પાસે આવી શાંત કરવા લાગ્યા. સનત્કુમાર

ચક્રવર્તિને ખબર પડતાં તેઓ પણ ત્યાં આવ્યા અને મુનિને પ્રસન્ન કરતાં બોલ્યા કે અમારા જેવા અજ્ઞાનજનોએ આપનો કંઈ પણ અપરાધ કર્યો હોય તો ક્ષમા આપી નગરજનોને જીવીતદાન આપી શાન્ત થાઓ. ફરી અપરાધ કરશું નહિ આમ ચક્રિએ કહ્યા છતાં પણ તે ઉપશાંત પામ્યા નહિ ત્યારે ઉદ્યાનમાં રહેલા ચિત્રમુનિ તેમની પાસે આવી બોલ્યા કે હે સંભૂત-મુનિ ! તમારા ક્રોધાગ્નિને શાંત કરો. શ્રમણ તો ક્ષમાના ભંડાર હોય. ક્રોધથી તમારૂં તપ નિષ્ફળ થઈ જશે. મહિના મહિનાના ઉપવાસ કરે, નિત્ય વનવાસ સેવે, જ્ઞાન ધ્યાન ને બ્રહ્મચર્ય પાળે. તો પણ ક્રોધ કરવાથી બધું નિષ્ફળ નીવડે છે. આ સાંભળી સંભૂતમુનિ ઉપશાંત થયા ને તેજોલેશ્યા સંહરી લીધી. પછી બંને મુનિઓ ઉદ્યાનમાં ગયા અને અનશન કરવા વિચાર્યું. બંને સંમત થતાં અનશન આદર્યું. સનત્કુમાર ચક્રીએ નમુચીનો વૃત્તાંત જાણી તેને દોરડાથી બાંધી સાધુઓ પાસે પહોંચાડયો. તેઓએ નમુચીને છોડાવી મૂકયો. એક વખત સનત્કુમાર ચક્રી અંતેઉર સહિત આ બંને સાધુઓને વંદન કરવા આવ્યા. તે વખતે ચક્રવર્તિનું સ્ત્રીરત્ન સુનંદા સંભુત મુનિને વંદન કરતાં તેના વાળની લટ છુટી જતાં તેના કેશનો સ્પર્શ થતાં મુનિ આવું સ્ત્રીરત્ન પરભવમાં મળે તેવી વિચારણા કરવા લાગ્યા. ચિત્રમુનિ તેનો ભાવ જાણી ગયા અને તેમને પ્રતિબોધ દેવાની ઇચ્છાથી પાસે આવી કહેવા લાગ્યા કે હે ભાઈ! ભોગને રોગ સમજી તેનો વિચાર મન-માંથી કાઢી નાખો. સંસાર પરિભ્રમણ કરવાનો હેતુભૂત નિયાણું છે. તો તે કરશો નહિ. તપનું ફળ કર્મની નિર્જરા કરવાનું

છે તે નિયાણું કરવાથી અટકી જાય છે. આમ ઘણું સમજાવવા છતાં સંભૂતમુનિ સમજ્યા નહિ અને નિયાણું કર્યું કે હું આવતા ભવે ચક્રવર્તિ થાઉં. પછી તેઓ બંને કાળ કરી સૌધર્મ દેવલોકે દેવ થયા. ત્યાંથી ચ્યવી ચિત્રમુનિનો જીવ પુરીમતાલ નગરીમાં ધનાઢય શેઠનો પુત્ર થયો અને સંભૂતિ મુનિનો જીવ કંપીલપુરના રાજા બ્રહ્મની ચુલણી નામે રાણીના કુખે અવતર્યો. ચુલણીએ ચૌદ સ્વપ્ન જોયાં. જન્મ થતાં તેનું બ્રહ્મદત્ત નામ પાડયું. આ બ્રહ્મરાજાના ચાર મિત્રો હતા. એક કાશી દેશનો અધિપતિ કટક, બીજો ગજપુરનો રાજા કણેરદત્ત. ત્રીજો કોશલ દેશનો રાજા દીર્ઘ અને ચોથો ચંપાનો અધિપતિ પુષ્પચૂળ. આ બધા મિત્રો અત્યંત સ્નેહને લીધે એકેક વર્ષ વારાફરતી એકની રાજધાનીમાં રહી સમય વીતાવતા હતા. એક સમયે એ ચારેનો વારો બ્રહ્મ રાજાને ત્યાં રહેવાનો આવ્યો. તે વખતે બ્રહ્મરાજાને માથાનો અસાધ્ય વ્યાધિ થયો ત્યારે બ્રહ્મરાજાએ બ્રહ્મદત્ત બાળકને કટક વગેરે ચારે મિત્ર રાજાઓના ખોળામાં મુકી કહ્યું કે આ મારો પુત્ર સુખે મારા રાજ્યનું પાલન કરે તેમ તમારે કરવું. આમ રાજ્યની ચીંતા ભળાવી બ્રહ્મરાજા મરણ પામ્યા. મિત્રોએ તેમનું પ્રેતકર્મ પતાવી નક્કી કર્યું કે જ્યાં સુધી બ્રહ્મદત્તકુમાર રાજ્ય સંભાળવા લાયક ન થાય ત્યાં સુધી તેના રાજ્યની રક્ષા કરવા દીર્ઘ રાજાને સ્થાપીને કટક કણેરદત્ત અને પુષ્પચુળ ત્રણે રાજાઓ પોતાના સ્થાને ગયા. દીર્ઘ રાજા રાજ્ય સંભાળતા ત્યાં રહે છે. કામ પડે અંતઃપુરમાં જાય છે. ચુલણી સાથે વાતચીતનો પ્રસંગ

થતાં તેમાં લપટાયા. લોકમાં ખોટું કહેવાશે તેની દરકાર કર્યા વિના ચુલણી સાથે વિષયસુખ ભોગવવા લાગ્યા. આ વાત ધનુમંત્રીના જાણવામાં આવી. બ્રહ્મદત્તનું આ રાજા શું હિત કરશે? એમ વિચારી પોતાના પુત્ર વરધનુને કહ્યું કે "દીર્ઘ રાજા ચુલણીને ભોગવે છે તે સમાચાર તારે એકાંતમાં બ્રહ્મદત્તને કહેવા. વરધનુએ તે વાત બ્રહ્મદત્તને કહી. બ્રહ્મદત્ત માતાનું દુષ્ચરિત્ર સહન ન થવાથી એક વખતે કાગડો તથા કોયલના સંબંધવાળું દૃશ્ય માતા તથા દીર્ઘરાજાને બતાવી કહ્યું કે જે કોઈ આવું આચરણ કરશે તેને હું શિક્ષા કરીશ. આટલું બોલી કુમાર બહાર ગયો. આવાં બે ત્રણ દૃષ્ટાંતો જુદીજુદી વખતે બતાવાથી દીર્ઘ રાજાએ ચુલણીને કહ્યું કે આપણા બંનેનું સ્વરૂપ કુમારે જાણ્યું છે. ચુલણીએ કહ્યું કે બાળક ગમે તેમ બોલે તેમાં શંકા કરવી નહિ. ત્યારે દીર્ઘ રાજાએ કહ્યું કે આપણા કામમાં આડે આવનાર કુમારને મરાવી નાંખવો. હું તારે આધીન છું તો તને પુત્ર ઘણા થશે. ચુલણી વિષયાંધ બની રાજાની વાત સ્વીકારી અને કોઈ મિત્ર રાજાની કન્યા સાથે બ્રહ્મદત્તના વિવાહ કરી તેને સુવા માટે લાખનું ઘર બનાવ્યું. ચુલણીએ તે ઘરને આગ લગાડી. પુત્રને મારી નાખવા કબૂલ કર્યું. આ વાતની ધનુમંત્રીને ખબર પડતાં તેણે દીર્ઘ રાજાને વિજ્ઞપ્તિ કરી કે મારો પુત્ર વરધનુ રાજ્યનું કામકાજ સંભાળે તેવો થયો છે. માટે મને રજા આપો તો સુખે ધર્મની આરાધના કરવા પરદેશ કોઈ તીર્થમાં જાઉં. દીર્ઘ રાજાએ કહ્યું કે, અહીં રહીને દાનાદિક ધર્મ—જે બને તે કરો. મંત્રીએ તે વાત સ્વીકારી ગંગા તીરે મોટી પરબ

બંધાવી દાનશાળા ખોલી ને રહ્યો અને ત્યાંથી લાખના ઘર સુધીની સુરંગ ખોદાવી. વરધનુને એકાંતમાં સમજ આપી કે જ્યારે ચુલણી લાખનું ઘર સળગાવે ત્યારે સુરંગવાટે બ્રહ્મદત્તાને લઈ તારે અહિં આવી જવું. હવે ચુલણીએ મહોત્સવપૂર્વક પુત્રને પરણાવી વધૂ સાથે લાખના ઘરમાં સુવા મોકલ્યો. સંકેત મુજબ વરધનુ ત્યાં આવી ગયો અને મધ્ય રાત્રે જ્યારે ચુલણીએ તે મહેલ સળગાવ્યો કે બ્રહ્મદત્ત જાગી ગયો. વરધનુએ બધી હકીકત સમજાવી દીધી. પછી વરધનુના કહેવા મુજબ સુરંગનું દ્વાર ખોલી બંને જણા સુરંગ વાટે ગંગા તીરે આવ્યા. ધનુમંત્રીએ બે માણસો ઘોડા સાથે રાખેલા જોઇ તેના પર બેસી એક દિવસમાં પચાસ યોજન દૂર ચાલ્યા ગયા. પણ અતિશ્રમ પડવાથી ઘોડા મૃત્યુ પામ્યા. એટલે બંને મિત્રો પગે ચાલતા કોઈ ગામે પહોંચ્યા. બ્રહ્મદત્તે વરધનુને કહ્યું કે મને બહુ ભૂખ લાગી છે. વરધનુ તેને ગામ બહાર એક સ્થળે મૂકી ગામમાં ગયો અને હજામને તેડી લાવી બ્રહ્મદત્તાનું માથું મુંડાવી ભગવાં વસ્ત્ર પહેરાવ્યાં અને પોતે પણ વેશપલટો કરી બંને જણ ગામમાં ગયા. ગામમાં પેસતાં જ એક બ્રાહ્મણે સામા આવી કહ્યું કે અમારે ત્યાં પધારી ભોજન કરો. તેનું આમંત્રણ સ્વિકારી બંને જણ તેના ઘેર જઈ સ્વાદિષ્ટ ભોજન જમ્યા. પછી તે બ્રાહ્મણે એક સ્વરૂપવતી બંધુમતી નામે કન્યા લાવી બ્રહ્મદત્તના મસ્તક પર અક્ષત નાખી મંત્ર ભણી બોલ્યો કે આ કન્યાના આપ વર થાઓ. આ જોઈ વરધનુએ કહ્યું કે અરે આ મૂર્ખ બટુકને કન્યા કેમ

આપો છો ? તેણે કહ્યું કે મને જ્યોતિષીએ કહેલું કે મિત્ર સહિત કોઈ યોગી તારા ત્યાં આવી ભોજન કરે તેને આ કન્યા આપવી. માટે આમ કર્યું છે. પછી એક રાત્રિ ત્યાં વીતાવી બ્રહ્મદત્તને વરધનુએ કહ્યું કે આપણે ઘણે દૂર જવાનું છે. દીર્ઘ રાજા તમને હણવા માણસો મોકલશે. તે પહેલાં અહિંથી નીકળી જવું જોઈએ. બંધુમતીને સઘળી કહીકત કહી બંને જણ ત્યાંથી ચાલી નીકળ્યા અને કોઈ ગામ નજીક આવ્યા. બ્રહ્મદત્તને તૃષા લાગવાથી વરધનુ પાણી લેવા ગામમાં ગયો. ત્યાં દીર્ઘ રાજાનું સૈન્ય આવેલું જોઈ તરત જ પાછા આવી કુમારને કહ્યું કે જીવ બચાવવા નાસો. બંને જણા આડે રસ્તે નીકળી મોટા જંગલમાં આવ્યા. ત્યાં એક વડલા નીચે કુમારને બેસાડી વરધનુ પાણીની તપાસ કરવા લાગ્યો. સાંજ પડતાં દીર્ઘ રાજાના જાસુસોએ વરધનુને જોયો. તેને માર મારતાં કહ્યું કે બ્રહ્મદત્તને ક્યાં સંતાડ્યો છે ? વરધનુએ કહ્યું ચાલો બતાવું. એમ કહી કુમારની નજીક આવી ઈશારો કરતાં કુમાર ત્યાંથી ભાગી ગયો અને અરણ્યમાં આવ્યો. ભૂખતરસથી પીડાતો બીજે દિવસે અરણ્ય વટાવી. આશ્રમ પાસે આવ્યો. ત્યાં એક તાપસને જોઈ બ્રહ્મદત્તને જીવવાની આશા બંધાઈ. તે તાપસ બ્રહ્મદત્તને કુલપતિ પાસે લઈ ગયો. કુમારે કુલપતિને પ્રણામ કર્યા. કુલપતિના પૂછવાથી કુમારે પોતાની બધી હકીકત કહી. કુલપતિએ કહ્યું હું તારા પિતાનો નાનો ભાઈ છું. હવે તારું પોતાનું ઘર સમજી સુખેથી રહે. વર્ષાકાળ આવતાં કુમારે કુલપતિ પાસે ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો. એક વખતે શરદઋતુમાં

તાપસો સાથે ફળફળાદિ લેવા વનમાં ગયો. વનની શોભા જોતાં જાય છે ત્યાં એક હાથી જોઈ કુમાર તેની સામે ગયો. કુમારને જોઈ હાથીએ ગર્જના કરી. કુમારે પોતાનું ઓઢવાનું વસ્ત્ર તેના પર ફેંક્યું. તે વસ્ત્ર સૂંઢથી પકડી હાથીએ ઉછાળ્યું. તે કુમારે ઝીલી લીધું. આ રીતે હાથીને થકવી નાંખ્યો ત્યારે હાથી આગળ ચાલવા લાગ્યો. કુમાર તેની પાછળ ગયો. ત્યાં પૂર્વ દિશામાં ફરતાં પર્વતમાંથી નીકળેલી નદીના કિનારા પર આવેલું એક ઉજ્જડ નગર જોયું. ત્યાં એક જગાએ વાંસનો ઝુંડ જોયો ને બાજુમાં ઢાલ ને તલવાર પડેલી જોઈ. કુમારે તે ખડ્ગની ચકાસણી કરવા વાંસના ઝુંડ પર ઘા કર્યો કે કપાએલું મસ્તક જોવામાં આવ્યું. કુમારે વિચાર્યું કે મેં કોઈ નિરપરાધી માણસની અજાણતાં હત્યા કરી. મારા બાહુબળને ધિક્કાર થાઓ એમ આત્મનિંદા ને પશ્ચાતાપ કરતા કુમારે તે માણસનું ધડ ધુમ્રપાન કરેલું જોઈ વધુ આશ્ચર્ય પામ્યો. આગળ જતાં એક બગીચામાં સાત માળનો મહેલ જોયો. કુમાર તેના ઉપર ગયો ત્યાં એક સ્ત્રીને જોઈ. તેને પુછતાં તેણીએ કહ્યું કે, મારી હકીકત બહુ મોટી છે. પહેલાં તમારી ઓળખાણ કરાવો પછી હું કહીશ. કુમારે કહ્યું કે પાંચાળ દેશના અધિપતિ બ્રહ્મ રાજાનો હું બ્રહ્મદત્ત નામે પુત્ર છું. આટલું કહેતાં તે સ્ત્રી રૂદન કરવા લાગી. કુમારે તેને આશ્વાસન આપવાથી તેણીએ કહ્યું કે હું તમારા મામા પુષ્પચુલ રાજાની પુત્રી છું. મારાપિતાએ તમને જ વાગ્દાનથી મને આપેલી. હું મારા ઘરના બગીચામાં વાવને કાંઠે રમતી હતી ત્યાંથી દુષ્ટ વિદ્યા-

ધરે હરણ કરી અહિં લાવી મુકી છે. હું સ્વજન વિયોગના દુઃખથી બળું છું. આપ આવ્યા એટલે મને જીવવાની આશા થઈ છે. કુમારે કહ્યું કે તે દુષ્ટ કયાં છે? તેણીએ કહ્યું કે તે મને સાંકરી વિદ્યા આપી વાંસની ઝાડીમાં ઉંધે માથે ધુમ્રપાન કરે છે. વિદ્યા સાધી તે આવીને તને પરણશે એમ વિદ્યાએ મને કહ્યું છે. આ સાંભળી બ્રહ્મદત્તે કહ્યું કે તે વિદ્યાધરનું મસ્તક છેદીને જ હું તારી પાસે આવ્યો છું. તેણીએ કહ્યું કે તમે બહુ સારૂં કર્યું! હવે હું નિશ્ચિંતપણે આપની સેવા બજાવીશ. બ્રહ્મદતે ગાંધર્વ વિવાહથી લગ્ન કરી તેની સાથે કેટલોક સમય ગાળ્યો. એક વખતે કુમારે ત્યાં દિવ્ય વલય કંકણનો નાદ સાંભળી પુછયું કે આ શેનો શબ્દ સંભળાય છે. તેણીએ કહ્યું કે તમારા શત્રુની અંડા અને શાખા નામે બ્હેનો પોતાના ભાઈ માટે વિવાહનો સામાન લઈને આવે છે. તમો અત્રેથી ખસી જાઓ. તો હું તેઓનો અભિપ્રાય જાણી જો તેઓને તમારા પર પ્રીતિ હશે તો હું આ મહેલ પર ચઢી રાતી ધજા ફરકાવીશ નહિ તો ધોળી ધજા ફરકાવીશ. કુમાર બહાર જઇ ઉંચે જોઈ રહ્યો ત્યાં ધોળી ધજા દેખાણી. તે જોઈ ત્યાંથી કુમાર નિકળી ગયો અને એક પર્વતની ઝાડીમાં જઇ ચઢયો. ત્યાં કુમારે એક સરોવર દીઠું તેમાં સ્નાન કરી તળાવના પશ્ચિમ કિનારે ઉતર્યો. ત્યાં એક સારી કન્યા જોઇ. કુમાર પણ તેણીની નજરે પડયો કે તેણે સ્નેહથી દાસી સાથે બે વસ્ત્રો પુષ્પહાર ને તાંબુલ મોકલી કહ્યું જે તળાવના કાંઠે આપે કન્યા જોઇ તેણીએ મોકલાવ્યું છે.

હું તેની દાસી લાવણ્ય લતીકા છું. તેમણે મને આજ્ઞા કરી છે કે કુમારને મારા પિતાના મહામંત્રીના ઘરે લઈ જઈ તેમનું સ્વાગત કર–તો આપ ત્યાં પધારો. કુમાર દાસી સાથે મંત્રીને ઘેર ગયો. દાસીએ મંત્રીને કહ્યું કે તમારા સ્વામીની પુત્રીએ આ કુમારને મોકલ્યા છે. તેમનો આદરસત્કાર કરજો. મંત્રીએ કુમારને સારી રીતે રાખ્યા. બીજે દિવસે કુમારને રાજસભામાં લઈ ગયા. રાજાએ ઉભા થઈ તેનું સ્વાગત કરી ઉચિત આસને બેસાડી તેમની હકીકત પૂછી. કુમારે પોતાની બધી હકીકત કહી એટલે રાજાએ પોતાની કન્યા પરણાવી. બ્રહ્મદત્ત થોડો વખત ત્યાં રહ્યા. એક વખત કુમારે તે કન્યાને પૂછ્યું કે “રાજાએ શું કારણથી મને તારી સાથે જલ્દી પરણાવ્યો ?” તેણીએ કહ્યું કે “મારા પિતાને તેમનાથી અધિક બળવાન શત્રુઓએ સંતાપવાથી અહિં વિષમપલ્લીમાં આવીને રહ્યા છે. મારી માતા શ્રીમતીને ચાર પુત્રો ઉપર હું એક શ્રીકાંતા નામે પુત્રી થઈ. મારા પિતાને હું બહુ વહાલી છું. યુવાવસ્થામાં આવતાં, તેમણે મને કહ્યું કે સર્વરાજાઓ મારા વિરોધી છે માટે અહિં રહીને જ તું તારે યોગ્ય વર ગોતી લેજે. આજે મારા ભાગ્યથી તમો મળી ગયા છો. એક વખતે તે પલ્લિપતિ રાજા પોતાના વિરોધી શત્રુ રાજાના દેશનો ભંગ કરવા ચાલ્યો ત્યારે બ્રહ્મદત્તકુમાર પણ તેની સાથે ગયા. માર્ગમાં એક સરોવરને તીરે વરધનુ મળ્યો. કુમારે તેને ઓળખી કાઢયો. તે રોવા લાગ્યો. કુમારે તેને શાંત પાડી તેની હકીકત પૂછી. તેણે કહ્યું કે હું જળ લઈ તમારી પાસે આવતો હતો તેવામાં દીર્ઘ રાજાના જાસુસો મને પકડી મારવા લાગ્યા. બ્રહ્મ-

દત્ત ક્યાં છે તેમ પૂછતાં મેં કહ્યું મને ખબર નથી. તેથી વધુ મારવા લાગ્યા એટલે મેં કહ્યું કુમારને વાઘે મારી નાખ્યો. તેઓએ કહ્યું તે સ્થાન બતાવ. એટલે હું તમારી નજીક આવી તમને ઇશારો કરતાં તમે નાસી ગયા. મને પરિવ્રાજકે એક ગુટીકા આપેલી તે મોઢામાં મૂકતાં હું નિશ્ચેષ્ટ બની ગયો. તેઓ મને મરેલો જાણી ચાલ્યા ગયા. પછી મેં મોંઢામાંથી ગુટીકા કાઢી સચેતન થયો થકો તમને ગોતવા નિકળ્યો. ફરતાં ફરતાં એક ગામમાં ગયો. ત્યાં એક સન્યાસી મળ્યો. તેણે કહ્યું કે હું તારા પિતાનો સુભગ નામે મિત્ર છું. તારા પિતા ધનુ મંત્રી મરણ પામ્યા બાદ તારી માને દીર્ઘ રાજાએ પકડી ઢેઢવાડામાં રાખી છે. આ સાંભળી મને ઘણું દુઃખ થયું. હું કંપીલપુર ગયો અને ઢેઢવાડામાંથી મારી માતાને છોડાવી મારા પિતાના મિત્ર દેવશર્મા બ્રાહ્મણને ઘેર રાખી તમારી શોધ કરતો અહિં આવ્યો. આ પ્રમાણે બંને મિત્રો વાત કરે છે તેટલામાં એક પુરૂષે આવી કહ્યું કે તમને ગોતવા મોકલેલ દીર્ઘ રાજાના માણસો અહિં આવ્યા છે. આ સાંભળી બંને જણ ત્યાંથી નાસીને કૌશંબી નગરે ગયા. ત્યાં બહારના બગીચામાં સાગરદત્ત ને બુદ્ધિબલનામે બે શેઠના છોકરાઓ એક લાખ રૂપિયાની શરતથી કુકડાઓનું યુદ્ધ કરાવતા હતા તે જોવા ઉભા. બુદ્ધિલના કુકડાએ સાગરદત્તના કુકડાને પ્રહારથી ખોખરો કરી નાખ્યો. તે વખતે સાગરદત્તે પોતાના કુકડાને ઉશ્કેરવા છતાં તેનો કુકડો બુદ્ધિલના કુકડા સામે લડવા ઉભો થયો નહિ એટલે સાગરદત્ત લાખ રૂપિયા હારી ગયો. આ વખતે વરધનુએ કહ્યું કે હે સાગરદત્ત! તમારો

આ કુકડો જાતવાન છતાં કેમ હાર્યો? મને આ બાબત વિસ્મય થાય છે. જો ગુસ્સે ન થાઓ તો બુદ્ધિલનો કુકડો મારે જોવો છે. સાગરદત્તે કહ્યું કે ભલે જુઓ. મને આમાં કોઈ પ્રકારનો દ્રવ્ય લોભ નથી કિંતુ અભિમાન સિદ્ધિ માત્ર પ્રયોજન છે. તે પછી બુદ્ધિલનો કુકડો વરધનુએ તપાસ્યો. તો તેના પગમાં બાંધેલ સોયનો જથ્થો દીઠો. બુદ્ધિલે ધીરેથી વરધનુને કહ્યું કે મારું પોકળ ઉઘાડું ન કરશો. હું તમને અર્ધ લક્ષ આપીશ. વરધનુએ કહ્યું જોયો કુકડો એમાં કાંઈ નથી. આમ બોલતાં બુદ્ધિલ ન જાણે તેવી રીતે તે કુકડાના પગમાંથી સોયો ખેંચી લીધી અને એ હકીકત સાગરદત્તને કહી. સાગરદત્તે ફરીથી પોતાના કુકડાને પ્રેરણા કરી બુદ્ધિલના કુકડા સાથે લડાવ્યો. તેમાં સાગરદત્તનો કુકડો જીતી ગયો. એટલે સાગરદત્તે લક્ષ રૂપિઆ બુદ્ધિલ પાસેથી લીધા. બ્રહ્મદત્ત અને વરધનુને પોતાના ઘેર બન્નેને રથમાં બેસાડી લઈ ગયો. બંને જણા ત્યાં સુખરૂપ રહેવા લાગ્યા. કેટલાક દિવસ પછી ત્યાં એક દાસ આવ્યો. તેણે વરધનુને એકાંતમાં બોલાવી કહ્યું કે બુદ્ધિલે તમને અર્ધ લક્ષ આપવા કહેલ તેનો હાર મોકલ્યો છે. એમ કહી હારનો કરંડીઓ મુકીને ગયો. વરધનુએ બ્રહ્મદત્તને બધી હકીકત કહી કરંડીઆમાંથી હાર કાઢીને બતાવ્યો. બ્રહ્મદત્તે હારના છેડે બાંધેલ લેખ જોઈ વરધનુને કહ્યું કે આ લેખ શાનો છે? વરધનુએ થોડે દૂર જઈ લેખ ઉઘાડી વાંચ્યો. તેમાં લખેલ કે રત્નવતી તમને ચાહે છે. બીજે દિવસે એક પરિવ્રાજીકા ત્યાં આવી બ્રહ્મદત્તકુમારના મસ્તક પર પુષ્પ તથા અક્ષત નાખી તમે

ઘણું જીવો એમ આશીર્વાદ આપી વરધનુને એકાંતમાં લઈ જઈ કંઈક વાર્તાલાપ કરીને ગઈ. કુમારે વરધનુને પૂછયું કે તેણીએ શું કહ્યું? વરધનુએ કહ્યું કે બુદ્ધિલે હારની સાથે લેખ મોકલેલ તેનો જવાબ લખી આપો. મેં કહ્યું આ લેખ બ્રહ્મદત્ત રાજા પરનો છે. તો તું જ કહે કે બ્રહ્મદત્ત કોણ? તેણીએ કહ્યું આ નગરીના મોટા શેઠની પુત્રી રત્નવતી તારા પ્રતિ અનુરક્ત બાળપણથી જ છે. હવે તે યૌવન પામી છે. તેણીએ કુકડાના યુદ્ધ પ્રસંગે બ્રહ્મદત્ત કુમારને જોયા છે. તે નહિ મળે તો મરી જશે. મને તેની દાસી મારફત બધી બાતમી મળી છે તો જવાબ લખી આપો. મેં જવાબ લખી આપ્યો કે બ્રહ્મદત્ત કુમાર પણ રત્નવતીને ચાહે છે. હવે બ્રહ્મદત્તે તેણીના દર્શન અને સંગમના ઉપાયની શોધમાં કેટલાક દિવસ ગાળ્યા. એક દિવસ બહારથી આવીને વરધનુએ કહ્યું કે, આ નગરના રાજા પાસે દીર્ઘ રાજાએ તમને ગોતવા માણસો મોકલ્યા છે. આ સાંભળી સાગરદત્તે બંનેને ભોંયરામાં સંતાડયા. રાત્રિ પડતા કુમારે સાગરદત્તને કહ્યું કે તમે એવી ગોઠવણ કરો કે અમે અહિંથી ભાગી જઈએ. સાગરદત્ત તે બંનેને લઈ નગર બહાર ગયો. થોડેક દૂર ગયા છતાં સાગરદત્ત પાછો જતો નથી તેમ જાણી કુમારે તેને પરાણે પાછો વાળી બંને મિત્રો આગળ ચાલ્યા. માર્ગમાં યક્ષસ્થાનના ઉદ્યાનમાં હથીઆરયુક્ત રથના સમીપમાં બેઠેલી એક ઉત્તમ સ્ત્રી જોઈ. તેણીએ ઉભા થઈ તે બંનેને કહ્યું કે કેમ આટલી જ વારમાં આપ બંને અહીં આવી પહોંચ્યા? કુમારે કહ્યું "અમે કોણ

છીએ". તેણીએ કહ્યું તમે બ્રહ્મદત્ત છો અને આ વરધનુ છે. કુમારે કહ્યું તમે અમને શાથી ઓળખ્યા ? તેણીએ કહ્યું કે આ નગરીમાં ધનપ્રવર નામે શેઠ છે. તેની ધનસંચયા નામે પત્નિથી આઠ પુત્ર ઉપર એક પુત્રી થઈ તે હું છું. ઉંમર લાયક થતાં મને કોઈ પુરૂષ ગમ્યો નહિ તેથી માતાની આજ્ઞાથી મેં યક્ષની આરાધના કરી. યક્ષે પ્રસન્ન થઈ કહ્યું કે હવે પછી બ્રહ્મદત્તના નામે ચક્રી થશે તે તારો ભર્તાર થશે, તે પોતાના મિત્ર વરધનુ સાથે હશે. તે પછી મેં હાર ને લેખ મોકલ્યો તે તમારા જાણવામાં છે જ. આ સાંભળી કુમાર તેણીના આગ્રહથી રથમાં ચડયા. કુમારે તે રત્નવતીને પૂછ્યું કે અહિંથી કયાં જવું છે. તેણીએ કહ્યું કે મગધપુરમાં મારા કાકા ધનસાર્થવાહ રહે છે. મેં તેમને મારી હકીકત જણાવેલ છે. તો ત્યાં જઇએ છીએ. તેઓ તમારૂં સ્વાગત સારૂં કરશે. કુમારે તે તરફ જવા હા પાડતાં વરધનુ તે રથનો સારથી બન્યો અને તેઓ કૌશામ્બીના પ્રદેશમાંથી નીકળી ગયા. આગળ જતાં ગુફાઓવાળા અરણ્યમાં આવ્યા. ત્યાં કંટક અને સુકંટક નામે બે ચોર સેનાપતિ હણવા આવ્યા. આ વખતે કુમારે એવી તો પ્રહાર કરવાની શક્તિ બતાવી કે બધા ચોરો ભાગી ગયા. પછી કુમાર રથમાં બેઠો ત્યારે વરધનુએ કહ્યું કે તમે બહુ શ્રમ લીધો છે તો રથમાં સૂઈ જાઓ. કુમાર રત્નવતી સાથે રથમાં સૂઈ ગયા. માર્ગમાં નદી આવી. ઘોડા થાકી ગયા હોવાથી આગળ ચાલી શકયા નહિ. એટલામાં કુમાર જાગી ગયા. ઘોડા થાકી ગએલા જોયા પણ વરધનુને જોયો નહિ.

તેથી વિચાર્યું કે તે કદાચ જળ લેવા ગયો હશે. પછી રથનો આગળનો ભાગ લોહીથી ખરડાએલ જોઈ વરધનુ મરાયો જાણી કુમાર મૂર્છા ખાઈ રથમાંથી પડી ગયા. થોડીવારે શુદ્ધિમાં આવતાં વરધનુને યાદ કરી ફરી રડવા લાગ્યા ત્યારે રત્નવતીએ છાના રાખી કહ્યું કે આપણે હવે મગધ દેશને સીમાડે આવી ગયા છીએ. ત્યાં જઈને વરધનુની તપાસ કરાવીશું. કુમારે રત્નવતીનુ કહેવું માની આગળ ચાલવા માંડ્યું. એક ગામમાં પેસતાં કુમારને ગામધણીએ જોયા. તે પોતાના ઘેર લઈ ગયો અને સારો ઉતારો આપ્યો. ત્યાં કુમાર સુખે રહેવા લાગ્યા. એક વખતે તે ગામધણીએ કુમારને પૂછ્યું કે તમે દીલગીર કેમ દેખાઓ છે? તેણે કહ્યું કે મારો મિત્ર ચોરની સામે લડતાં તેનું શું થયું તે ગોતવા જવું છે. ગામધણીએ કહ્યું ચિંતા કરશો નહિ. અમે જ્યાં હશે ત્યાંથી શોધી લાવીશું. ગામધણીએ માણસો મોકલી બધે તપાસ કરાવી પણ મળ્યો નહિ. ફક્ત કોઈને મારીને પડેલું બાણ લઈ તેઓ પાછા આવ્યા. વરધનુ મરી ગયો જાણી કુમાર શોક કરવા લાગ્યા. તેવામાં એ જ ગામમાં ચોરોએ ધાડ પાડી. કુમારે બાણવૃષ્ટિ કરી બધા ચોરોને નસાડયા તેથી ગામધણી ને બધા લોકો બહુ હર્ષ પામ્યા. બીજે દિવસે ગામધણીની રજા લઈ કુમાર આગળ ચાલ્યા અને રાજગૃહિ નગરે આવ્યા. નગરની બહાર પરિવ્રાજકના આશ્રમમાં રત્નવતીને મૂકી કુમાર ગામમાં ગયા. ત્યાં એક ધવળ ઘરમાં પ્રવેશ કરતાં બે કન્યાઓ દીઠી. તે કન્યાઓએ કુમારને કહ્યું કે આપ જેવા પુરૂષોને અનુરક્ત જનનો

ત્યાગ કરી ભમવું યુક્ત છે. કુમારે કહ્યું કે, અનુરક્ત કોણ છે? કન્યાઓએ કહ્યું કે, આપ આસન પર બેસો એટલે અમો અમારો સર્વ વૃતાંત કહીએ. વૈતાઢ્ય પર્વતની દક્ષિણ શ્રેણીમાં શિવ મંદિર નામે નગર છે. તેમાં જ્વલનશીખ નામે રાજાને વિદ્યુત્શીખાનામે રાણીની અમે બન્ને પુત્રીઓ છીએ. અમારો ભાઈ ઉન્મત વિદ્યાધર એક વખતે અમારા પિતા પોતાના મિત્ર અગ્નિશીખ સાથે વાર્તાવિનોદ કરતા બેઠા હતા ત્યાં આવ્યો. તેટલામાં અષ્ટાપદ પર્વત પર જતા દેવતાઓના સમુહને જોઈ રાજા પરિવાર સાથે યાત્રાર્થે ગયા. ત્યાં ચારણ શ્રમણ મુનિઓની ધર્મદેશના સાંભળી અગ્નિ-શીખે પૂછ્યું કે હે ભગવન! આ બે કન્યાઓને કયો વર મળશે. ગુરૂએ કહ્યું કે જે એ કન્યાઓના ભાઈને મારશે તે તેઓનો ભર્તા થશે. આ સાંભળી રાજાનું મન દુભાણું. અમે બન્નેએ પિતાને કહ્યું કે હમણાં જ મુનિએ ઉપદેશ આપી સંસારની અસારતા સમજાવી તો કેમ દુભાઓ છો? ભાતૃસ્નેહને લીધે અમે બન્ને બહેનો ચિંતામાં હતાં તેવામાં અમારા ભાઈએ તમારા મામાની પુત્રી પુષ્પવતીને જોઈ તેનું હરણ કરી લાવ્યો પણ તેનું તેજ સહન ન થવાથી વિદ્યા સાધવા ગયો. પુષ્પવતી આપને મળી. આપે અમારા ભાઈના વધની વાત કરી તે તેણીએ અમોને કહી. સાંકરી વિદ્યાના બળથી અમને કહ્યું કે તમારા ભાઈનો વધ કરનાર બ્રહ્મદત્ત ચક્રવર્તિ થશે. તમને પેલાં ચારણ મુનિનાં વચન યાદ નથી આવતાં? અમારા અંતઃકરણમાં પ્રેમ

સંચાર થતાં તે ખુશ થઈ અને ભુલથી તમને ધોળી પતાકા બતાવી. તે જોતાં તમે જતા રહ્યા. અમે તમને શોધવા બધે ફર્યા. છેવટે અહિં આવીને રહ્યાં છીએ. આજે આપનું દર્શન થયું. માટે હે ભાગ્યવાન! પુષ્પવતીના પ્રસંગને યાદ કરી અમારૂં પણ અભિષ્ટ સિદ્ધ કરો. કુમારે હર્ષપૂર્વક ગાંધર્વ વિવાહથી તેમનું પાણિગ્રહણ કર્યું. બીજે દિવસે કુમારે તેઓને કહ્યું કે હાલ તમે બન્ને પુષ્પવતી પાસે જાઓ. મને રાજ્ય પ્રાપ્તિ થએ તેડાવી લઈશ. તેઓ ગઈ. પછી ત્યાં ધવળ ઘર કે કંઈ પણ દેખાયું નહિ ત્યારે કુમારે વિદ્યાધરીની માયા જાણી. પછી તે રત્નવતીની શોધમાં તાપસાશ્રમ તરફ ચાલ્યા. ત્યાં રત્નવતી કે કોઈ પુરૂષ જોયો નહિ. પણ એક સુંદર આકૃતિવાળો પુરૂષ ત્યાં આવ્યો. તેને મેં રત્નવતી વિશે પુછયું. તેણે કહ્યું શું તે રત્નવતિનો તું પતિ છે? રત્નવતી મારી દોહીત્રી છે. તેના કાકાને ખબર આપતાં તે આવી તેના ઘેર લઈ ગયો છે. સારૂં થયું તમે મળ્યા એમ કહી કુમારને રત્નવતી પાસે લઈ ગયો. તેના કાકાએ કુમારને રત્નવતી પરણાવી. ત્યાં કુમાર સુખે રહે છે. એક દિવસે કુમારે વરધનુનો જન્મ દિવસ જાણી બ્રાહ્મણોને જમાડયા. તેમાં બ્રાહ્મણ વેશે વરધનુ આવીને જમ્યો. કુમારે તેને ઓળખ્યો. તેનું વૃતાંત પુછતાં તેણે કહ્યું કે આપ રથમાં સુતા હતા ત્યારે એક ચોરે આવી મારા પગમાં બાણનો પ્રહાર કર્યો તેની વેદનાથી હું પૃથ્વી પર પડી ગયો. તમને ફિકર થાય તેથી કહ્યું નહિ. રથ તો આગળ ચાલી ગયો. હું

ધીમે ધીમે જે ગામમાં તમે રહ્યા હતા તે ગામમાં પહોંચ્યો. ગામધણીએ મારી સારી બરદાસ્ત કરી. તેમની પાસેથી તમારા સમાચાર સાંભળી અહિં આવ્યો. હવે કુમાર મિત્ર સાથે ત્યાં સુખે રહે છે. એક વખતે તેઓએ વિચાર કર્યો કે અહિં ક્યાં સુધી પડયા રહીશું. તે વખતે મધુ માસ ચાલતો હોવાથી મદન મહોત્સવ ચાલુ થતાં સર્વ લોકો નગર બહાર રમત ગમત કરવા નિકળ્યા. બન્ને મિત્રો કૌતુકથી તે જોવા નિકળ્યા. લોકો ક્રિડારસમાં નિમગ્ન છે એવામાં અકસ્માત માવતને પછાડી અંકુશ વિનાનો રાજાનો હાથી ધસી આવ્યો. સ્ત્રીઓનાં ટોળા ચારેકોર નાસભાગ કરવા લાગ્યાં. એક બાળા ઉપર નજર પડતાં હાથી તેના ભણી દોડયો. તે ભયભ્રાંત બની ગઈ. તેના સંબંધીઓ પોકાર કરે છે તેવામાં બ્રહ્મદત્ત કુમારે આગળ આવી હાથીને પડકારી બાળાને બચાવી લીધી. હાથી બાળાને છોડી કુમાર તરફ ધસ્યો. કુમારે પોતાનું ઓઢવાનું વસ્ત્ર હાથી તરફ ફેંકયું. હાથીએ તે વસ્ત્ર ઉછાળી ફેંકયું. વસ્ત્ર નીચે પડયું. હાથી તે વસ્ત્ર લેવા નીચો નમ્યો કે તેની સુંઢ પકડી કુમાર હાથીની કાંધ ઉપર ચઢી બેઠો. પોતાના બે હાથથી તે હાથીના કુંભસ્થળ પર થાબડીને તેને સંતોષ્યો તેથી હાથી તે કુમારને વશ થઈ ગયો. કુમારની સૌ જય પોકારવા લાગ્યા. કુમારે હાથીને આલાન સ્થંભે જઈ બાંધી લીધો. રાજા પણ તેને જોઇ વિસ્મય પામ્યો. મંત્રીને પુછતાં જણાયું કે તે બ્રહ્મ રાજાનો પુત્ર બ્રહ્મદત્ત કુમાર છે કુમારને પોતાના મહેલે તેડાવી

પોતાની આઠ કન્યાઓ પરણાવી. ત્યાં કેટલાક દિવસ વરધનુ સાથે કુમાર રહ્યા. એક વખત કોઈ સ્ત્રી કુમાર પાસે કહેવા લાગી કે આ જ નગરીમાં વૈશ્રમણ સાર્થવાહ રહે છે તેની પુત્રી શ્રીમતીની હું ધાવ માતા છું. તમે તેને હાથીના સંકટમાંથી છોડાવી તેથી તમારૂં જ ધ્યાન ધરતી રહી છે. જો તમારી સાથે તેનું પાણિગ્રહણ નહિ થાય તો તે અવશ્ય મૃત્યુ પામશે. તેણીએ મને મોકલી છે. તો આપ તેને જીવીતદાન આપી સુખી કરો. કુમારે તેણીનું વચન સ્વિકાર્યું. શુભ દિવસે તે બાળાને પરણ્યા. સુબુદ્ધિ મંત્રીની નંદના નામે પુત્રી વરધનુને પરણાવી બન્ને મિત્રો લોકમાં પ્રસિદ્ધ થયા એક વખત કુમારને વરધનુ બન્ને વારાણશી નગરે ગયા. બ્રહ્મદત્તને નગર બહાર બેસાડી વરધનુ કટક રાજા પાસે ગયો ને બ્રહ્મદત્ત આવ્યાની વધામણી આપી. કટક રાજાએ હર્ષ પૂર્વક હાથી પર બેસાડી નગર પ્રવેશ કરાવ્યો. સ્નાન ભોજનાદિ કરાવી પોતાની પુત્રી કનકવતી પરણાવી. કન્યાદાનમાં ઘણું દ્રવ્ય આપ્યું. ત્યાં કેટલોક કાળ કુમાર રહ્યો પછી દૂતો મોકલી પુષ્પચુળ રાજા, ધનુ મંત્રી, કણેરદત્ત, ભવદત્ત વગેરેને સૈન્ય સહિત તેડાવ્યા. તે સર્વેએ મળી કુમારનો રાજ્યાભિષેક કર્યો. વરધનુ તેનો સેનાપતિ થયો. પછી સૈન્ય સહિત બ્રહ્મદત્તે દીર્ઘ રાજા ઉપર ચઢાઈ કરી. સતત પ્રયાણ કરતા કંપીલપુર પહોંચ્યા. દીર્ઘ રાજાએ કટક વગેરે રાજાઓને દૂત મોકલી. તેડાવ્યા પણ તેઓએ દૂતનો તિરસ્કાર કરી કાઢી મુકયો. બ્રહ્મદત્તના સૈન્યે કંપીલપુરને ઘેરો ઘાલ્યો. દીર્ઘ રાજાએ

વિચાર્યું કે કિલ્લામાં કયાં સુધી ભરાઈ રહેવું એમ વિચારી યુદ્ધ માટે બહાર નિકળ્યો. બન્ને સૈન્યનો ઘોર સંગ્રામ ચાલ્યો. બ્રહ્મદત્તના યોદ્ધાઓએ દીર્ઘ રાજાના સૈન્યનો નાશ કર્યો એટલે દીર્ઘ રાજા પોતે કુમારની સામે લડવા આવ્યો. તે બન્નેનું યુદ્ધ ઘણો વખત ચાલ્યું. છેવટે શસ્ત્રો ખુટી જતાં બ્રહ્મદત્તે ચક્ર મુકી દીર્ઘ રાજાનું મસ્તક છેદ્યું. ચક્રવર્તિ જીત્યો એમ આકાશવાણી થઇ. બારમો ચક્રવર્તિ ઉત્પન્ન થયો એમ બોલી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. નગરના લોકોએ સ્તુતિ કરી. નારીઓના ટોળાં મંગળ ગીતો ગાતાં બ્રહ્મદત્ત કુમારે પોતાના મહેલમાં પ્રવેશ કર્યો. સામંતોએ ચક્રવર્તિપણાનો અભિષેક કર્યો–ચક્રવર્તિપણે રાજ્ય ભોગવતાં ઘણો કાળ વીત્યો. એક સમયે ચક્રવર્તિ આગળ નટોએ નાટય પ્રયોગ આદર્યો. તેટલામાં દાસીએ એક અપૂર્વ પુષ્પનો ગુચ્છો લાવી ચક્રવર્તિના હાથમાં આપ્યો તે જોઈ ચક્રવર્તિએ વિચાર્યું કે મેં આવો નાટય પ્રયોગ તથા પુષ્પોનો ગુચ્છ પહેલાં કોઈ વખત સુંઘેલ છે એમ વિચારતાં રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વનો દેવ ભવ યાદ આવ્યો. ચક્રવર્તિ મૂર્છા ખાઈ ભૂમિ પર પડી ગયા. પરીજને શીતોપચાર કરતાં તેઓ સ્વસ્થ થયા ત્યારે પૂર્વભવના ભાઈને શોધી કાઢવા અર્ધો શ્લોક રચી વરધનુ સેનાપતિને કહ્યું કે આ શ્લોકનો ઉત્તરાર્ધ બનાવી પુરો કરે તેને રાજા પોતાનું અર્ધું રાજ્ય આપશે એવી ઘોષણા કરાવો. આસ્વ દાસા મૃગા હંસોમા તંગા વમરો તયા–આ પ્રમાણે અર્ધો શ્લોક દરેકે મોઢે કરી જ્યાં ત્યાં પ્રસિદ્ધિ કરી. આ અવસરે

તેમના ભાઈ ચિત્રનો જીવ પુરિમતાલ નગરમાં ધનાઢય શેઠના પુત્ર તરીકે અવતરી જાતિસ્મરણ થવાથી વ્રત લઈ વિહાર કરતા એ જ નગરના મનોરમ નામે ઉદ્યાનમાં સમોસર્યા. પોતાના ઉપકરણો ઠેકાણે મુકી કાયોત્સર્ગ કરવા લાગ્યા. એટલામાં કુવામાંથી ઘટમાળ કાઢનાર એક પુરૂષના મુખથી તે અર્ધો-શ્લોક મુનિએ સાંભળ્યો. જ્ઞાનના ઉપયોગથી પોતાના ભાઈનું સ્વરૂપ જાણી મુનિએ પાછળનો અર્ધો શ્લોક આ પ્રમાણે કહ્યો. એષાનૌ ષષ્ટિકા જાતિ રન્યોન્યાભ્યાં વિયુક્તયોઃ–એટલે કે એકબીજાથી વિખુટા પડયા તે આપણો આ છઠ્ઠો ભવ છે. આ અર્ધોશ્લોક ઘટમાળ કાઢનાર પુરૂષે ગોખી લીધો અને હસતે મુખે રાજકુળમાં જઈ ચક્રવર્તિ આગળ આખો શ્લોક બોલ્યો. તે સાંભળી ભાઈના સ્નેહનું સ્મરણ થતાં ચક્રવર્તિ મૂર્છા પામ્યા. સભા બધી ક્ષોભ પામી. સેવકો ઘટમાળકર્ષકને મારવા લાગ્યા ત્યારે તેણે કહ્યું કે આ બે પદ મેં પૂર્યા નથી પણ વનમાં રહેલ મુનિના મુખથી બોલાયેલ તે હું બોલ્યો છું. સેવકોએ તેને કાઢી મુકયો. રાજાને જ્યારે મૂર્છા ઉતરી ત્યારે જાણ્યું કે પૂર્વભવનો ભાઈ મુનિ થઈને અહીં ઉદ્યાનમાં આવ્યો છે. એટલે ચક્રવર્તિ તેને વંદન કરવા પરિવાર સહિત ઉદ્યાનમાં આવી વંદન કરીને બેઠા. મુનિએ ધર્મદેશના આપી. સંસારની નિર્ગુણતા દર્શાવી કર્મોના બંધ હેતુત્વનું વર્ણન કર્યું, મોક્ષમાર્ગની પ્રશંસા કરી. દેશના સાંભળી સભા છક થઈ ગઈ પણ બ્રહ્મદત્તને કંઈ અસર થઈ નહિ. તે બોલ્યા કે હે ભગવન્ ! આપે આપના સમાગમ સુખે કરી અમને આલ્હાદિત કર્યા તેમ રાજ્ય સ્વિકારીને અમને

હર્ષિત કરો. પછી આપણે બન્ને તપ કરશું. રાજ્ય પણ તપનું જ ફળ છે. મુનિએ કહ્યું આપનું વચન તો યુક્ત છે. તમે મારા ઉપર ઉપકારની ભાવનાથી કહો છો. પરંતુ મનુષ્ય ભવ અતિ દુર્લભ છે. વિષયો વિષ કરતાં ભયંકર છે. લક્ષ્મી ચંચળ છે તે બધું ત્યાગીને સંયમ લીધું છે. હવે જો તેનો ત્યાગ કરૂં તો નરકમાં જવું પડે. તમે પૂર્વભવે અનુભવેલાં દુઃખોને યાદ કરો. જિન વચન રૂપી અમૃતરસનું પાન કરી તેમણે બતાવેલ માર્ગે ચાલી મનુષ્યજન્મને સફળ કરો. આ સાંભળી ચક્રીએ કહ્યું કે હે ભગવન્! પ્રાપ્ત થએલ સુખનો ત્યાગ કરી અદૃષ્ટ સુખની વાંછા કરવી તે અજ્ઞાન લક્ષણ કહેવાય માટે આવા ઉપદેશ ન કરો અને મારી મરજી મુજબ કરો. મુનિએ કહ્યું કે ભોગવેલું સંસારસુખ દુઃખ-દાયી નીવડે માટે હું તો તેવા સુખનો ત્યાગ કરવા માગું છું. આવી રીતે મુનિએ વારંવાર કહ્યાં છતાં પણ જ્યારે ચક્રવર્તિ પ્રતિબોધ પામ્યા નહિ ત્યારે મુનિએ ધાર્યું કે પૂર્વ ભવમાં કરેલા નિયાણાથી તેને બોધ થતો નથી એમ ધારી મુનિએ ત્યાંથી વિહાર કર્યો અને ચારિત્ર પાળી મોક્ષે ગયા. ચક્રીએ પણ રાજ્યનાં સુખો અનુભવતાં ઘણો કાળ વિતાવ્યો. એક વખત પૂર્વના પરિચિત બ્રાહ્મણે આવી કહ્યું કે મને તમારૂં ભોજન ખાવાની ઈચ્છા થઈ છે. ચક્રિએ કહ્યું કે મારૂં ભોજન ખાવા તું સમર્થ નથી. મારૂં ભોજન બીજાને પચે નહિ. બ્રાહ્મણે કહ્યું કે, તારી રાજલક્ષ્મીને ધિક્કાર છે. માત્ર અન્ન દેવામાં પણ તું આવો વિચાર કરે છે

તો બીજું શું આપીશ ? ચક્રીએ તેના આગ્રહથી કુટુંબ સહિત સર્વેને ભોજન કરાવ્યું. જમીને ઘરે જઈ રાત્રીમાં અત્યંત ઉન્માદમાં ભાન ભુલી ગમે તેમ બોલવા અને અકાર્ય કરવા લાગ્યાં. બીજે દિવસે ઉન્માદ શાંત થતાં પરીજનને મોઢું શું બતાવું એવા ભયથી નગર બહાર નીકળી ગયો. ત્યાં એક બકરાના ટોળાનો પાલક રબારી કાંકરીઓ વતી નિશાન તાકી પીંપળાના પાનમાં છીંડો પાડતો જોયો. બ્રાહ્મણે વિચાર્યું કે આ મારા ધારેલા કામને પાર પાડે તેવો છે. તેને પોતાને ઘેર લઈ જઈ જમાડીને બધી વસ્તુ આપી રાજી કર્યો. પછી એકાંતમાં કહ્યું કે રાજાની બે આંખો બરાબર નિશાન તાકીને તારે ફોડી નાખવી. રબારીએ તેમ કરવું કબૂલ કર્યું. એક વખત બ્રહ્મદત્ત ચક્રી નગર બહાર નીકળતાં ભીંત આગળ સંતાઈ રહેલા રબારીએ બરાબર તાકીને બે કાંકરી વડે રાજાની બે આંખો ફોડી નાખી. રાજાએ તે વૃતાંત જાણી તેને કોપ થયો એટલે તે બ્રાહ્મણને કુટુંબ સહિત મરાવી નાખ્યો. પછી તો આખી બ્રાહ્મણ જાતિ ઉપર દ્વેષ થતાં મંત્રીને કહ્યું કે આ થાળ ભરાય તેટલી બ્રાહ્મણોની આંખો ફોડાવી લાવ, તેને હું મારા હાથથી ચોળીને વેર વાળીશ. મંત્રીએ જાણ્યું કે રાજાને દુષ્કર્મનો ઉદય થયો છે એટલે આવો સંકલ્પ કરે છે. આમ જાણી શાખીર વૃક્ષનાં ફળનો થાળ ભરી તેના આગળ મૂકે એટલે તે રાજા બ્રહ્મણોના નેત્રો માની ચોળી નાખતો. આવો ઘોર અધ્યવસાય રોજ કરી પાપ બાંધતો હતો. એકંદરે સાતસો સોળ વર્ષનું આયુષ્ય ભોગવી રૌદ્ર ધ્યાનના કારણે મરીને સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમના

આયુષ્યે ઉત્પન્ન થયો. ચક્રી ચક્રીપણામાં મરે તો સાતમી નરકે જાય પણ રાજ્ય ત્યજી ધર્મ માર્ગે વળે તો તે જ ભવે મોક્ષે જાય કે સ્વર્ગે જાય. તે મુજબ શુભુમ અને બ્રહ્મદત્ત એ ચક્રી નિયાણુ કરીને આવેલા હોવાથી સાતમી નરકે ગયા. આઠ ચક્રો મોક્ષે ગયા, અને મઘવા અને સનત્કુમાર એ ચક્રી દેવલોકે ગયા છે. શાંતિ, કુંથુ ને અર એ ત્રણ ચક્રી તો તીર્થંકરપદ પ્રાપ્ત કરી મોક્ષે ગયા છે. ત્રિષષ્ઠિ સલાકા પુરૂષ ચરિત્રમાં ચોવીશ તીર્થંકરો, બાર ચક્રવર્તિઓ, નવ બળદેવો, નવ વાસુદેવો ને નવ પ્રતિવાસુદેવોનાં ચરિત્રો વિસ્તારથી કહેલા છે. તીર્થંકરો તદ્ભવ મોક્ષગામી હોય છે. બળદેવો પણ સ્વર્ગે કે મોક્ષે જાય છે. પણ વાસુદેવ અને પ્રતિવાસુદેવો નિયાણુ કરીને આવ્યા હોય છે તેથી નરકે જાય છે. પ્રતિવાસુ–દેવે મેળવેલું રાજ્ય તેનો નાશ કરી વાસુદેવ ભોગવે છે. વાસુદેવ ને બળદેવ એક જ પિતાના પુત્ર હોય છે.

## હવે તેરમું અધ્યયન શરૂ થાય છે

જાઈપરાજઈઓ ખલુ, કાસી નિયાણં તુ હત્થિણપુરમ્મિ ।
ચુલણીએ બંભદત્તો, ઉવવન્નો પઉમગુમ્માઓ ॥ ૧ ॥

ચંડાલની જાતિથી પરાભવ પામેલો સંભૂત હસ્તિનાપુરમાં નિયાણાને કરતો હતો પછી પદ્મગુલ્મ થકી ચ્યવીને ચુલણીની કુખે બ્રહ્મદત્ત ચક્રીપણે ઉત્પન્ન થયા.

કંપિલ્લે સંભૂઓ, ચિત્તો પુણ જાઓ પુરિમતાલમ્મિ ।
સેટ્ઠિકુલમ્મિ વિસાલે, ધમ્મં સોઊણ પવ્વઇઓ ॥ ૨ ॥

કાંપીલ્ય નગરમાં સંભૂતનો જીવ ઉત્પન્ન થયો. વળી ચિત્રનો જીવ પુરિમતાલનગરીને વિષે વિશાલ એવા શ્રેષ્ટિના કુલમાં ઉત્પન્ન થયો. ત્યાં ધર્મ સાંભળીને પ્રવ્રજ્યા લીધી.

**કંપિલ્લમ્મિ ય નયરે, સમાગયા દો વિ ચિત્તસંભૂયા ।**
**સુહદુક્ખફલવિવાગં, કહંતિ તે એક્કમિક્કસ્સ ॥ ૩ ॥**

કંપિલનગરમાં ચિત્ર અને સંભૂત બન્ને એકઠા થયા ત્યાં તે બન્ને એકબીજાને સુખદુઃખના ફળના વિપાકને કહે છે.

**ચક્કવટ્ટી મહિડ્ઢીઓ, બંભદત્તો મહાયસો ।**
**ભાયરં બહુમાણેણં, ઇમં વયણમબ્બવી ॥ ૪ ॥**

મોટી સમૃદ્ધિવાળા તથા મોટા યશવાળો બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પોતાના પૂર્વભવના ભાઈને બહુમાન વડે આ પ્રમાણે વચન કહ્યું.

**આસીમો ભાયરા દો વિ, અન્નમન્નવસાણુગા ।**
**અન્નમન્નમણૂરત્તા, અન્નમન્નહિતેસિણો ॥ ૫ ॥**

આપણે બંને ભાઈઓ પરસ્પર એકબીજાને વશવર્તિ હતા. તથા પરસ્પર પ્રીતિયુક્ત હતા તથા પરસ્પર હિતેષી હતા.

**દાસા દસણ્ણે આસી, મિયા કાલિંજરે નગે ।**
**હંસા મયંગતીરે, સોવાગા કાસિભૂમિએ ૬ ॥**

દશાર્ણ દેશમાં આપણે દાસ હતા. કાલિંજર પર્વત ઉપર મૃગો થયા. મૃતગંગા નદીના તીરે હંસો થયા હતા અને કાશી દેશમાં ચંડાળ થયા હતા.

દેવા ય દેવલોગમ્મિ, આસિ અમ્હે મહિડ્ઢિયા ।
ઇમા નો છટ્ઠિયા જાઈ, અન્નમન્નેણ જા વિણા ॥ ૭॥

ત્યાર પછી દેવલોકમાં આપણે મહર્ધિકદેવો થયા હતા. આ પરસ્પર વડે જે વિયોગશાલી આપણી છઠ્ઠી જાતિ થઈ છે.

કમ્મા નિયાણપયડા, તુમે રાય વિચિંતિયા ।
તેસિં ફલવિવાગેણ, વિપ્પઓગમુવાગયા ॥ ૮ ॥

હે રાજા! તમે કર્મો નિયાણા વડે કર્યાં છે, ચિંતવ્યા છે તે કર્મોનો ફલપણે વિપાકે કરીને આપણે પરસ્પર વિયોગને પામ્યા છીએ.

સચ્ચસોયપ્પગડા, કમ્મા મએ પુરા કડા ।
તે અજ્જ પરિભુંજામો, કિં તુ ચિત્તો વિ સે તહા ॥ ૯ ॥

મેં પૂર્વભવમાં સત્ય અને શૌચ કરનાર અનુષ્ટાન કર્યા હતા. તે કર્મોના ફલને આજે હું અનુભવું છું. તે શુભ કર્મોને શું ચિત્ર નામના તમે પણ ભોગવો છો. તમે નથી ભોગવતા. તમે તો ભિક્ષુક છો તેથી તે સુકૃતો નિષ્ફળ જ બન્યાં.

સવ્વં સુચિણ્ણં સફલં નરાણં, કડાણ કમ્માણ ન મોક્ખો અત્થિ ।
અત્થેહિ કામેહિ ય ઉત્તમેહિં, આયા મમં પુણ્ણફલોવવેઓ॥૧૦॥

સર્વ શુભ આચરણ મનુષ્યોને સફળ જ છે. કરેલાં કર્મોથી મોક્ષ થતો જ નથી. તેથી મારો આત્મા ઉત્તમ એવા અર્થ વડે તથા કામ ભોગ વડે પુણ્યના ફળ વડે યુક્ત જ હતો.

જાણાહિ સંભૂય મહાણુભાગં, મહિદ્દિયં પુણ્ણફલોવવેયં ।
ચિત્તં પિ જાણાહિ તહેવ રાયં,
ઇડ્ઢી જુઈ તસ્સ વિયપ્પભૂયા ॥ ૧૧ ॥

હે સંભૂત ! મોટા મહાત્મ્ય ને મોટી ઋદ્ધિવાળો પુણ્ય ફલવાળો માનો છો તે જ પ્રમાણે હે રાજા ! મને ચિત્રને જાણો કારણ કે જેમ તને તેમજ મારે ઋદ્ધિકાંતિ ઘણી હતી.

મહત્થરુવા વયણપ્પભૂયા, ગાહાણુગીયા નરસંઘમજ્ઝે ।
જં ભિક્ખુણો સીલગુણોવવેયા,
ઇહં જયંતે સમણો મિ જાઓ ॥ ૧૨ ॥

મહાન સ્વરૂપી તથા અલ્પ અક્ષરોવાળી ગાથા તે મનુષ્યોના સમુહ મધ્યે અનુકુળ જે ગાથાને સાંભળીને સાધુઓ શીલ આદિ ગુણોએ યુક્ત આ ધર્મને વિષે યત્ન કરે છે તે હું સાધુ થયો છું.

ઉચ્ચોયએ મહુ કક્કે ય બંભે, પવેઇયા આવસહા ય રમ્મા ।
ઇમં ગિહં ચિત્ત ધણપ્પભૂયં, પસાહિ પંચાલગુણોવવેયં ॥૧૩॥

ઉચ્ચ ઉદય, મધુ, કર્ક, અને બ્રહ્મ એ પાંચ તથા રમણીક મહેલો ભોગવો તથા આશ્ચર્યકારક ઘણું ધન પંચાલ દેશોના ગુણોયુક્ત આ ઘર છે તેનું તમે પાલણ કરો.

નટ્ટેહિ ગીએહિ ય વાઇએહિં, નારીજણાહિં પરિવારયંતો ।
ભુંજાહિ ભોગાઇ ઇમાઇ ભિક્ખૂ,
મમ રોયઈ પવ્વજ્જા હુ દુક્ખં ॥ ૧૪ ॥

નાટકો વડે સંગીતો વડે વાજીંત્ર વડે તથા સ્ત્રીજનો વડે પરિવરેલા એવા હે મુનિ ! આ ભોગોને ભોગવો કારણ કે મને ભાસે છે કે પ્રવજ્યા પાળવી તે દુઃખ જ છે.

તં પુવ્વનેહેણ કયાણુરાગં, નરાહિવં કામગુણેસુ ગિદ્ધં ।
ધમ્મસ્સિઓ તસ્સ હિયાણુપેહી,
ચિત્તો ઇમં વયણમુદાહરિત્થા ॥ ૧૫ ॥

પૂર્વના સ્નેહે કરીને રાગયુક્ત લુબ્ધ થએલા તે નરાધીપ ને ધર્મમાં સ્થિર થએલા તથા ચક્રવર્તીના હિતાનુપ્રેક્ષા એવા ચિત્રમુનિ આ પ્રમાણે વચન બોલતા હતા.

સવ્વં વિલવિયં ગીયં, સવ્વં નટ્ટં વિડંબિયં ।
સવ્વે આભરણા ભારા, સવ્વે કામા દુહાવહા ॥ ૧૬ ॥

હે રાજા ! સર્વ પ્રકારનું ગીત વિલાપ તુલ્ય છે, સર્વ પ્રકારનું નૃત્ય વિટંબણારૂપ છે. સર્વ અલંકારો ભારભૂત છે અને સર્વ પ્રકારના કામભોગો દુઃખ આપનારા છે.

બાલાભિરામેસુ દુહાવહેસુ, ન તં સુહં કામગુણેસુ રાયં ।
વિરત્તકામાણ તવોહણાણં,
જં ભિક્ખુણં સીલગુણે રયાણં ॥ ૧૭ ॥

હે રાજા ! કામભોગથી વિરક્ત તપ રૂપી ધનવાળો શીલાદિ ગુણમાં આસક્ત સાધુઓને જે સુખ હોય છે તે સુખ મૂઢ પુરૂષોને મનોહર દુઃખને આપનાર કામ ભોગોને વિષે હોતું નથી.

નરિંદ જાઈ અહમા નરાણં, સોવાગજાઈ દુહઓ ગયાણં ।
જહિં વયં સવ્વજણસ્સ વેસ્સા,
વસી ય સોવાગનિવેસણેસુ ॥ ૧૮ ॥

હે રાજા ! ચંડાળની જાતિને પ્રાપ્ત થએલા બન્નેની મનુષ્યો મધ્યે અધમ જાતિ હતી. તે જાતિમાં કેવી રીતે આપણે બંને સૌના દ્વેષી ચંડાળના ઘરે વસ્યા હતા.

તીસે ય જાઈઇ ઉ પાવિયાએ, વુચ્છામુ સોવાગનિવેસણેસુ ।
સવ્વસ્સ લોગસ્સ દુગંછણિજ્જા,
ઇહ તુ કમ્માઇ પુરે કડાઈં ॥ ૧૯ ॥

તથા પાપી એવી તે જાતિને વિષે સર્વલોકને જુગુપ્સા કરવા આપણે ચંડાળના ઘરને વિષે વસ્યા હતા. અહિં પૂર્વે કરેલાં કર્મો પ્રગટ થયા છે.

સો દાણિ સિં રાય મહાણુભાગો,
મહિઇઢિઓ પુણ્ણફલોઅવેઓ ।
ચઇત્તુ ભોગાઇ અસાસયાઇં,
આદાણહેઉં અભિણિક્ખમાહિ ॥ ૨૦ ॥

તે હમણાં મોટા પ્રમાણવાળા તથા મોટી ઋદ્ધિવાળા પુણ્યના ફલે કરી સહિત રાજા છો, આદાન અશાશ્વત ભોગોને તજીને સર્વથા દીક્ષા ગ્રહણ કરો.

ઇહ જીવિએ રાય અસાસયમ્મિ,
ધણિયં તુ પુણ્ણાઇ અકુબ્બમાણો ।
સે સોયઈ મચ્ચુમુહોવણીએ,
ધમ્મં અકાઊણ પરમ્મિ લોએ ॥ ૨૧ ॥

હે રાજા! આ મનુષ્યનું જીવીત અત્યંત અશાશ્વત શુભ અનુષ્ઠાનને નહિ કરતો એવો તે મૃત્યુ નજીક આવતે છતે શોક કરે છે તથા ધર્મને નહિ કરીને પરલોકમાં જઇને શોક કરે છે.

જહેહ સીહો વ મિયં ગહાય, મચ્ચૂ નરં નેઈ હુ અંતકાલે ।
ન તસ્સ માયા વ પિયા વ ભાયા,
કાલમ્મિ તમ્મંસહરા ભવંતિ ॥ ૨૨ ॥

જેમ આ સિંહ મૃગને ગ્રહણ કરીને તે જ પ્રમાણે યમરાજ નિશ્ચે અંતકાળે આયુષ્ય પૂરું થાય ત્યારે મનુષ્યને પોતાને વશ કરે છે તે વખતે માતાપિતા કે ભાઈ કોઈ પોતાનું જીવીત દેવાવાળા થતા નથી. મૃત્યુથી તો દૂર રહ્યું, પણ દુઃખથી પણ રક્ષણ આપી શકતા નથી.

ન તસ્સ દુકખં વિભયંતિ નાઈઓ,
ન મિત્તવગ્ગા ન સુયા ન બંધવા ।
એક્કો સયં પચ્ચણુહોઇ દુક્ખં,
કત્તારમેવ અણુજાઇ કમ્મં ॥ ૨૩ ॥

તે મનુષ્યના દુઃખને દૂરના સ્વજનો વિભાગ કરી શકતા નથી તથા મિત્રવર્ગ વિભાગ કરી શકતા નથી. બંધુઓ દુઃખને અનુભવે છે. કર્મ જે તે કર્તાને જ અનુસરે છે. જેમ વાછડો પોતાની માને ગોતી લે છે તેમ.

ચેચ્ચા દુપયં ચ ચઉપ્પયં ચ,
ખેત્તં ગિહં ધણધન્નં ચ સવ્વં ।
સકમ્મબીઓ અવસો પયાઈ,
પરં ભવં સુંદર પાવગં વા ॥ ૨૪ ॥

કર્મ સંઘાતે છે એવો તથા પરાધિન એવો સર્વ દ્વિપદ ચતુષ્પદ ક્ષેત્ર ઘર ધન ધાન્યને તજીને શુભઅશુભ એવા પરભવ પ્રત્યે જાય છે.

તં એક્કં તુચ્છસરીરગં સે, ચિઇગયં દહિય ઉ પાવગેણ ।
ભજ્જા ય પુત્તાવિ ય નાયઓ ય,
દાયારમન્નં અણુસંકમંતિ ॥ ૨૫ ॥

તે મૃત થએલાનું એકલું તુચ્છ શરીર ચીતામાં પાડી અગ્નિ વડે બાળીને પછી તેની ભાર્યા તથા પુત્ર ને જ્ઞાતીજનો અન્ય તેમનું ભરણપોષણ દેનાર કોઈ બીજાને અનુસરે છે.

ઉવણિજ્જઈ જીવિયમપ્પમાયં, વણ્ણં જરા હરઈ નરસ્સ રાયં।
પંચાલરાયા વયણં સુણાહિ,
મા કાસિ કમ્માઇ મહાલયાઇં ॥ ૨૬ ॥

હે રાજા! નરનું જીવીત વગર પ્રમાદે મૃત્યુ પાસે કર્મો જ લઈ જાય છે અને જરા રૂપને હરે છે માટે હે પંચાલ દેશના રાજન! આ મારૂં વચન સાંભળો. મોટા મહેલ બંધાવવા વગેરે કર્મો કરશો નહિ.

અહં પિ જાણામિ જહેહ સાહૂ,
જં મે તુમં સાહસિ વક્કમેયં।
ભોગા ઇમે સંગકરા હવંતિ,
જે દુજ્જયા અજ્જો અમ્હારિસેહિં ॥ ૨૭ ॥

હે સાધો! આ સંસારમાં જેમ છે તે હું પણ બધું જાણું છું કે જે તમે મને આ વચન વડે શિખવ્યું. આ બધા ભોગ સંગ કર સંસાર બંધનકારક હોય છે કે જે આજે અમારા જેવા ભારે કર્મીજનોને દુસ્ત્યાજ્ય હોય છે.

હત્થિણપુરમ્મિ ચિત્તા, દટ્ઠૂણં નરવઇં મહિડ્ઢિયં।
કામભોગેસુ ગિદ્ધેણં, નિયાણમસુહં કડં ॥ ૨૮ ॥

હે ચિત્ર! હસ્તિનાપુરમાં મોટી ઋદ્ધિવાળા નરપતિને જોઈને કામભોગમાં લોલુપ થએલા મેં અશુભ નિયાણું કર્યું હતું.

તસ્સ મે અપ્પડિકંતસ્સ, ઇમં એયારિસં ફલં ।
જાણમાણો વિ જં ધમ્મં, કામભોગેસુ મુચ્છિઓ ॥ ૨૯ ॥

તે નિયાણાથી નિવૃત્ત ન થએલા મને આ આવા પ્રકારનું ફળ મળ્યું. જે ધર્મને જાણતો છતો હું કામભોગમાં મૂર્છિત થયો.

નાગો જહા પંકજલાવસન્નો, દઠ્ઠું થલં નાભિસમેઈ તીરં ।
એવં વયં કામગુણેસુ ગિદ્ધા,
ન ભિક્ખુણો મગ્ગમણુવ્વયામો ॥ ૩૦ ॥

જેમ કીચડવાળા પાણીમાં ખુંચેલો હાથી સામે દેખાતા તીર પ્રદેશને જોવા છતાં તીરે આવી શકતો નથી. એમ અમે કામગુણોમાં લોલુપ હોઈને ભિક્ષુના માર્ગને અનુસરી શકતા નથી.

અચ્ચેઈ કાલો તૂરંતિ રાઈઓ,
ન યાવિ ભોગા પુરિસાણ નિચ્ચા ।
ઉવિચ્ચ ભોગા પુરિસં ચયંતિ,
દુમં જહા ખીણફલં વ પકખી ॥ ૩૧ ॥

કાળ ચાલ્યો જાય છે, રાત્રિઓ ઉતાવળ કરે છે. પુરૂષોના ભોગો પણ નિત્ય નથી કારણ કે ભોગો પુરૂષો પાસે આવીને પાછા પુરૂષને ત્યજી દીયે છે. જેમ વૃક્ષમાં રહેતા પંખીઓ વૃક્ષના ફળ ક્ષીણ થાય ત્યારે તે વૃક્ષને ત્યજી દે છે.

જઇ તં સિ ભોગે ચઇઉં અસત્તો,
અજ્જાઇ કમ્માઇ કરેહિ રાય ।
ધમ્મે ઠિઓ સવ્વપયાણુકંપી,
તો હોહિસિ દેવો ઇઓ વિઉવ્વી ॥ ૩૨ ॥

કદાચ તમે ભોગોને ત્યજવા અશક્ત હો તો હે રાજા! આર્યકર્મ કરો. ધર્મમાં સ્થિર રહી સર્વ પ્રજા પર દયાભાવ-વાળા થાઓ તેથી તમે આ ભવ પછી વૈક્રિય દેહવાળા દેવ થશો.

**ન તુજ્ઝ ભોગે ચઇઊણ બુદ્ધી, ગિદ્ધો સિ આરંભપરિગ્ગહેસુ**
**મોહં કઓ એત્તિઉ વિપ્પલાવો,**
**ગચ્છામિ રાયં આમંતિઓ સિ ॥ ૩૩ ॥**

ભોગોનો ત્યાગ કરવાની તમારી બુદ્ધિ થતી નથી કિંતુ આરંભ પરિગ્રહને વિષે તમે લોલુપ છો. મેં આટલો વાણીનો પ્રલાપ વ્યર્થ કર્યો. હે રાજા! હું જાઉ છું. તમારી રજા મેં લીધી છે,

**પંચાલરાયા વિ ય બંભદત્તો,**
**સાહુસ્સ તસ્સ વયણં અકાઉં ।**
**અણુત્તરે ભુંજિય કામભોગે, અણુત્તરે સો નરએ પવિટ્ઠો ॥ ૩૪ ॥**

પંચાલ દેશનો રાજા બ્રહ્મદત્ત ચક્રવર્તિ તે સાધુના વચનો, ન સ્વિકારીને અનુત્તર કામભોગો ભોગવીને અનુત્તર નરકે ગયા એટલે સાતમી નરકે ઉત્પન્ન થયા.

**ચિત્તો વિ કામેહિ વિરત્તકામો, ઉદગ્ગચારિત્તતવો મહેસી ।**
**અણુત્તરં સંજમ પાલઇત્તા, અણુત્તરં સિદ્ધિગઇં ગઆ ॥૩૫॥**

કામભોગથી જેની અભિલાષા નિવૃત્ત થઈ છે તથા ઉત્તમ સાધુનો આચાર ને તપવાળા મહર્ષિ ચિત્રમુનિ પણ સર્વોત્કૃષ્ટ સંયમ પાળી અનુત્તમ સિદ્ધિગતિને પામ્યા.

**ત્તિ બેમિ ॥ ઇતિ ચિત્તસંભૂઇજ્જં ણામ તેરહમં અજ્ઝયણં સમત્તં ॥ ૧૩ ॥**

# ચૌદમું ઈષુકારીય અધ્યયન

ચિત્ર અને સંભૂતના પૂર્વભવના બે મિત્રો ગોપ બાળકો હતા તે દેવલોકે ગએલા ત્યાંથી ચ્યવીને ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં કોઈ ધનાઢયને ત્યાં અવતર્યા. ત્યાં તેઓને ચાર મિત્રો થયા. આ છએ જણા સ્થવીરોની સમીપે ધર્મ શ્રવણ કરી સાધુ થયા. ઘણા કાળ સુધી સંયમ પાળી ભકત પ્રત્યાખ્યાન લઈ કાળ કરી સૌધર્મકલ્પમાં પદ્મગુલ્મ વિમાનને વિષે છએ મિત્રો પલ્યોપમના આયુષ્યવાળા દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તે બે ગોપ બાળક સિવાય ચાર દેવો ચ્યવીને કુરૂદેશમાં ઈષુકાર નગરમાં અવતર્યા. તેમાં પહેલો ઈષુકાર નગરનો રાજા થયો. બીજો તે રાજાની રાણી કમળાવતી નામે થઈ. ત્રીજો તે રાજાનો ભૃગુ નામે પુરોહિત થયો અને ચોથો તે પુરોહિતની પત્નિ જશા નામે વિશિષ્ટ ગોત્રવાળી થઈ એ. ભૃગુ પુરોહિત અત્યંત સંતાનની અભિલાષા રાખતો હતો અને સંતાન પ્રાપ્તિ માટે દેવોની યાચના કરતો. કોઈ સામુદ્રિક જાણનાર મળે તેને પોતાનો હાથ બતાવી સંતાન બાબત પૂછતો. પેલા બે ગોપ બાળકો દેવભવમાંથી ચ્યવીને ભૃગુ પુરોહિતના પુત્ર થઈશું એમ અવધિજ્ઞાનથી જાણીને શ્રમણ રૂપ કરી ભૃગુને ઘેર આવ્યા. ભૃગુ પુરોહિત અને જશા ભાર્યાએ તેમને વંદન કર્યું. સુખાસન પર બેસાડયા પછી તેઓએ શ્રાવકધર્મ સમજાવ્યો. બંને જણે શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં. પુરોહિતે કહ્યું કે હે ભગવંત! અમને પુત્ર થશે કે નહિ. ત્યારે સાધુએ કહ્યું કે તમને બે પુત્ર થશે. પણ તે બંને

બાલ્યાવસ્થામાં જ પ્રવ્રજ્યા ગ્રહણ કરશે. તેમાં તમે અંતરાય કરશો નહિ. તેઓ દીક્ષા લઈ ઘણા લોકોને પ્રતિબોધ આપશે. આટલું કહી તે બંને દેવો પોતાને સ્થાને ગયા. તે પછી થોડા જ સમયમાં ચ્યવીને જશા ભાર્યાના ઉદરમાં અવતર્યા. આ પુરોહિત પોતાની ભાર્યાને સાથે લઈ નગરમાંથી નીકળીને પાસેના ગામડામાં જઈને રહ્યા. ત્યાં બ્રાહ્મણીને પ્રસવ થયો. બે બાળકો જોડલા રૂપે જન્મ્યા. આ બાળકો સમજણા થયા ત્યારથી તેઓના માતાપિતાએ તેઓ દીક્ષા ન લે માટે શિખવવા માંડયું કે આ જે મુંડેલા માથાવાળા સાધુઓ દેખાય છે તે બાળકોને લઈ જઈ તેને મારીને ખાય છે તેથી તેઓની પાસે કદાપિ જવું નહિ. એક વખતે તે બાળકો ગામની બહાર રમત કરતા હતા ત્યાં વિહાર કરીને થાકી ગએલા સાધુઓને આવતા જોયા. આ સાધુઓને જોઈ ભયભીત થએલા બે બાળકો દોડીને વડના ઝાડ પર ચઢી ગયા. એ જ વડના ઝાડ તળે પેલા સાધુએ આવીને બેઠા અને પ્રથમ લાવેલ અન્નનું ભોજન કરવા બેઠા. પેલા વડ ઉપર બેઠેલા બે બાળકો ઉપરથી જુએ છે તો સ્વાભાવિક અન્નપાન જોયું તેથી તે વિચારવા લાગ્યા કે એમની પાસે બાળમાસ જેવું તો કંઈ દેખાતું નથી. પછી ઉહાપોહ કરતાં તેમને પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું. તેથી પ્રતિબોધ પામી નીચે ઉતરી સાધુઓને વંદન કરી માતાપિતા પાસે જઇને અધ્યયનમાં કહેલા વાક્યો વડે મા-બાપને પ્રતિબોધ આપ્યો. એટલે તેઓ બંને પણ તે બાળકો સાથે દીક્ષા લેવા તૈયાર થયા. આ પુરોહિતનું ધન

લઈ લેવા ઇચ્છતા રાજાને રાણીએ પ્રતિબોધ આપ્યો એટલે રાજા ને રાણી પણ દીક્ષા લેવા તૈયાર થયાં. આ રીતે કુલ છએ જણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. હવે સૂત્રનું વ્યાખ્યાન શરૂ થાય છે.

દેવા ભવિત્તાણ પુરે ભવમ્મી, કેઈ ચુયા એગવિમાણવાસી ।
પુરે પુરાણે ઉસુયારનામે, ખાએ સમિદ્ધે સુરલોગરમ્મે ॥ ૧ ॥
સકમ્મસેસેણ પુરાકએણં, કુલેસુદગ્ગેસુ ય તે પસૂયા ।
નિવ્વિણ્ણસંસારભયા જહાય, જિણિંદમગ્ગં સરણં પવન્ના ॥ ૨ ॥

પૂર્વભવમાં એક જ વિમાનમાં નિવાસ કરનારા કેટલાક દેવો થઈને પછી તે દેવભવથી ચ્યુત થએલા તેઓ ઇષુકાર નામે પ્રખ્યાત દેવલોક જેવા રમણીય સમૃદ્ધિવાળા પુરાતનપુરમાં પૂર્વે કરેલા પોતાના કર્મો અવશેષશુભાંસ વડે ઉંચા કુળમાં જન્મ્યા. ત્યાં સંસારના ભયથી કંટાળી વિષયસુખનો ત્યાગ કરી જિનેન્દ્રમાર્ગનું શરણ પામ્યા. જિનધર્મ આદર્યો.

પુમત્તમાગમ્મ કુમાર દો વી, પુરોહિઓ તસ્સ જસા ય પત્તી ।
વિસાલકિત્તી ય તહોસુયારો,
રાયત્થ દેવી કમલાવઈ ય ॥ ૩ ॥

પુરૂષપણાને પામીને બેય કુમાર થયા. પુરોહિત તથા તેની યશા નામે પત્ની તથા વિશાળ કીર્તિમાન ઇષુકાર રાજા તથા તેની રાણી કમળાવતી એમ છએ જીવો ઉત્પન્ન થયા.

જાઈજરામચ્ચુભયાભિભૂયા, બહિંવિહારાભિનિવિટ્ઠચિત્તા ।
સંસારચક્કસ્સ વિમોકખણટ્ઠા,
દટ્ઠૂણ તે કામગુણે વિરત્તા ॥ ૪ ॥

જન્મ જરા મૃત્યુ ઇત્યાદિ ભયથી પરાભવ પામેલા તથા અહિવિંહારાદિકમાં જેઓનું ચિત્ત નિવિષ્ટ થએલું હોય છે તેવા એ બેય કુમારો સાધુઓને જોઈને સંસારચક્રમાંથી છુટ-કારો થવા માટે કામભોગમાં વિરક્ત થયા.

**પિયપુત્તગા દોન્નિ વિ માહણસ્સ,**
**સકમ્મસીલસ્સ પુરોહિયસ્સ ।**
**સરિત્તુ પોરાણિય તત્થ જાઈં, તહા સુચિણ્ણં તવસંજમં ચ ॥ ૫ ॥**

પોતાના કર્મમાં તત્પર એ પુરોહિત બ્રાહ્મણના બેય પુત્રો તે ગામમાં પૂર્વભવની જાતિનું સ્મરણ કરીને તથા પૂર્વે સમ્યગ પ્રકારે આચરેલાં તપ તથા સંયમને યાદ કરીને કામ-ભોગથી વિરક્ત થયા.

**તે કામભોગેસુ અસજ્જમાણા, માણુસ્સએસું જે યાવિ દિવ્વા ।**
**મોક્ખાભિકંખી અભિજાયસડ્ઢા,**
**તાયં ઉવાગમ્મ ઇમં ઉદાહુ ॥ ૬ ॥**

તે મનુષ્ય સંબંધી કામભોગમાં આસક્ત થએલા તેમજ દેવ સંબંધી ભોગને પણ નહિ ચાહનારા માત્ર મોક્ષની જ અભિકાંક્ષાવાળા અને જેઓને તત્ત્વરૂચી થઇ ચુકી છે એવા બંને કુમારો માતાપિતા પાસે જઇને આ પ્રમાણે બોલ્યા.

**અસાસયં દટ્ઠુ ઈમં વિહારં વહુ અંતરાયંન ય દીહમાઉં**
**તમ્હા ગિહંસિ ન રઈં લભામો,**
**આમંતયામો ચરિસ્સામુ મોણં ॥ ૭ ॥**

આ મનુષ્યત્વ અશાશ્વત છે તથા બહુ અંતરાયવાળો છે. એમ જોઇને તેમજ દીર્ઘ આયુષ્ય પણ નથી તે કારણથી

અમે ઘરમાં રતિ પ્રીતિ નથી પામતા માટે આપની રજા માગીએ છીએ કે અમે મુનિધર્મનું આચરણ કરીએ. (અમને દીક્ષા લેવા રજા આપો)

અહ તાયગો તત્થ મુણીણ તેસિં, તવસ્સ વાઘાયકરં વયાસી ।
ઇમં વયં વેયવિઓ વયંતિ,
જહા ન હોઈ અસુયાણ લોગો ॥ ૮ ॥

તે પછી તે મુનિ થવા તૈયાર થએલા પુત્રોને તેના પિતા તપને વ્યાઘાત કરનારૂં બોલ્યા કે અપુત્રીઆને પરલોક મળતો નથી એવું વેદને ભણનારા કહે છે.

અહિજ્જ વેએ પરિવિસ્સ વિપ્પે,
પુત્તે પરિટ્ઠપ્પ ગિહંસિ જાયા ।
ભોચ્ચાણ ભોએ સહ ઇત્થિયાહિં,
આરણ્ણગા હોહ મુણી પસત્થા ॥ ૯ ॥

હે પુત્રો! વેદાધ્યયન કરીને તથા વિપ્રોને જમાડીને તેમ ઘરને વિષે પુત્રોને સ્થાપન કરીને અને સ્ત્રીઓની સાથે ભોગ ભોગવીને પછી અરણ્યમાં જઈને તમે પ્રશસ્ત મુનિ થજો.

સોયગ્ગિણા આયગુણિંધણેણં,
મોહાણિલા પજ્જલણાહિએણં ।
સંતત્તમાચં પરિતપ્પમાણં,
લાલપ્પમાણં બહુહા બહું ચ ॥ ૧૦ ॥

પુરોહિયં તં કમસો અણુણંતં,
નિમંતયંતં ચ સુએ ધણેણં ।
જહક્કમં કામગુણેહિ ચેવ,
કુમારગા તે પસમિકખ વક્કં ॥ ૧૧ ॥

આત્મગુણુ કે રાગાદિક જેમાં ઇંધન કાષ્ટરૂપ છે. મોહ રૂપી વાયુ વડે અધિક પ્રજવલનને પામેલા શોકાગ્નિ વડે જેનું અંતઃકરણ તપી ગયું છે એવા તથા મનમાં અત્યંત સંતાપ કરતા તેમજ અનેક પ્રકારે દીન વચનો બોલતા તથા ક્રમેક્રમે અનુભવ કરતા વળી પુત્રોને ધન વડે નિમંત્રણ કરતા તેમજ કામ–ભોગ વડે નિમંત્રણ કરતા તે પિતાને મોહાવૃત બુદ્ધિવાળા જોઈને તે કુમારો આ પ્રમાણે બોલ્યા–

વેયા અહીયા ન ભવંતિ તાણં,
ભુત્તા દિયા નિંતિ તમં તમેણં ।
જાયા ય પુત્તા ન હવંતિ તાણં,
કો ણામ તે અણુમન્નેજ્જ એયં ॥ ૧૨ ॥

વેદો રક્ષણ કરનાર થતા નથી. ભોજન કરાએલા બ્રાહ્મણો પણ નિશ્ચે નરકમાં લઈ જાય છે. વળી ભાર્યા તથા પુત્રો રક્ષણ કરનાર થતા નથી તો તમારા એ વચનને કોણ અનુમતિ આપે?

ખણમેત્તસોકખા બહુકાલદુકખા,
પગામદુકખા અણિગામસોકખા ।
સંસારમોકખસ્સ વિપકખભૂયા, ખાણી અણત્થાણ ઉ
કામભોગા ॥ ૧૩ ॥

કામભોગ ક્ષણમાત્ર સુખ આપનારા અને બહુ કાળ સુધી દુઃખ દેનારા છે. અત્યંત દુઃખરૂપ છે. સ્વલ્પ સુખવાળા હોવાથી સંસાર મોક્ષનો વિરોધી છે, અને અનર્થની ખાણ છે.

પરિવ્વયંતે અનિયત્તકામે, અહો ય રાઓ પરિતપ્પમાણે ।
અન્નપ્પમત્તે ધણમેસમાણે, પપ્પોત્તિ મચ્ચું પુરિસે જરં ચ
॥ ૧૪ ॥

ચારેકોર ભટકતો જેની કામના નિવૃત્ત થઇ નથી તેવો દિવસ અને રાત્રિ પરિતાપ કર્યા કરતો તથા બીજા માટે પ્રમત્ત બની ધનની વાંછા કરતો પુરૂષ મૃત્યુ તથા ઘડપણને પામે છે.

ઇમં ચ મે અત્થિ ઇમં ચ નત્થિ,
ઇમં ચ મે કિચ્ચ ઇમં અકિચ્ચં ।
તં એવમેવં લાલપ્પમાણં, હરા હરંતિ ત્તિ કહં પમાએ
॥ ૧૫ ॥

આ મારે છે અને આ મારે નથી, આ મેં કર્યું અને આ મેં નથી કર્યું–એવી રીતે લવારો કરનારા તે પ્રમાદીને રાત્રિ દિવસો હરી જાય છે. માટે પ્રમાદ શા સારૂં કરાય છે?

ધણં પભૂયં સહ ઇત્થિયાહિં,
સયણા તહા કામગુણા પગામા ।
તવં કએ તપ્પઈ જસ્સ લોગો,
તં સવ્વસાહીણમિહેવ તુબ્ભં ॥ ૧૬ ॥

પુષ્કળ ધન, સ્ત્રીઓ સહિત સ્વજનો, મનગમતા કામ–ભોગો આ સઘળું જેને સારૂ લોક તપ તપે છે તે તો સર્વ તારે સ્વાધિન છે. આ પ્રમાણે પુરોહિત પુત્રોને લોભાવે છે.

ધણેણ કિં ધમ્મધુરાહિગારે,
સયણેણ વા કામગુણેહિ ચેવ ।
સમણા ભવિસ્સામુ ગુણોહધારી,
બહિંવિહારા અભિગમ્મ ભિક્ખં ॥ ૧૭ ॥

હે પિતા! ધર્મની ધુરા ઉઠાવવાના અધિકારમાં ધનથી શું પ્રયોજન તેમજ સ્વજનથી કે કામ ગુણોથી પણ શું

મતલબ ? અમે તો ગુણ સમુદાયને ધારણ કરનારા તથા ભીક્ષા મેળવીને બાહર વિહાર કરવાવાળા શ્રમણ થઈશું.

**જહા ય અગ્ગી અરણી અસંતો,**
**ખીરે ઘયં તેલ્લમહા તિલેસુ ।**
**એમેવ તાયા સરીરંસિ સત્તા,**
**સંમુચ્છઈ નાસઇ નાવચિટ્ઠે ॥ ૧૮ ॥**

જેમ અગ્નિ અરણીના કાષ્ટમાં પ્રથમ નહિ છતાં ઉત્પન્ન થાય છે. દુધમાં ન દેખાતું ઘી ઉત્પન્ન થાય છે, તલમાં પ્રથમ ન જણાતું તેલ ઉત્પન્ન થાય છે એમ શરીરને વિષે પણ પ્રથમ ન છતાં જીવો ઉત્પન્ન થાય છે.

**નો ઇંદિયગ્ગેજ્ઝ અમુત્તભાવા,**
**અમુત્તભાવા વિ ય હોઈ નિચ્ચો ।**
**અજ્ઝત્થહેઉં નિયયસ્સ બંધો,**
**સંસારહેઉં ચ વયંતિ બંધં ॥ ૧૯ ॥**

અમૂર્તપણાને લીધે આ આત્મા ઈન્દ્રિયો વડે ગ્રાહ્ય થતો નથી પણ અમૂર્તપણાને લીધે જ તે નિત્ય છે. આ આત્માને શરીરમાં બંધ મિથ્યાત્વાદિ હેતુવાળો નિશ્ચિત છે. તેમ બંધને જ સંસારનો હેતુ કહે છે.

**જહા વયં ધમ્મમજાણમાણા,**
**પાવં પુરા કમ્મમકાસિ મોહા ।**
**ઓરુબ્ભમાણા પરિરક્ખિયંતા,**
**તં નેવ ભુજ્જો વિ સમાયરામો ॥ ૨૦ ॥**

જેમ અમે પહેલાં ધર્મને ન જાણતા તથા અવરોધ પામતા અને સર્વ રીતે રક્ષિત રહેતા, મોહથી પાપ કર્મો કર્યા હવે ફરીને પણ પાપો નહિ જ કરશું.

અબ્ભાહયમ્મિ લોગમ્મિ સવ્વઓ પરિવારિએ ।
અમોહાહિં પડંતીહિં, ગિહંસિ ન રઈં લભે ॥ ૨૧ ॥

અમોઘ ખાલી ન જાય તેવી પડતી વિપત્તીઓ વડે ચારેકોરથી હણાતા તથા સર્વતઃ ફરતા વિંટાએલા આ લોકમાં ઘર પ્રત્યે અમને પ્રીતિ નથી.

કેણ અબ્ભાહઓ લોગો, કેણ વા પરિવારિઓ ।
કા વા અમોહા વુત્તા, જાયા ચિંતાવરો હુમે ॥ ૨૨ ॥

આ લોક કેણે અભ્યાદત છે તથા કેણે પરિવારિત છે? વળી અમોહનું શસ્ત્ર ધારા કહી તે કઇ? હે પુત્રો! હું ચિંતા પરાયણ થઉં છું.

મચ્ચુણાડબ્ભાહઓ લોગો, જરાએ પરિવારિઓ ।
અમોહા રયણી વુત્તા, એવં તાય વિજાણહ ॥ ૨૩ ॥

આ લોક મૃત્યુ એ અભ્યાહૃત છે, જરા એ પરિવારિત છે અને રાત્રી વ્યર્થ ન જાય તેથી પ્રહાર રૂપ કહી છે. એ પ્રમાણે હે તાત! વિશેષતયા જાણો.

જા જા વચ્ચઇ રયણી, ન સા પડિનિયત્તઈ ।
અહમ્મં કુણમાણસ્સ, અફલા જંતિ રાઈઓ ॥ ૨૪ ॥

જે જે રાત્રીઓ વીતે છે તે પાછી આવતી નથી. અધર્મ કરતા જીવની તે રાત્રીઓ અફળ જાય છે.

જા જા વચ્ચઇ રયણી, ન સા પડિનિયત્તઈ ।
ધમ્મં ચ કુણમાણસ્સ, સફલા જંતિ રાઇઓ ॥ ૨૫ ॥

જે જે રાત્રી દિવસો જાય છે તે પાછી આવતી નથી. પણ ધર્મ કરનારની રાત્રી દિવસો સફળ જાય છે.

એગઓ સંવસિત્તાણં, દુહઓ સમ્મત્તસંજુયા ।
પચ્છા જાયા ગમિસ્સામો, ભિક્ખમાણા કુલે કુલે ॥ ૨૬ ॥

હે પુત્રો ! સમ્યક્ત્વ વડે સંયુત એવા તમે તથા અમે બેય એક ઠેકાણે સાથે વસીને પછી ઘરે ઘરે ભીક્ષા માગતા આપણે જઈશું.

જસ્સત્થિ મચ્ચુણા સક્ખં, જસ્સ વત્થિ પલાયણં ।
જો જાણઇ ન મરિસ્સામિ, સો હુ કંખે સુએ સિયા ॥ ૨૭ ॥

જેને મૃત્યુ સાથે મૈત્રી હોય અથવા જેને નાસી જવાનું હોય તથા જે જાણતો હોય કે હું મરીશ નહિ તે જ મનુષ્ય એમ આકાંક્ષા કરે છે કે આ કામ આવતી કાલે થશે. સારૂં કામ કાલ પર મુલતવી રાખવું નહિ.

અજ્જેવ ધમ્મં પડિવજ્જયામો,
જહિં પવન્ના ન પુણબ્ભવામો ।
અણાગયં નેવ ય અત્થિ કિંચી,
સદ્ધાખમં ણે વિણઇત્તુ રાગં ॥ ૨૮ ॥

આજે જ ધર્મને પ્રતિપન્ન થઈએ, ધર્મમાં લાગી જઈએ. ધર્મને પ્રાપ્ત થએલા આપણે ફરી જન્મ પામશું નહિ. આ સંસારમાં કશું આપણને ન મળેલું હોય તેવું નથી. માટે આપણે રાગ ત્યજીને શ્રદ્ધાપૂર્વક ધર્મ કરવો યોગ્ય છે.

પહીણપુત્તસ્સ હુ નત્થિ વાસો,
વાસિટ્ઠિ ભિક્ખાયરિયાઇ કાલો ।
સાહાહિ રુક્ખો લહઈ સમહિં,
છિન્નાહિ સાહાહિ તમેવ ખાણું ॥ ૨૯ ॥

હે વાસિષ્ઠિ! પુત્ર વિહોણા થએલાને ઘરમાં વસવાનું નથી એટલે મારે હવે ભિક્ષાચર્યાનો કાળ છે. વૃક્ષ શાખાઓ વડે શોભા પામે છે પણ જ્યારે તેની શાખાઓ છેદાઈ જાય ત્યારે તેને જ લોકો ઠુંઠ કહે છે.

પંખાવિહૂણો વ્વ જહેવ પક્ખી,
ભિચ્ચવિહીણો વ્વ રણે નરિંદો ।
વિવન્નસારો વણિઓ વ્વ પોએ,
પહીણપુત્તો મિ તહા અહં પિ ॥ ૩૦ ॥

જેમ પાંખ વિહુણુ પક્ષી, યોદ્ધા વિનાનો રણ સંગ્રામમાં રાજા, તથા જેની માલમતા સમુદ્રમાં ચાલી ગઈ હોય તેવો વહાણમાં બેઠેલા વણિક જેવો હું પુત્ર વિનાનો છું.

સુસંભિયા કામગુણા ઇમે તે,
સંપિંડિયા અગ્ગરસપ્પભૂયા ।
ભુંજામુ તા કામગુણે પગામં,
પચ્છા ગમિસ્સામુ પહાણમગ્ગં ॥ ૩૧ ॥

તમારા આ કામ ગુણો સારી રીતે તૈયાર કરેલા છે. વળી એકત્ર મેળા કરી મૂકેલા છે તેમ જેમાં પુષ્કળ શ્રેષ્ઠ રસ છે. તેથી હમણાં તો ઇચ્છા પ્રમાણે કામ ભોગને ભોગવીએ તે પછી મોક્ષમાર્ગે ગમન કરીશું.

ભુત્તા રસા ભોઈ જહાઈ ણે વઓ,
ન જીવિયટ્ઠા પજહામિ ભોએ ।
લાભં અલાભં ચ સુહં ચ દુક્ખં,
સંચિક્ખમાણો ચરિસ્સામિ મોણં ॥ ૩૨ ॥

હે ભગવતિ! રસો તો ઘણાય ભોગવ્યા. પણ આ આયુ આપણને છોડતું જાય છે માટે હું તો લાભ અલાભ સુખ દુઃખ તમામને સમભાવે જોતો સતો મુનિપણું આચરીશ. હું કાંઈ જીવીતને અર્થે ભોગોને તજતો નથી.

મા હૂ તુમં સોયરિયાણ સંભરે,
જુણ્ણો વ હંસો પડિસોત્તગામી ।
ભુંજાહિ ભોગાઇ મએ સમાણં,
દુકખં ખુ ભિકખાયરિયાવિહારો ॥ ૩૩ ॥

સામે પુર ચાલનાર વૃદ્ધ હંસની પેઠે તમે ભાઈઓને મા સંભારશો. મારા સમાન ભોગોને ભોગવો કારણ કે વિહાર-ને ભીક્ષાચર્યા ખરેખર દુઃખદાયક છે.

જહા ય ભોઈ તણુયં ભુયંગો,
નિમ્મોયણિ હિચ્ચ પલેઇ મુત્તો ।
એમેવ જાયા પયહંતિ ભોએ,
તે હં કહં નાણુગમિસ્સિમેક્કો ॥ ૩૪ ॥

હે ભગવતિ! જેમ સર્પ પોતાના શરીરથી ઉત્પન્ન થએલ કાંચળીને ત્યજીને મુકત થએલ ચાલ્યો જાય છે એ જ પ્રમાણે પુત્રો ભોગને છેક ત્યજે છે તો પછી હું તે પુત્રોને એકલો કેમ અનુસરૂ.

છિંદિત્ત જાલં અબલં વ રોહિયા,
મચ્છા જહા કામગુણે પહાય ।
ધોરેયસીલ તવસા ઉદારા,
ધીરા હુ ભિકખાયરિયં ચરંતિ ॥ ૩૫ ॥

જેમ રોહિત માછલાં જીર્ણ થઈ ગએલ જાળને છેદીને ફરે છે તેમ ધીર પુરૂષો પણ કામગુણોને તજીને ધોરી બળદના સમાન શીલવાળા તપ વડે ઉદાર થઈ ભિક્ષા ચર્યાને આદરે છે.

**નહેવ કુંચા સમઇક્કમંતા,**
**તયાણિ જાલાણિ દલિત્ત હંસા ।**
**પલેંતિ પુત્તા ય પઈ ય મજ્ઝં**
**તે હં કહં નાણુગમિસ્સમેક્કા ॥ ૩૬ ॥**

આકાશમાં જેમ કૌંચ પક્ષીઓ તથા હંસોને તે સ્થાનોને ઉલ્લંકત કરતા કરતા વચ્ચે પસારેલા પાશલાને છોડીને પલાયન કરે છે તે જ પ્રમાણે મારા પુત્રો તથા પતિ પણ જો વિચરવા તૈયાર છે તો હું એકલી તેઓની પાછળ કેમ ન જાઉં.

**પુરોહિયં તં સસુયં સદારં**
**સોચ્ચા ઽભિનિક્ખમ્મ પહાય ભોએ ।**
**કુડુંબસારં વિઉલુત્તમં ચ,**
**રાયં અભિકખં સમુવાય દેવી ॥ ૩૭ ॥**

પુત્રો સહિત તથા સ્ત્રી સહિત ભોગોનો ત્યાગ કરીને તથા વિપુલ કુટુંબ અને ધનાદિ ઉત્તમ પદાર્થોને ત્યજીને ઘર છોડી બહાર નીકળેલા પુરોહિતને સાંભળીને ઈષુકાર રાજાને તેની રાણી કમળાવતી ફરી ફરીને કહેવા લાગી.

**વંત્તાસી પુરિસો રાયં ન સો હોઇ પસંસિઓ ।**
**માહણેણ પરિચ્ચત્તં, ધણં આદાઉમિચ્છસિ ॥ ૩૮ ॥**

હે રાજન! વમન કરેલાં અન્નને ખાનારા પ્રશંસીત થતા નથી. એ બ્રાહ્મણે પરિહરેલું ધન તમે લેવા ઈચ્છો છો તે સારૂં નથી.

સવ્વં જગં જઇ તુહં, સવ્વં વાવિ ધણં ભવે ।
સવ્વં પિ તે અપજ્જત્તં, નેવ તાણાય તં તવ ॥ ૩૯ ॥

હે રાજન! કદાચિત આ સર્વ જગત તમને હોય તેમજ સર્વધન તમને હોય તો તે સઘળું પણ તમને તૃપ્તિ આપવાને પુરૂં ન થાય તેમ તમારા રક્ષણ માટે પણ ન જ થાય.

મરિહિસિ રાયં જયા તયા વા,
મણોરમે કામગુણે પહાય ।
એક્કો હુ ધમ્મો નરદેવ તાણં
ન વિજ્જઈ અન્નમિહેહ કિંચિ ॥ ૪૦ ॥

હે રાજન! જ્યારે જ્યારે પણ તમે મનોરથ કામ ભોગોને ત્યજીને નિશ્ચયે મરશો ટાણે હે નરદેવ! એકલો ધર્મ જ રક્ષણરૂપ છે. અન્ય આ સંસારમાં કંઈ પણ છે નહિ (શરણ કરવા લાયક)

નાહં રમે પક્ખિણિ પંજરે વા,
સંતાણછિન્ના ચરિસ્સામિ મોણં ।
અકિંચણા ઉજ્જુકડા નિરામિસા,
પરિગ્ગહારંભનિયત્તદોસા ॥ ૪૧ ॥

પાંજરામાં પુરાએલ પક્ષિણી પેઠે હું રમણ કરતી નથી, મને ચેન પડતું નથી. અને માટે હું આ સ્નેહબંધોને છેદી નાખીને કશું પાસે ન રાખતાં તેમજ સરળ રીતે કાર્ય કરતી અને

વિષયરૂપી માંસ રહિત તથા પરિગ્રહને આરંભ દોષથી નિવૃત્ત બનીને મુનિ વ્રત આચરીશ.

દવગ્ગિણા જહા રણ્ણે, અજ્ઝમાણેસુ જંતુસુ ।
અન્ને સત્તા પમોયંતિ, રાગદ્દોસવસં ગયા ॥ ૪૨ ॥

જેમ અરણ્યમાં દાવાગ્નિથી જંતુઓ બળતા હોય ત્યારે તેઓને જોઈ રાગદ્વેષને વશ થએલા પ્રાણીઓ પ્રમોદ પામે છે.

એવમેવ વયં મૂઢા, કામભોગેસુ મુચ્છિયા ।
ડજ્ઝમાણં ન બુજ્ઝામો, રાગદ્દોસગ્ગિણા જગં ॥ ૪૩ ॥

એવી જ રીતે આપણે પણ મૂઢ તથા કામભોગમાં મૂર્છિત થએલા રાગદ્વેષ રૂપ અગ્નિથી સળગતા જગત્‌ને નથી જાણતા.

ભોગે ભોચ્ચા વમિત્તા ય, લહુભૂયવિહારિણો ।
આમોયમાણા ગચ્છંતિ, દિયા કામકમા ઇવ ॥ ૪૪ ॥

ભોગોને ભોગવીને તથા તે ભોગોનું વમન કરીને અથવા તે ભોગો સાચો પુરૂષાર્થ નથી એમ સમજી તેનો ત્યાગ કરીને હૃદયમાંથી કામભોગનો ભાર દૂર થતાં હલકા ફુલ જેવા થઈને વિહાર કરતા મનમાં હંમેશાં હર્ષપૂર્ણ રહેતા વિવેકીજનો મરજીમાં આવે ત્યાં ફરી શકનારા પક્ષીયોની પેઠે વિચરે છે.

ઇમે ય બદ્ધા ફંદંતિ, મમ હત્થજ્જમાગયા ।
વયં ચ સત્તા કામેસુ, ભવિસ્સામો જહા ઇમે ॥ ૪૫ ॥

હે આર્ય ! અમારા હાથમાં આવેલા વિષયો પકડાએલા હોવા છતાં પણ સરકી જાય છે અને આપણે તો કામ વિષયોમાં ચોંટયા પડયા છીએ. હવે તો આ પુરોહિતાદિકની પેઠે આપણે પણ થઈશું.

**સામિસં કુલલં દિસ્સ, બજ્ઝમાણં નિરામિસં ।**
**આમિસં સવ્વમુજ્ઝિતા, વિહરિસ્સામો નિરામિસા ॥ ૪૬ ॥**

માંસ સહિત ગીધ પક્ષીને જોઇ બીજા પક્ષીઓ બાઝે છે. માંસ વગરનાને કોઈ લાધા કરતું નથી. તેથી વિષયોને ત્યજી દઈને નિરાંકાંક્ષ બનીને વિહરશું.

**ગિદ્ધોવમે ઉ નચ્ચાણં, તામે સંસારવડ્ઢણે ।**
**ઉરગો સુવણ્ણપાસેવ્વ, સંકમાણો તણું ચરે ॥ ૪૭ ॥**

માંસ યુક્ત ગીધની ઉપમાવાળા ભોગાસકત જીવને જાણી તથા કામને સંસાર વધારનારો જાણી ગરૂડની પાસે સર્પ જેમ શંકિત ચિત્ત રહી ધીરે ધીરે વિચરો.

**નાગોવ્વ બંધણં છિત્તા, અપ્પણો વસહિં વએ ।**
**એયં પચ્છં મહારાયં, ઉસુયારિ ત્તિ મે સુયં ॥ ૪૮ ॥**

જેમ હાથી બંધન છેદીને પોતાની વસતીમાં-અરણ્યમાં, જાય તેમ તમે પણ કર્મનાં બંધન છેદીને મોક્ષ ગતિએ જશો હે મહારાજ ઈષુકાર ! આ હિતકારક જે મેં સાંભળ્યું હતું તે તમને કહ્યું.

**ચઈત્તા વિઉલં રજ્જં, કામભોગે ય દુચ્ચએ ।**
**નિવ્વિસયા નિરામિસા, નિન્નેહા નિપ્પરિગ્ગહા ॥ ૪૯॥**

સમ્મં ધમ્મં વિયાણિત્તા, ચચ્ચા કામગુણે વરે ।
તવં પગિજ્ઝહક્ખાયં, ઘારં ઘોરપરક્કમા ॥ ૫૦ ॥

એવં તે કમસો બુદ્ધા, સવ્વે ધમ્મપરાયણા ।
જમ્મમચ્ચુભઉવ્વિગ્ગા, દુક્ખસ્સંતગવેસિણો ॥ ૫૧ ॥

વિપુલ રાજ્યને ત્યજીને તથા જેનો ત્યાગ દુષ્કર છે એવા કામભોગોને ત્યજીને વિષયોથી પર થએલા તથા આકાંક્ષા-રહિત થએલા કશામાં સ્નેહ ન કરતા સંગરહિત બની પરિગ્રહશૂન્ય રહી સમ્યગ્ ધર્મને જાણીને તેમજ શ્રેષ્ઠ કામ-ભોગોને ત્યજીને જિનેશ્વરે કહ્યા પ્રમાણે ઘોર પરાક્રમ કરી રાજા રાણી બન્નેએ પ્રવ્રજ્યા લીધી એવી રીતે છએ જણા ક્રમે કરી બુદ્ધ બન્યા અને તે સર્વ ધર્મપરાયણ રહી જન્મ તથા મૃત્યુના ભયથી ઉદ્વિગ્ન થએલા દુઃખના અંતની શોધખોળમાં લાગ્યા.

સાસણે વિગયમોહાણં, પુવ્વિં ભાવયભાવિયા ।
અચિરેણેવ કાલેણ, દુક્ખસ્સંતમુવાગયા ॥ ૫૨ ॥

પૂર્વજન્મમાં મોહરહિત જિનેશ્વરના શાસનમાં ભાવે કરી ભાવિત સંસ્કારવાન થએલા તે છએ જીવો થોડા જ કાળમાં દુઃખના અંતને પ્રાપ્ત થયા.

રાયા સહ દેવીએ, માહણો ય પુરોહિઓ ।
માહણી દારગા ચેવ, સવ્વે તે પરિનિવ્વુડા ॥ ૫૩ ॥

દેવી સહિત રાજા બ્રાહ્મણ પુરોહિત તથા બ્રાહ્મણી અને બે તેના પુત્રો આ સર્વે છએ જણા પરિનિવૃત્ત એટલે મોક્ષ પામ્યાં એમ હું કહું છું. ચૌદમુ અધ્યયન પૂર્ણ.

ત્તિ બેમિ ॥ ઇતિ ઉસુયારિજ્જં ણામ ચોદ્દહમં અજ્ઝયણં સમત્તં ॥ ૧૪ ॥

લક્ષ્મીકીર્તિગણિના શિષ્ય લક્ષ્મી વલ્લભ ગણિ વિરચીત ઉત્તરાધ્યયન સૂત્રની અર્થ દીપિકા નામની વૃત્તિમાંથી ચૌદમું અધ્યયન પૂર્ણ

□

## સભિકખુ નામે પંદરમું અધ્યયન

મોણં ચરિસ્સામિ સમિચ્ચ ધમ્મં
સહિએ ઉજ્જુકડે નિયાણછિન્ને ।
સંથવં જહિજ્જ અકામકામે,
અન્નાયએસી પરિવ્વએ સ ભિકખૂ ॥ ૧ ॥

હું મુનિપણું ગ્રહીશ. ધર્મને અંગીકાર કરીશ, બીજા સ્થવીર સાધુઓની સાથે રહેતો હોય માયા રહિત તથા નિયાણારૂપી છેદીને તથા શલ્યને સંબંધીઓના પરિચયને તજતો હોય તથા કામભોગની ઇચ્છા રહિત તથા અજ્ઞાતૈષી વિચરે તે ભિક્ષુ કહેવાય છે.

રાઓવરયં ચરેજ્જ લાઢે, વિરએ વેયવિયાયરકિખએ ।
પન્ને અભિભૂય સવ્વદંસી,
જે કમ્હિ વિ ન મુચ્છિએ સ ભિકખૂ ॥ ૨ ॥

પ્રધાન એવો સાધુ રાગ રહિતપણે વિચરે તથા વિરતીવાળો હોય આગમ જ્ઞાની તથા પોતાનું દુર્ગતિથી રક્ષણ કરતો હોય પ્રાજ્ઞ તથા જે પરિષહને સહન કરી રહેતો હોય

તથા જે સર્વેને પોતા જેવા જ જોતો હોય જે કોઈને વિષે મૂર્છાવાળો ન હોય તે ભિક્ષુ કહેવાય છે.

અક્કોસવહં વિઇત્તુ ધીરે, મુણી ચરે લાઢે નિચ્ચમાયગુત્તો।
અવ્વગ્ગમણે અસંપહિટ્ઠે,
જે કસિણં અહિયાસએ સ ભિકખૂ ॥ ૩ ॥

આક્રોશ થયો છતે સ્વકૃત કર્મનું ફળ છે જાણી ધીર એવો સાધુ સંયમમાં તત્પર તથા આત્મરક્ષક વિચરે તથા અવ્યગ્ર અને અસંપ્રકૃષ્ટ એટલે કોઈ અન્યને આક્રોશાદિ કરે તો હર્ષિત ન થતો આક્રોશાદિને સહન કરે તે સાધુ કહેવાય છે.

પંતં સયણાસણં ભઇત્તા,
સીઉણ્હં વિવિહં ચ દંસમસગં ।
અવ્વગ્ગમણે અસંપહિટ્ઠે,
જે કસિણં અહિયાસએ સ ભિકખૂ ॥ ૪ ॥

નિઃસાર એવા શયન આશન વગેરેને ભજીને તથા વિવિધ પ્રકારના શીત ઉષ્ણ ડાંસમચ્છરાદિના પરિષહોને પામીને અવ્યગ્ર છે મન જેનું અસંપ્રદષ્ટ જે સાધુ તે સમગ્રને સહન કરે તે સાધુ કહેવાય છે.

નો સક્કઇમિચ્છઈ ન પૂયં, નો ય વંદણગં કુઓ પસંસં ।
સે સંજએ સુવ્વએ તવસ્સી,
સહિએ આયગવેસએ સ ભિકખૂ ॥ ૫ ॥

સત્કારાદિની ઇચ્છા કરતો ન હોય, વસ્ત્ર ન ઇચ્છતો હોય, તથા વંદનને ન ઇચ્છતો હોય તે પ્રશંસાને ક્યાંથી

ઇચ્છે એવો યતનાવાળો તપસ્વી સહિત ગવેષણા કરનાર હોય તે સાધુ કહેવાય.

જેણ પુણ જહાઈ જીવિયં, મોહં વા કસિણં નિયચ્છઈ ।
નરનારિં પજહે સયા તવસ્સી,
ન ય કોઊહલં ઉવેઈ સ ભિકખૂ ॥ ૬ ॥

વળી જેનાથી સંયમનો ત્યાગ થયો હોય અથવા જેનાથી સમગ્ર મોહનીય કર્મનો બંધ થાય તેમ હોય તેનો તપસ્વી મુનિ ત્યાગ કરે, જે સાધુ કૌતુકને ન પામે તે સાધુ કહેવાય છે.

છિન્નં સરં ભોમમંતલિકખં સુમિણં લકખણદંડવત્થુવિજ્જં ।
અંગવિયારં સરસ્સ વિજયં,
જે વિજ્જાહિં ન જીવઈ સ ભિકખૂ ॥ ૭ ॥

જે સાધુ આ વિદ્યાઓ વડે આજીવીકા ન કરે તે ભિક્ષુક છિન્ન વિદ્યા, સ્વરવિદ્યા, ભૌમ વિદ્યા, અંતરિક્ષ વિદ્યા, સ્વપ્ન વિદ્યા, લક્ષણ વિદ્યા, દંડ વિદ્યા, વસ્તુ વિદ્યા, અંગવિદ્યા, સ્વર વિજય વિદ્યા કહેવાય છે.

મંતં મૂલં વિવિહં વેજ્જચિંતં,
વમણવિરેયણધૂમણેત્તસિણાણં ।
આઉરે સરણં તિગિચ્છિયં ચ,
તં પરિન્નાય પરિવ્વએ સ ભિકખૂ ॥ ૮ ॥

મંત્ર તથા મૂળીયાં, વિવિધ વિચાર, તથા વમન, રેચ, ધુમાડો, અંજન, સ્નાન કરાયવું માતાદિકનું સ્મરણ કરવું તથા ચિકિત્સા કરવું તે જ્ઞપરિજ્ઞાએ જાણીને જે પ્રત્યાખ્યાન

પરિજ્ઞા વડે વર્જીને સાધુ સંયમ માર્ગમાં વિચરે તે ભિક્ષુ કહેવાય છે.

ખત્તિયગણઉગ્ગરાયપુત્તા, માહણભોઇય વિવિહા ય સિપ્પિણો।
નો તેસિં વયઇ સિલોગપૂયં,
તં પરિન્નાય પરિવ્વએ સ ભિક્ખૂ ॥ ૯॥

ક્ષત્રિય રાજાઓ, મલ્લો, રક્ષકો, અને રાજકુમારો, બ્રાહ્મણ ભોગવાળા, મંત્રી વિવિધ પ્રકારના શિલ્પીઓ, આ સર્વેની પ્રશંસાને કહેવી નહિ. તે સર્વને જાણીને સંયમ માર્ગમાં વિચરે તે ભિક્ષુ કહેવાય છે. જ્ઞપરિજ્ઞાથી જાણે પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી વર્જે.

ગિહિણો જે પવ્વઇએણ દિટ્ઠા,
અપ્પવઇએણ વ સંથુયા હવિજ્જા।
તેસિં ઇહલોઇયફલટ્ઠા જો સંથવં ન કરેઈ સ ભિક્ખૂ ॥ ૧૦॥

જે ગૃહસ્થીઓને પ્રવ્રજ્યા લીધા પછી જોયા હોય અથવા પ્રવ્રજ્યા લીધા પહેલાં પરિચય કરેલા હોય તે ગૃહસ્થીઓ સાથે આ લોકના ફળના અર્થે જે સાધુ પરિચય ન કરે તે ભિક્ષુ કહેવાય છે.

સયણાસણપાણભોયણં, વિવિહં ખાઇમસાઇમં પરેસિં।
અદએ પડિસેહિએ નિયંઠે, જે તત્થ ન પઉસ્સઈ સ ભિક્ખૂ

શયન, આસન, પાન, ભોજન, તથા વિચિત્ર પ્રકારનું ખાદિમ અને સ્વાદિમ વસ્તુઓને નહિ દેતા એવા ગૃહસ્થીઓએ

માગ્યા છતાં નિષેધ કરાયો એવો જે સાધુ જે નહિ દેનાર પર દ્વેષ ન કરે તે ભિક્ષુ કહેવાય.

લાભઅલાભે સુખદુખેજી જીવીત મરણ સમાન શત્રુ મિત્ર સમભાવતોજી. માન અને અપમાન સહુણારે શાંત સુધારસ ચાકર

જં કિંચિ આહારપાણજાયં વિવિહં,
ખાઇમસાઇમં પસંરે લધ્ધું ।
જો તં તિવિહેણ નાણુકંપે,
મણવયકાયસુસંવુડે સ ભિકખૂ ॥ ૧૨ ॥

જે કંઈ થોડું પણ આહાર પાણી તથા વિવિધ પ્રકારનું ખાદિમ સ્વાદિમ ગૃહસ્થીઓ પાસેથી પામીને જે સાધુ તે આહારાદિક વડે ત્રણ પ્રકારે (ઉપકાર કરે નહિ પરંતુ મન વચન કાયા વડે ઉપકાર કરે તે ભિક્ષુ કહેવાય.) આપે નહિ કે આક્રોશ કરે તેના પર સાધુ દ્વેષ કરે નહિ તે ભિક્ષુ કહેવાય)

આયામગં ચેવ જવોદણં ચ, સીયં સોવીરંચ જવોદગં ચ ।
ન હીલએ પિંડં નીરસં તુ, પંનકુલાઇં પરિવ્વએ સ ભિકખૂ ॥ ૧૩ ॥

ધાન્યનું ઓસામણ, તથા જવનું ભોજન, શીતળ ભોજન, કાંજી, તથા જવનું ધોએલ પાણી નિરસ એવા પણ પિંડની જે સાધુ હિલણા ન કરે-નિર્ધન કે ધનિક, મનુષ્યના કુળમાં ગોચરી માટે અટ્ન કરે તે ભિક્ષુ કહેવાય.

સદ્દા વિવિહા ભવંતિ લોએ, દિવ્વા માણુસ્સગા તિરિચ્છા ।
ભીમા ભયભેરવા ઉરાલા,
જો સોચ્ચા ન વિહિજ્જઈ સ ભિકખૂ ॥ ૧૪ ॥

આ લોકને વિષે દેવ તિર્યંચ સંબંધી વિવિધ પ્રકારના

ભય વડે ભૈરવ ઉત્પન્ન કરનારા મોટા શબ્દો થાય છે જે સાધુ તે સાંભળી ક્ષોભ ન પામે તે ભિક્ષુ કહેવાય.

વાદં વિવિહં સમિચ્ચ લોએ,
સહિએ ખેયાણુગએ ય કોવિયપ્પા ।
પન્ને અભિભૂય સવ્વદંસી, ઉવસંતે અવિહેડએ સ ભિક્ખૂ ॥ ૧૫ ॥

લોકને વિષે ભિન્ન ભિન્ન વાદને જાણીને જે સાધુ ચારિત્ર સહિત સંયમ યુક્ત તથા કોવીદ તથા પ્રાજ્ઞ તથા ઉપસર્ગોનો પરાભવ કરીને સર્વ પ્રાણીવર્ગને પોતા સમાન જોનાર તથા ઉપશાંત કોઈને બાધા કરનાર થાય નહિ તે ભિક્ષુ કહેવાય.

અસિપ્પજીવી અગિહે અમિત્તે,
જિઇંદિએ સવ્વઓ વિપ્પમુક્કા ।
અણુક્કસાઈ લહુઅપ્પભક્ખી,
ચિચ્ચા ગિહં એગચરે સ ભિક્ખુ ॥ ૧૬ ॥

જે સાધુ શિલ્પ વડે આજીવિકાનું પોષણ કરનાર ન હોય તથા સ્ત્રી આદિકના પરિચયથી વિરક્ત મિત્ર અને શત્રુ રહિત તથા જીતેન્દ્રિય હોય તથા સર્વ પ્રકારે પરિગ્રહથી વિરક્ત અલ્પકષાયવાળો અલ્પ ભોજન કરનાર હોય તથા ઘરનો ત્યાગ કરીને જે સાધુ વિચરે તે ભિક્ષુ કહેવાય.

ત્તિ બેમિ ॥ ઇતિ સભિક્ખૂ ણામ પંચદહં અજ્ઝયણં સમત્તં ॥

॥ અહ બંભચેરસમાહિઠાણા સોલસમં અજ્ઝયણં ॥

# સોળમું અધ્યયન બ્રહ્મચર્ય સમાધિ

સુયં મે આઉસં તેણું ભગવયા એવમકખાયં । ઈહ ખલુ થેરેહિં ભગવંતેહિં,

દસ બંભચેરસમાહિઠાણા પન્નત્તા, જે ભિકખૂ સોચ્ચા નિસમ્મ સંજમબહુલે સંવરબહુલે સમાહિબહુલે ગુત્તે ગુત્તિંદિએ ગુત્તબંભયારી સયા અપ્પમત્તે વિહરેજ્જા । કયરે ખલુ તે થેરેહિં ભગવંતેહિં દસ બંભચેરસમાહિઠાણા પન્નત્તા, જે ભિકૂખૂ સોચ્ચા નિસમ્મ સંજમબહુલે સંવરબહુલે સમાહિબહુલે ગુત્તે ગુત્તિંદિએ ગુત્તબંભયારી સયા અપ્પમત્ત વિહરેજ્જા ॥ ઇમે ખલુ તે થેરેહિં ભગવંતેહિં દસ બંભચેરઠાણા પન્નત્તા, જે ભિકૂખૂ સોચ્ચા નિસમ્મ સંજમબહુલે સંવરબહુલે સમાહિબહૂલે ગુત્તે ગુત્તિંદિએ ગુત્તબંભયારી સયા અપ્પમત્તે વિહરેજ્જા । તં જહા–વિવિત્તાઇં સયણાસણાઇં સેવિત્તા હવઈ સે નિગ્ગંથે । નો ઇત્થીપસુપંડગસંસત્તાઇ સયણાસણાઇં સેવિત્તા હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । નિગ્ગંથસ્સ ખલુ ઇત્થિપસુપંડગસંસત્તાઇં સયણાસણાઇં સેવમાણસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઇત્થિપસુપંડગસંસત્તાઈ સયણાસણાઇં સેવિત્તા હવઈ સે નિગ્ગંગે ॥ ૧ ॥

સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે હે આયુષ્મન! તે ભગવાન્ તીર્થંકરે એમ કહેલ તે મેં સાંભળ્યું છે જે આ જૈન શાસનમાં ભગવાન્ સ્થવીરોએ દશ બ્રહ્મચર્ય સમાધિ-

સ્થાન નિરૂપિત છે જે સ્થાનોને ભિક્ષુ સાંભળી મનમાં નિશ્ચિત કરી વધુ સંયમવાન, વધુ સંવરશીલ, વધુ સમાધિયુક્ત તેમજ ગુપ્ત અને ગુપ્તેન્દ્રિય તથા ગુપ્ત બ્રહ્મચર્યે રહી સદા વિચરે. જંબુ કહે છે હે ભગવાન્ એ સ્થવીરોએ દશ બ્રહ્મચર્ય સમાધિ સ્થાન પ્રતાપિત કરેલાં છે તે કયાં કે જે ભીક્ષુ સાંભળી સમજી સંયમબહુલ સંવરબહુલ સમાધિબહુલ થઈ તેમજ ગુપ્ત ગુપ્તેન્દ્રિય તથા ગુપ્ત બ્રહ્મચર્ય બની સદા અપ્રમત્ત રહી વિચરે. જ્યાં કોઇનો અવાજ ન હોય તેવા એકાંત સ્થાનમાં રહેલાં શયન તથા આસન સેવે. પણ સ્ત્રી પશુ નપુંશકથી યુક્ત શયન આસનને ન સેવે. નિશ્ચયે નિર્ગ્રંથ સાધુને સ્ત્રી પશુ નપુંશક આદીથી સંયુક્ત હોય એવાં શયન આસન સેવતાં બ્રહ્મચારીને બ્રહ્મચર્ય વિશે શંકા થાય અથવા કાંક્ષા કે શંશય ઉપજે અથવા ભેદ પામે, કામ પરવશતાને પામે અથવા દીર્ઘકાલીક રોગ આતંક થાય અને તેને લીધે કેવળી એ પ્રજ્ઞાપિત ધર્મથી ભ્રષ્ટ થાય તે માટે તેવાં શયન આસન ન સેવે.

નો ઇત્થીણં કહં કહિત્તા હવઇ સે નિગ્ગંથે ।
તં કહમિતિ ચે, આયરિયાહ ।

નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં કહં કહેમાણસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિતિગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઇત્થીણં કહં કહેજ્જા ॥ ૨ ॥

નિર્ગ્રંથ સાધુએ સ્ત્રીઓની કથાના કહેનાર ન થવું તો તે જ નિર્ગ્રંથ તે કેમ થવાય એમ શિષ્ય કદાચ શંકા કરે એમ માનીને આચાર્ય પોતે જ કહે છે–જો સાધુ સ્ત્રી-ઓની કથા કહેવા માંડે તો નિશ્ચયે તે બ્રહ્મચારી હોય તો પણ બ્રહ્મચર્યમાં શંકા થાય અથવા કાંક્ષા થાય, શંકા ઉપજે અથવા ભેદને પામે, ઉન્માદ થાય અથવા દીર્ઘકાળ રોગ આતંકવાળો થાય. તેથી કેવલીએ પ્રરૂપેલ ધર્મથી ભ્રષ્ટ થાય કારણ કે સાધુએ સ્ત્રી સંબંધી અથવા સ્ત્રીઓની સાથે કથા કહેનારા થવું નહિ.

નો ઇત્થીણં સદ્ધિં સન્નિસેજ્જાગએ વિહરિત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીહિં સદ્ધિં સન્નિસેજ્જાગયસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહ-કાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા ખલુ નો નિગ્ગંથે ઇત્થહિં સદ્ધિં સન્નિ-સેજ્જાગએ વિહરેજ્જા ॥ ૩ ॥

સાધુએ સ્ત્રીઓની સાથે બેસવાના આસન પર સ્થિત થઈ વિહરનાર ન થવું. જે નિર્ગ્રંથ સ્ત્રીઓની સાથે નિષદ્યાગત થઈ વિહરે તે બ્રહ્મચારીને બ્રહ્મચર્યમાં શંકા કાંક્ષા વિતિ-ગિચ્છા થાય તે કારણથી નિર્ગ્રંથે સ્ત્રીઓના સાથે નિષ્ટયા ઉપર રહી નિશ્ચયે ન વિહરવું. અહિં એવો સંપ્રદાય છે કે જે આસને પહેલાં સ્ત્રી બેઠી હોય તે આસને બે ઘડી વિત્યા પછી બેસવા યોગ્ય થાય એમ કેમ તો આચાર્ય કહે છે કે

સ્ત્રીઓની સાથે નિષદ્યા ઉપર થઈ વિહરતા નિર્ગ્રંથ સાધુને ત્યાં સ્થિત થએલ બ્રહ્મચારીને પણ બ્રહ્મચર્યમાં શંકા આદિ દોષો ઉત્પન્ન થાય તે કારણથી નિશ્ચયે નિર્ગ્રંથ સ્ત્રીઓની સાથે એકત્ર આસનગત થઈને ન બેસવું. બેસે તો શંકા કાંક્ષાદિ દોષ થાય. કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય માટે નિર્ગ્રંથોએ એક આસને સ્ત્રીઓ સાથે બેસવું નહિ.

નો ઇત્થીણં ઇંદિયાઇં મણોહરાઇં મણોરમાઇં અલોઇત્તા નિજ્ઝાઇત્તા હવઈ સે નિગ્ગંથે ।
તં કહમિતિ ચે, આયરિયાહ ।
નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં ઇંદિયાઇં મણોહરાઇં મણોરમાઇં આલોએમાણસ્સ નિજ્ઝાયમાણસ્સ બ ભયારિસ્સ બંભચેરે સંકા વા વિઇગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા ।
તમ્હા ખલુ નો નિગ્ગંથે ઇત્થીણં ઇંદિયાઇં મણોહરાઇં મણોરમાઇં આલોએજ્જા ॥ ૪ ॥

સ્ત્રીઓનાં મનોહર ને મનોરમ ઇન્દ્રિયોનો જોનાર તથા ચિંતન કરનાર નિર્ગ્રંથ ન હોય. શિષ્ય શંકા કરે તો આચાર્ય કહે છે સ્ત્રીઓનાં મનોહર તથા મનોરમ ઇન્દ્રિયોનું આલોચન કરતો તથા ચિંતન કરતો નિર્ગ્રંથ બ્રહ્મચારી હોય તો પણ નિશ્ચે તેના બ્રહ્મચર્યમાં શંકા કાંક્ષા વિતિગિચ્છા થાય. ભેદ પામે, ઉન્માદ થાય. દીર્ઘ કાલના રોગ આતંક થાય તેથી કેવળી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય માટે નિર્ગ્રંથ સ્ત્રીઓનાં મનોહર અને મનોરમ ઇંદ્રિયો નીશ્ચે જુએ નહિ કે ચિંતન કરે નહિ.

નો નિગ્ગંથે ઇત્થીણ કુડ્ડંતર સિ વા દૂસંતરંસિ વા ભિત્તંતરંસિ વા કૂઇયસદ્દં વા રુઇયસદ્દં વા ગીયસદ્દં વા હસિયસદ્દં વા થણિયસદ્દં તો કંદિયસદ્દં વા વિલવિયસદ્દં વા સુણેત્તા હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ ।
નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં કુડ્ડતરંસિ વા ભિત્તંતરંસિ વા કૂઇયસદ્દં વા રુઇયસદ્દં વા ગીયસદ્દં વા હસિયસદ્દં વા થણિયસદ્દં વા વિલવિયસદ્દં વા ગીયસદ્દં વા હસિયસદ્દં વા થણિસદ્દં વા વિલવિયસદ્દં વા સુણેમાણસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા કેવલિપન્નત્તઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા ખલુ નો નિગ્ગંથે ઇત્થીણં કુડ્ડંતરંસિ વા દૂસંતરંસિ વા ભિત્તતરંસિ વા કુઇયસદ્દં વા રુઇયસદ્દં વા ગીયસદ્દં વા હસિય સદ્દં વા થણિય સદ્દં વા કંદિય સદ્દં વા વિલવિય સદ્દં વા સુણેમાણે વિહરેજ્જા ॥ ૫ ॥

નિર્ગ્રંથ સાધુ ખડકેલા પાષાણની ઓથે, તંબુની કનાતના ઓથે, ભીંતની ઓથે છુપા રહીને સ્ત્રીઓના કૂજિત શબ્દને, રૂદિત શબ્દને, ગીત શબ્દને, હસિત શબ્દને, સ્તનિત શબ્દને, કંદિત શબ્દને અથવા વિલપ્રીત શબ્દને શ્રવણ કરનાર ન થાય તે ખરો નિર્ગ્રંથ કહેવાય. એમ કેમ શિષ્ય પૂછે છતે આચાર્ય કહે છે. નિશ્ચયે નિર્ગ્રંથને સ્ત્રીઓના કુડયાંતરમાંથી, કુપ્યાંતરમાંથી, ભીંતના અંતરમાંથી કૂજિત, રૂદિત, ગીત, હસિત, સ્તનિત, કંદિત, વિલપિત શબ્દને સાંભળતાં બ્રહ્મચારીને પણ બ્રહ્મચર્યમાં શંકાકાંક્ષા વિતિગિચ્છા થાય–ભેદ પામે–ઉન્માદ થાય. દીર્ઘકાળના રોગ આતંક પામે તેથી કેવલી

પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય માટે નિર્ગ્રંથે નિશ્ચયે સ્ત્રીઓના કૂજિત, રૂદિત, ગીત, હસિત, સ્તનિત, વિલપિત શબ્દોને કુડયાંતરમાંથી, કનાતના અંતરમાથી ભીંતના અંતરમાંથી સાંભળતાં વિહાર ન કરવો, એટલે ત્યાં રહેવું નહિ. કૂજિત એટલે ભોગના સમયે ભોક્તાને પ્રસન્ન કરવા કોયલ જેવો મધુર શબ્દ કરવો, સ્તનિત એટલે મેઘગર્જના જેવો શબ્દ, કામોદ્દીપક શબ્દો સંભળાય તેવા ભીંતને આંતરે સાધુ રહે નહિ.

નો નિગ્ગંથે ઇત્થીણં પુવ્વરયં પુવ્વકીલિયં અણુસરિત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં પુવ્વરયં અણુસરેમાણસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંક હવેજ્જા,કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઇત્થીણં નિગ્ગંથે પુવ્વરયં પુવ્વકીલિયં અણુરેજ્જા ॥ ૬ ॥

નિર્ગ્રંથ સાધુ પૂર્વે ગૃહસ્થાવસ્થામાં કરેલાં રસસંભોગ તથા પૂર્વે કરેલી દ્યુતાદિક ક્રિડાના સ્મરણ કરનાર ન થાય તે નિર્ગ્રંથ કહેવાય તે કેમ શિષ્ય પૂછયે થકે આચાર્ય કહે છે કે નિશ્ચયે સ્ત્રીઓનાં પૂર્વનાં રતીક્રીડા તથા પૂર્વનાં ક્રીડીતમાં અનુસ્મરણ કરનારો નિર્ગ્રંથ બ્રહ્મચારીના યાવત્ ધર્મથી ભ્રષ્ટ થાય. તે કારણ માટે સ્ત્રીએના પૂર્વ રત અથવા પૂર્વ ક્રીડીતને નિશ્ચે સ્મરણ ન કરવાં.

નો નિગ્ગંથે પણીયં આહારં આહરિત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । નિગ્ગંથસ્સ ખલુ પણીયં

આહારં આહારેમાણસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો નિગ્ગંથે પણીયં આહારં આહારેજ્જા ॥ ૭ ॥

જેમાંથી ઘી ટપકતું હોય એવા આહારનો ઉપયોગ કરનારો સાધુ ન થાય. તે કેમ શિષ્ય પૂછે થકે આચાર્ય કહે છે નિશ્ચયે પ્રણીત પાન ભોજનનું આહાર કરે તો તે બ્રહ્મ-ચારીના બ્રહ્મચર્યમાં શંકાદિ દોષો થાય તે કારણ માટે નિર્ગ્રંથે પ્રણિત આહાર ન લેવો.

નો અઇમાયાએ પાણભોયણં આહારેત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । નિગ્ગંથસ્સ ખલુ અઇમાયાએ પાણભોયણં આહારેમાણસ્સ બંભયારિસ્સ સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા, તમ્હા ખલુ નો નિગ્ગંથે અઇમાયાએ પાણભોયણં આહારેજ્જા ॥ ૮ ॥

જે નિર્ગ્રંથ અધિક માત્રાથી આહાર ભોજન ન કરે તે નિર્ગ્રંથ કહેવાય એમ કેમ શિષ્ય પૂછે તો આચાર્ય કહે છે કે જો અતિમાત્રાથી પાન ભોજનનું આહાર કરતા હોય તો બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકાદિ દોષો થાય માટે નિર્ગ્રંથ નિશ્ચયે અતિમાત્રાથી ભોજનપાણી કરે નહિ. પુરૂષને બત્રીશ કવળનો આહાર કહ્યો છે. તેથી વધારે અતિમાત્રા કહેવાય. સ્ત્રીઓને અઠ્ઠાવીસ ને નપુંશકને ચોવીસ કવળ આહાર કહ્યો છે.

નો વિભૂસાણુવાદી હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । વિભૂસાવત્તિએ ભૂસિયસરીરે ઇત્થિજણસ્સ અભિલસણિજ્જે હવઇ । તઓ ણં ઇત્થિજણેણં અભિલસિજ્જમાણસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપ્પજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો વિભૂસાણુવાદી હવિજ્જા ॥ ૯ ॥

નિર્ગ્રંથ શરીર શોભાની પાછળ ચીવટ રાખનારો ન હોય. તે નિર્ગ્રંથ કહેવાય એમ કેમ શિષ્ય પૂછે છતે આચાર્ય કહે છે કે મારૂં શરીર વિભૂષિત છે. એવી વૃત્તિવાળો નિર્ગ્રંથ થાય તો સ્ત્રીજનનો નિશ્ચયે અભિલષણીય થાય. તદનંતર સ્ત્રીજનોના અભિલાષ વિષય બનેલા એ બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકાદિ દોષો ઉત્પન્ન થાય. તેથી નિશ્ચયે નિર્ગ્રંથ વિભૂષિત વૃત્તિવાળો ન થાય. શરીરની શોભાના સાધન સ્નાન, દંતમંજન, આદિ કરે નહિ. સાધુ તો મેલાઘેલા સારા ઉજ્જવળ વસ્ત્ર પણ ઉચિત નથી.

નો સદ્દરુવરસગંધફાસાણુવાદી હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે, આયરિયાહ । નિગ્ગંથસ્સ ખલુ સદ્દરુવગંધફાસાણુવાદિસ્સ બંભયારિસ્સ બંભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા ખલુ નો સદ્દરુવરસગંધફાસાણુવાદી હવેજ્જા સે નિગ્ગંથે । દસમે બંભચેરસમાહિઠાણે હવંઈ ॥ ૧૦ ॥

જે નિર્ગ્રંથ શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શ એ પાંચ વિષયોનો અનુપાતી ન થાય તે નિર્ગ્રંથ કહેવાય. તે કેમ શિષ્ય પૂછે છતે આચાર્ય કહે છે– જો નિર્ગ્રંથ નિશ્ચયે શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શનો અનુપાતી થાય તો તે બ્રહ્મચારીના બ્રહ્મચર્યમાં શંકાદિ દોષો ઉદ્ભવે તે કારણથી નીશ્ચે પાંચે ઇન્દ્રિયોના વિષય પાછળ પડનાર ન થવું. ઇન્દ્રિયોના વિષયો વિષ કરતાં ભયંકર છે.

ભવંતિ ઈત્થ સિલોગા । તં જહા
જં વિવિત્તમણાઇણ્ણં, રહિયં ઇત્થિજણેણ ય ।
બંભચેરસ્સ રક્ખટ્ઠા, આલયં તુ નિસેવએ ॥ ૧ ॥

જે એકાંત હોય સાંકડમાં ન હોય તેમજ સ્ત્રીજનોથી રહિત હોય એવા ઉપાશ્રયને બ્રહ્મચર્યની રક્ષા અર્થે સાધુ સેવે.

મણપલ્હાયજણણી, કામરાગવિવડ્ઢિણી ।
બંભચેરરઓ ભિક્ખૂ, થીકહં તુ વિવજ્જએ ॥ ૨ ॥

બ્રહ્મચર્ય પાળતો સાધુ મનને આલ્હાદ ઉત્પન્ન કરનારી તથા કામરાગને વધારનારી એવી સ્ત્રી સંબંધી કથાને વર્જે છોડી દીએ.

સમં ચ સંથવં થીહિં, સંકહં ચ અભિક્ખણં ।
બંભચેરરઓ ભિક્ખૂ, નિચ્ચસો પરિવજ્જએ ॥ ૩ ॥

સ્ત્રીઓનો પરિચય તેમજ ફરી ફરીને તેઓની સાથે સંકથા બ્રહ્મચર્યપરાયણ ભિક્ષુ હંમેશા તજી દીયે. એક આસન પર ન બેસે.

અંગપચ્ચંગસંઠાણં, ચારુલ્લવિયપેહિયં ।
બંભચેરરઓ થીણં, ચક્ખુગિજ્ઝં વિવજ્જએ ॥ ૪ ॥

સ્ત્રીઓના અંગ પ્રત્યંગ અને સંસ્થાન તેમજ સુંદર ભાષણ તથા પ્રેક્ષિકા આદિ જે કંઈ ચક્ષુ વડે ગ્રાહ્ય હોય તે બ્રહ્મચારી વર્જે.

કૂઇયં રુઇયં ગીયં, હસિયં થણિયકંદિયં ।
બંભચેરરઓ થીણં, સોયગેજ્ઝં વિવજ્જએ ॥ ૫ ॥

બ્રહ્મચારી સાધુ સ્ત્રીઓનાં કૂજિત, રુદિત, ગીત, હસિત, સ્તનિત, કંદિત ઇત્યાદિક પોતાના કાને સંભળાય તો ઇરાદાપૂર્વક તજી દેવું. સંભળાય ત્યાં ઉભા ન રહેવું.

હાસં કિડ્ડં રઈ દપ્પં, સહસાવિત્તાસિયાણિ ય ।
બંભચેરરઓ થીણં, ણો ણુચિંતે કયાઈ વિ ॥ ૬ ॥

બ્રહ્મચારી સાધુ સ્ત્રીઓનાં હાસ્ય ક્રીડા મૈથુન સ્ત્રીનાં નેત્રો પાછળથી આવી બંધ કરી ભય ઉત્પન્ન કરેલ, પૂર્વકાળમાં જે અનુભવ્યાં હોય તેનું કદાપિ સ્મરણ કરે નહિ.

પણીયં ભત્તપાણં તુ ખિપ્પં મયવિવડ્ઢણં ।
બંભચેરરઓ ભિક્ખૂ, નિચ્ચસો પરિવજ્જએ ॥ ૭ ॥

બ્રહ્મચારી રસકસવાળો આહાર કે જે શીઘ્ર મદ વધારનાર છે. તે નિશ્ચયે ત્યજી દે. કામોદ્દીપક શરબતાદિ પીણાં ને માદક આહાર કરે નહિ.

ધમ્મલદ્ધં મિયં કાલે, જત્તત્થં પણિહાણવં ।
નાઇમત્તં તુ ભુંજિજ્જા, બંભચેરરઓ સયા ॥ ૮ ॥

બ્રહ્મચારી સદા ચિત્તસ્થૈર્યવાળો રહી ધર્મથી મળેલ મિતાહાર દેહરક્ષાર્થે કરે પણ અધિક પ્રમાણનો આહાર કરે નહિ.

વિભૂસં પરિવજ્જેજ્જા, સરીરપરિમંડણં ।
બંભચેરરઓ ભિકખૂ, સિંગારત્થં ન ધારએ ॥ ૯ ॥

બ્રહ્મચારી શરીરને પરિમઢ શોભાવે નહિ. વિભૂષાનું વર્જન કરે. શૃંગારાર્થ વેશ પણ ધારણ ન કરે. શરીર ને વસ્ત્ર મેલાં જ શોભે.

સદ્દે રુવે ય ગંધે ય, રસે ફાસે તહેવ ય ।
પંચબિહે કામગુણે, નિચ્ચસો પરિવજ્જએ ॥ ૧૦ ॥

શબ્દરૂપ રસગંધ ને સ્પર્શ એ પાંચે કામગુણોનો સાધુ ત્યાગ કરે.

આલઓ થીજણાઇણ્ણો, થીકહા ય મણોરમા ।
સંથવો ચેવ નારીણં, તાસિં ઇંદિયદરિસણં ॥ ૧૧ ॥

કૂઇયં રુઇયં ગીયં, હાસભુત્તાસિયાણિ ય ।
પણીયં ભત્તપાણં ચ, અઇમાયં પાણભોયણં ॥ ૧૨ ॥

ગત્તભૂસણમિટ્ઠં ચ, કામભોગા ય દુજ્જયા ।
નરસ્સત્તગવેસિસ્સ, વિસં તાલઉડં જહા ॥ ૧૩ ॥

સ્ત્રીજને વ્યાપ્ત સ્થાન મનોરમ સ્ત્રીકથા, નારીઓનો પરિચય તથા તેમાં ઇન્દ્રિયોનું દર્શન, તે સ્ત્રીઓનાં કૂજિત, રૂદિત, ગીત, હસિત તથા ભુક્તાસન એક આસને સાથે ભોજન પ્રણીત ચાહીને બનાવેલાં આહારપાણી અતિમાત્ર ભોજન

ઈષ્ટ મનગમતું ભૂષણ તથા દુર્જય એવા કામભોગો આ તમામ સામગ્રી આત્મગવેશક નરને માટે તાલ પુટ ઝેર જેવી છે.

દુજ્જએ કામભોગે ય, નિચ્ચસો પરિવજ્જએ ।
સંકાથાણાણિ સવ્વાણિ, વજ્જેજ્જા પણિહાણવં ॥ ૧૪ ॥

દૂર્જય કામભોગોને હંમેશાં પરિવર્જવા અને સર્વ શંકાસ્થાનને પણ સાવધાન રહી ત્યજી દેવાં.

ધમ્મારામે ચરે ભિક્ખૂ, ધિઇમં ધમ્મસારહી ।
ધમ્મારામે રતે દંતે, બંભચેરસમાહિએ ॥ ૧૫ ॥

બ્રહ્મચર્યમાં સાવધાન રહેતો ભીક્ષુ ધર્મ રૂપી બગીચામાં વિચરે ધૃતિવાન તથા ધર્મ છે સારથિ જેનો એવો થકો ધર્મમાં નિરંતર રમણ કરનારા સાધુઓમાં સંઘમાં જિતેંદ્રિય રહી હંમેશાં વર્તે.

દેવદાણવગંધવ્વા, જકખરકખસકિન્નરા ।
બંભયારિં નમંસંતિ, દુક્કરં જે કરંતિ તં ॥ ૧૬ ॥

કારણકે તે બ્રહ્મચારી દુષ્કર કર્મ કરે છે કે જેને દેવ દાનવ ગંધર્વ યક્ષરાક્ષસ ને કિન્નરા પણ નમસ્કાર કરે છે.

એસ ધમ્મે ધુવે નિચ્ચે, સાસએ જિણદેસિએ ।
સિદ્ધા સિજ્ઝંતિ ચાણેણ, સિજ્ઝિસ્સંતિ તહાવરે ॥ ૧૭ ॥

ત્તિ બેમિ ॥
ઇતિ બંભચેરસમાહિઠાણા ણામ
સોલસમં અજ્ઝયણં સમત્તં ॥ ૧૮ ॥

આ તીર્થંકરોએ પ્રકાશીત કરેલો બ્રહ્મચર્ય ધર્મ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. આ શીલ ધર્મ વડે ઘણા જીવો પૂર્વે સિદ્ધ થયા છે સિદ્ધીને પ્રાપ્ત થયા છે. ફરી પણ તેવી જ રીતે બીજા પણ સિદ્ધિને પામશે એમ હું બોલું છું.

## પાપ શ્રમણ સત્તરમું અધ્યયન

જે કેઈ ઉ પવ્વઇએ નિયઠે, ધમ્મં સુણિત્તા વિણઓવવન્ને।
સુદુલ્લહં લહિઉં બોહિલાભં, વિહરેજ્જ
પચ્છા ય જહાસુહં તુ ॥ ૧ ॥

જે કોઈ દીક્ષા લીધેલ સાધુ પ્રથમ ધર્મ સાંભળી વિનયયુક્ત થએલો સુદુર્લભ સમ્યકત્વ પામીને પશ્ચાત્ જેમ સુખ થાય તે રીતે વિચરે તે પ્રમાદિ કહેવાય. કે સિંહની પેઠે દીક્ષા લે ને શિઆળની જેમ પાળે.

સેજ્જા દઢા પાઉરણમ્મિ અત્થિ, ઉપ્પજાઈ ભોતુ તહેવ પાઉં।
જાણામિ જં વટ્ટઇ આઉસો ત્તિ, કિં
નામ કાહામિ સુએણ ભંતે ॥ ૨ ॥

હે ગુરુ! શય્યા દૃઢ છે. ઓઢવા વાપરવાનાં સારાં છે. આહારપાણી સારી રીતે મળે છે. જીવાદિ તત્ત્વો જાણું છું તો શાસ્ત્રાધ્યયનને શું કરવું છે. આવા અભિપ્રાયવાળો સાધુ પાપ શ્રમણ કહેવાય છે.

જે કેઈ પવ્વઇએ, નિદ્દાસીલે પગામસો।
ભોચ્ચા પેચ્ચા સુહં સુવઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૩ ॥

જે કોઇ સાધુ સારી રીતે ખાઈ પીઈને સુતો જ રહે છે તે પાપ શ્રમણ કહેવાય છે.

આયરિયઉવજ્ઝાએહિં, સુયં વિણયં ચ ગાહિએ ।
તે ચેવ ખિંસઈ બાલે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૪ ॥

આચાર્ય ઉપાધ્યાયોએ શ્રુત તથા વિનય ગ્રહણ કરાવ્યા તેઓના જ અવિવેકી બની નિંદા કરે તે પાપ શ્રમણ કહેવાય છે.

આયરિયઉવજ્ઝાયાણં, સમ્મં ન પડિતપ્પઇ ।
અપ્પડિપૂયએ થદ્ધે, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥ ૫ ॥

આચાર્યો તથા ઉપાધ્યાયોને સમ્યક્ પ્રકારે પરિતૃપ્ત નથી કરતો, પોતાના ઉપર ઉપકાર કરનાર પ્રતિ પૂજ્યભાવ ન રાખતો માની સાધુ પાપ શ્રમણ કહેવાય છે.

સંમદ્દમાણો પાણાણિ, વીયાણિ હરિયાણિ ય ।
અસંજએ સંજયમન્નમાણો, પાવસમણો ત્તિ વુચ્ચઈ ॥ ૬ ॥

જે જીવોને પીડતો તેમજ બીજ શાલ ઘઉં આદિક સચિત્ત ધાન્યાદિકનું સંમર્દન કરતો તથા લીલા ઘાસ ફળ પુષ્પાદિને મર્દન કરતો અસંયત હોવા છતાં પોતાને સંયત માનનારો સાધુ પાપ શ્રમણ કહેવાય છે.

સંથારં ફલગં પીઢં, નિસેજ્જં પાયકંબલં ।
અપ્પમજ્જિયમારુહઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૭ ॥

જે સંથારો ફલક, પીઠ, નિષદ્યા, પાદપુંછણ, એને પ્રમાર્જ્યા વિના વાપરે છે તે પાપ શ્રમણ કહેવાય છે.

દવદવસ્સ ચરઈ, પમત્તે ય અભિક્ખણં ।
ઉલ્લંઘણે ય ચંડે ય, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥ ૮ ॥

જે ઉચ ઉચ પગ મુકતાં અવાજ કરતો ચાલે છે તથા વારંવાર પ્રમાદ કરે છે આચારનું ઉલ્લંઘન કરતો ક્રોધી સાધુ પાપ શ્રમણ કહેવાય છે.

પડિલેહેઇ પમત્તો અવઉજ્ઝઇ પાયકંબલં ।
પડિલેહા અણાઉત્તો, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૯ ॥

જે પ્રમત્ત રહી પડિલેહણ કરે છે તથા પાદ લુછણને જ્યાં ત્યાં નાખી દે છે, પડિલેહણમાં આળસવાળો હોય તે પાપ શ્રમણ કહેવાય છે.

પડિલેહેઇ પમત્તો, સે કિંચિ હુ નિસામિયા ।
ગુરુપારિભાવએ નિચ્ચં, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૦ ॥

જે પ્રમત રહી પડિલેહણ કરે, સાંભળતાં સાંભળતા કરે અને ગુરુને સંતાપ કરે તે પાપ શ્રમણ કહેવાય છે.

બહુમાઈ ય મુહરી, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।
અસંવિભાગી અવિયત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૧ ॥

જે બહુ માયી, વાચાળ, અહંકારી, લોભી, ઇંદ્રિયનિગ્રહ વિનાનો ગુરુને કે અશકતને આહાર લાવી આપનારો ન હોય તથા જે ગુરુ વગેરેમાં પ્રીતિ યુક્ત ન હોય તે પાપ શ્રમણ કહેવાય છે.

વિવાદં ચ ઉદીરેઇ, અહમ્મે અત્તપન્નહા ।
વુગ્ગહે કલહે રત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૨ ॥

જે વિવાદ જગાડે, અધર્મ, તથા આત્મપ્રજ્ઞાને હણનારો મારામારી તથા કજીઆ કરવામાં રક્ત હોય તે પાપ શ્રમણ કહેવાય છે.

અથિરાસણે કુક્કુઇએ, જત્થ તત્થ નિસીયઈ ।
આસણમ્મિ અણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૩ ॥

જે અસ્થિર આસન તથા ચેનચાળા કરનારો તથા જ્યાં ત્યાં બેસી જાય અને આસનમાં અસાવધાન રહેનારો હોય તે પાપ શ્રમણ કહેવાય છે.

સસરક્ખપાએ સુવઇ, સેજ્જં ન પડિલેહઇ ।
સંથારએ અણાઉત્તો, પાવસમણે ત્તિ વુચ્ચઇ ॥ ૧૪ ॥

જે ધૂળે ભરેલા પગે સૂઈ જાય અને શય્યાની પ્રતિ-લેખણા ન કરે તેમજ સંથારામાં પણ અવિધિથી અસાવધાન-પણે સૂએ તે પાપ શ્રમણ કહેવાય

દુદ્ધદહીવિગઈઓ, આહારેઈ અભિક્ખણં ।
અરએ ય તવોકમ્મે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૫ ॥

જે દુધ દહીનો વારંવાર આહાર કરે છે પણ જે તપ કર્મમાં અપ્રીતિ રાખે છે તે પાપ શ્રમણ કહેવાય છે.

અત્થંતમ્મિ ય સૂરમ્મિ, આહારેઇ અભિક્ખણં ।
ચોઇઓ પડિચોએઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૬ ॥

વળી જે સૂર્ય અસ્ત પામ્યા પછી આહાર લીયે અને કોઈ પ્રશ્ન કરે તો તેની સામુ બોલે તે ભૂલ કબુલ ન કરે તે પાપ શ્રમણ કહેવાય છે.

આયરિયપરિચ્ચાઈ, પરપાસંડસેવએ ।
ગાણંગણિએ દુબ્ભૂએ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૭ ॥

જે આચાર્યનો પરિત્યાગ કરે અને પરપાખંડને સેવે

અને ઘણે ફરનારો એટલે જુદા જુદા ગચ્છમાં જતો નિંદનીય હોય તે પાપ શ્રમણ કહેવાય છે.

**સયં ગેહં પરિચ્ચજ્જ, પરગેહંસિ વાવરે ।**
**નિમિત્તેણ ય વવહરઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૮ ॥**

જે પોતાનું ઘર છોડી પરઘરમાં વ્યાવૃત્ત થાય. સામુદ્રિકાદિ વડે વ્યવહાર કરે ક્રયવિક્રય કરે તે પાપ શ્રમણ કહેવાય છે.

**સન્નાઇપિંડં જેમેઇ, નેચ્છઈ સામુદાણિયં ।**
**ગિહિનિસેજ્જં ચ વાહેઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥ ૧૯ ॥**

પોતાના સંસારી બંધુઓએ આપેલ ભીક્ષાને જમે છે. ઘરોઘર વહોરવા જતો નથી. ગ્રહસ્થના પલંગ માંચા પર બેસે છે તે પાપ શ્રમણ કહેવાય છે.

**એયારિસે પંચકુસીલસંવુડે, રૂવંધરે મુણિપવરાણ હેટ્ઠિમે ।**
**અયંસિ લોએ વિસમેવ ગરહિએ,**
**ન સે ઇહં નેવ પરત્થલોએ ॥ ૨૦ ॥**

આવાં પાંચ કુશીલોથી સંવૃત તથા મુનિવેશ ધારી આ લોકમાં નિંદીત થઈ આ લોક ને પરલોક બન્નેથી ભ્રષ્ટ થાય છે અથવા સાધુપણામાં ગણાતો નથી કે શ્રાવકપણામાં પણ ગણાતો નથી. શાસ્ત્રમાં પાંચ પ્રકારના કુસીલીયા અવંદનીય સાધુ કહ્યા છે. પાસત્થો અવસન્નો કુસીલ સંસત્તઓ અહા છંદો.

૧ જ્ઞાન દર્શન ચારિત્રનાં ઉપકરણો રાખે પણ તેનો ઉપયોગ કરે નહિ.
૨ ક્રિયામાં પ્રમાદી બની અતિચારો લગાડે
૩ મહાવ્રતોના ઉત્તર ગુણોમાં અતિચારો લગાડે.

૪. ભ્રષ્ટાચારીઓનો સંસર્ગ કરે કે ગૃહસ્થનો પરિચય કર્યા કરે.

૫. પોતાની મરજી મુજબ ચાલે.

**જે વજ્જએ એતે સયા ઉ દોસે,**
**સે સુવ્વએ હોઈ મુણીણ મજ્ઝે ।**
**અયંસિ લોએ અમયં વ પૂઇએ,**
**આરાહએ લોગમિણં તહા પરં ત્તિ બેમિ ॥ ૨૧ ॥**

જે આટલા દોષોને સદાએ વર્જે તે મુનિઓના મધ્યમાં સુવ્રત થાય. આ લોકમાં અમૃત જેવો પૂજિત થઈ આ લોક તથા પરલોકમાં આરાધક થાય એમ હું બોલું છું. આ ભવમાં સારી આરાધના કરી હોય તે પરલોકમાં પણ વધારે સારી આરાધના કરી શકે છે.

**ઈતિ પાવસમણિજ્જં ણામ સત્તદહં અજ્ઝયણં સમત્તં ॥ ૧૭ ॥**

**॥ અહ સંજઇજ્જં અટ્ઠારહમં અજ્ઝયણં ॥**

## સંયતીય નામે અઢારમું અધ્યયન

**કંપિલ્લે નયરે રાયા, ઉદિણ્ણબલવાહણે ।**
**નામેણં સંજએ નામં, મિગવ્વં ઉવણિગ્ગએ ॥ ૧ ॥**

કાંપિલ્ય નગરમાં જેની સેના અને વાહનો સજ્જ છે એવો સંયત નામે રાજા હતો તે એક વખત મૃગયા રમવા નિકળ્યો.

**હયાણીએ ગયાણીએ, રહાણીએ તહેવ ય ।**
**પાયત્તાણીએ મહયા, સવ્વઓ પરિવારિએ ॥ ૨ ॥**

અશ્વદળ, ગજદળ, રથદળ, તેમજ મોટું પાયદળ એમ ચાર પ્રકારના સૈન્યથી ચારેકોર પરિવારિત થઈને નિકળ્યો.

મિએ છુભિત્તા હયગઓ, કંપિલુજ્જાણ કેસરે ।
ભીએ સંતે મિએ તત્થ, વહેઇ રસમુચ્છિએ ॥ ૩ ॥

ઘોડા ઉપર ચઢેલા રાજા કાંપીલ નગરના કેસર નામે ઉદ્યાનમાં પ્રથમ તો મૃગને ક્ષોભ પમાડીને તથા બીવરાવીને મૃગયારસમાં મૂર્છિત બનીને થાકેલા તે મૃગને મારે છે.

અહ કેસરંમ્મિ ઉજ્જાણે, અણગારે તવોધણે ।
સજ્ઝાયજ્ઝાણસંજુત્તો, ધમ્મજ્ઝાણં ઝિયાયઇ ॥ ૪ ॥

આ કેસર ઉદ્યાનમાં કોઈ તપોધન અણગાર સ્વાધ્યાય તથા ધ્યાન સંયુકત રહેતો ધર્મધ્યાનનું ચિંતન કરી રહ્યો છે.

અપ્ફોવમંડવમ્મિ, ઝાયઇ કખવિયાસવે ।
તસ્સાગએ મિગે પાસં, વહેઈ સે નરાહિવે ॥ ૫ ॥

ચોતરફ વૃક્ષાદિકથી ઘેરાએલા મંડપમાં જ્યાં ક્ષપીત છે આશ્રવ જેણે એવા તે અણગાર ધ્યાન કરે છે તેની પાસે એક મૃગને તે નરાધિપે હણ્યો.

અહ આસગઓ રાયા, ખિપ્પમાગમ્મ સો તહિં ।
હએ મિએ ઉ પાસિત્તા, અણગારં તત્થ પાસઈ ॥ ૬ ॥

ઘોડે ચઢેલો તે રાજા શીઘ્ર ત્યાં આવીને હત થએલા તે મૃગને જોઈ ત્યાં અણગારને દીઠા.

અહ રાયા તત્થ સંભંતો, અણગારો મણા હઓ ।
મએ ઉ મંદપુણ્ણેણં, રસગિદ્ધેણ ઘણ્ણુણા ॥ ૭ ॥

તદનંતર ત્યાં રાજા સંભ્રાંત થઈ ગયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે મંદ પુણ્ય રસમાં લોલુપ તથા ઘાતકી એવા મેં આ અણગારને જરાકમાં મારી નાખ્યો હોત તો મારી શી દશા થાત?

આસં વિસજ્જઇત્તાણં, અણગારસ્સ સો નિવો ।
વિણએણ વંદએ પાએ, ભગવં એત્થ મે ખમે ॥ ૮ ॥

તે નૃપે અશ્વને મુકી દઈ અણગારના પગમાં પડી વિનય વડે વંદન કરી બોલ્યો હે ભગવન્! મને ક્ષમા કરો.

અહ મોણેણ સો ભગવં, અણગારે ઝાણમસ્સિએ ।
રાયાણં ન પડિમંતેઇ, તઓ રાયા ભયદ્દુઓ ॥ ૯ ॥

તે પછી તે અણગાર મૌન ધરી ધ્યાનનો આશ્રય કરી બેઠા છે. તેથી રાજાને પ્રત્યુત્તર ન આપવાથી રાજા ભયભીત થઈ ગયો.

સંજઓ અહમમ્મીતિ, ભગવં વાહરાહિ મે ।
કુદ્ધે તેએણ અણગારે, ડહેજ્જ નરકોડિઓ ॥ ૧૦ ॥

હું સંયત રાજા છું હે ભગવન્! મારી સાથે બોલો. કુદ્ધ થએલા અણગાર પોતાના તેજ વડે ક્રોડ મનુષ્યોને બાળી નાખે, માટે આપે ક્રોધ ન કરવો.

અભઓ પત્થિવા તુબ્ભં, અભયદાયા ભવાહિ ય ।
અણિચ્ચે જીવલોગમ્મિ, કિં હિંસાએ પસજ્જસી ॥ ૧૧ ॥

ત્યારે મુનિ બોલ્યા કે હે પાર્થિવ! તને અભય છે. તેમજ તું પણ અભયદાતા થજે. આ અનિત્ય જીવલોકમાં હિંસામાં કેમ પ્રસન્ન થયો છું?

જયા સવ્વં પરિચ્ચજ્જ, ગંતવ્વમવસસ્સ તે ।
અણિચ્ચે જીવલોગમ્મિ, કિં રજ્જમ્મિ, પસજ્જસી ॥ ૧૨ ॥

જ્યારે સર્વ પરિત્યાગ કરીને તારે અવશ બનીને જવાનું છે તો અનિત્ય જીવલોકમાં રાજ્યમાં કેમ પ્રસન્ન થાય છે.

જીવિયં ચેવ રુવં ચ, વિજ્જુસંપાયચંચલં ।
જત્થ તં મુજ્ઝસી રાયં, પેચ્ચત્થં નાવબુજ્ઝસે ॥ ૧૩ ॥

હે રાજન! તું જેમાં મોહિ રહ્યો છું તે જીવીત તથા રૂપ બન્ને વીજળીના ચમકવા જેવી ચંચળ છે. તું પરલોક માટે કંઈ જાણતો નથી.

દારાણિ ય સુયા ચેવ, મિત્તા ય તહ બંધવા ।
જીવંતમણુજીવંતિ, મયં નાણુવ્વયંતિ ય ॥ ૧૪ ॥

ઘરની સ્ત્રીઓ, પુત્રો, મિત્રો તથા બાંધવો આ સર્વે જીવતાની પાછળ જીવે છે પણ મરે તેની પાછળ કોઈ જતા નથી તો રાગ શા માટે કરવો.

નીહરંતિ મયં પુત્તા, પિતરં પરમદુક્ખિયા ।
પિતરો વિ તહા પુત્તે, બંધૂ રાયં તવં ચરે ॥ ૧૫ ॥

મૃત થએલા પિતાને તેના પુત્રો પરમ દુખિત થઈને કાઢી જાય છે તેમ મરેલા પુત્રોને બંધુઓને-પિતાઓ બહાર કાઢી જાય છે. માટે હે રાજન! તપને આચરો.

તઓ તેણજ્જિએ દવ્વે, દારે ય પરિરક્ખિએ ।
કીલંતિઽન્ને નરા રાયં, હટ્ઠતુટ્ઠમલંકિયા ॥ ૧૬ ॥

તે પછી હે રાજન! તે મરનારે મેળવેલ તથા રક્ષા

કરેલ દ્રવ્ય તથા તેની સ્ત્રીઓથી અન્ય નરો હૃષ્ટપુષ્ટ થઈ અલંકૃત બની ક્રીડા કરે છે એવી આ સંસારની સ્થિતિ જાણી હે રાજન તું તપ કર.

તેણાવિ જં કયં કમ્મં, સુહં વા જઇ વા દુહં ।
કમ્મુણા તેણ સંજુત્તો, ગચ્છઈ ઉ પરં ભવં ॥ ૧૭ ॥

તે મરનાર જીવે પણ જે શુભાશુભ કર્મ કર્યું હોય તેને અનુસારે તે તે ગતિમાં ઉત્પન્ન થાય છે.

સોઊણ તસ્સ સો ધમ્મં, અણગારસ્સ અંતિએ ।
મહયા સંવેગનિવ્વેદં, સમાવન્નો નરાહિવો ॥ ૧૮ ॥

તે સંયત રાજા મુનિની સમીપે ધર્મ સાંભળીને મોટા સંવેગ તથા નિર્વેદને પ્રાપ્ત થયો.

સંજઓ ચઇઉં રજ્જં, નિકખંતો જિણસાસણે ।
ગદ્દભાલિસ્સ ભગવઓ, અણગારસ્સ અંતિએ ॥ ૧૯ ॥

ચિચ્ચા રટ્ઠે પવ્વઇએ, ખત્તિએ પરિભાસઈ ।
જહા તે દાસઈ રુવં, પસન્નં તે તહા મણો ॥ ૨૦ ॥

સંયત રાજા રાજ્યને તજીને ગર્દભાલી નામે અણગાર સમીપે જિનશાસનને વિષે નિષ્ક્રાંત થયા એટલે દીક્ષીત થયા ને ગીતાર્થ બની એકાકી વિહાર કરતાં કોઈ ગામે ગયા. બીજા કોઇ રાજ્ય તજીને પ્રવ્રજિત થયેલ ક્ષત્રીય મુનિ સંયત મુનિને કહે છે હે મુનિ ! જેમ તમારૂં આ બાહ્ય રૂપ દેખાય છે તેમ તમારૂં મન પણ પ્રસન્ન દેખાય છે.

કિંનામે કિંગોત્તે, કસ્સટ્ઠાએ વ માહણે ।
કહં પડિયરસી બુદ્ધે, કહં વિણીએ ત્તિ વુચ્ચસી ॥ ૨૧ ॥

તમારૂં નામ શું ? ગોત્ર કયું ? શા અર્થે મુનિ થયા, ગુરૂને કેમ સેવો છો અને વિનીત કેમ કહેવાઓ છો.

**સંજઓ નામ નામેણં, તહા ગોત્તેણ ગોયમો ।**
**ગદ્દભાલી મમાયરિયા, વિજ્જાચરણપારગા ॥ ૨૨ ॥**

હું સંયત નામે મુનિ ગૌતમ ગોત્રનો છું. ગર્દભાલી મારા ગુરૂ છે. તેઓ વિદ્યા અને આચરણના પારગ છે. તેમની સેવા કરૂં છું. તેમના જ ઉપદેશથી વિનીત કહેવાઉં છું.

**કિરિયં અકિરિયં વિણયં, અન્નાણં ચ મહામુણી ।**
**એએહિં ચઉહિં ઠાણેહિં, મેયન્ને કિં પભાસઈ ॥ ૨૩ ॥**

હે મહામુનિ ! ક્રિયાવાદી અક્રિયાવાદી વિનયવાદી અને અજ્ઞાનવાદી આ ચાર સ્થાનો વડે જીવાદિપ્રમેય પદાર્થોને જાણનાર કુત્સિત ભાસે છે.

**ઇઇ પાઉકરે બુદ્ધે, નાયએ પરિણિવ્વુએ ।**
**વિજ્જાચરણસંપન્ને, સચ્ચે સચ્ચપરક્કમે ॥ ૨૪ ॥**

ઉક્ત પ્રકારે તત્ત્વજ્ઞાની શાંત સ્વભાવી વિદ્યા આચરણથી સંપન્ન સત્ય તથા સત્ય પરાક્રમી એવા જ્ઞાતક શ્રી મહાવીરે પ્રકટ કરેલ છે.

**પડંતિ નરએ ઘોરે, જે નરા પાવકારિણો ।**
**દિવ્વં ચ ગઇં ગચ્છંતિ, ચરિત્તા ધમ્મમારિયં ॥ ૨૫ ॥**

જે પાપકારી મનુષ્યો છે તે, ઘોર નરકમાં પડે છે, અને આર્યો તો ધર્મ આચરીને દેવલોકને વિષે જાય છે.

**માયાવુઇયમેયં તુ મુસાભાસા નિરત્થિયા ।**
**સંજમમાણો વિ અહં, વસામિ ઇરિયામ ય ॥૨૬ ॥**

આ ક્રિયાવાદી વગેરેનાં વચન માયા શઠતાથી કહેલા હોય છે તેથી તે મૃષા ભાષા રૂપ તથા નિરર્થક સમજવાં. તેથી જ હું પાપથી નિવૃત્ત રહી વસું છું અને ઈર્યાસમિતિ વડે જઉં છું.

સવ્વેતે વિઇયા મજ્ઝં, મિચ્છાદિટ્ઠિ અણારિયા ।
વિજ્જમાણે પરે લૌએ, સમ્મં જાણામિ અપ્પગં ॥ ૨૭ ॥

તે સર્વે મારા જાણેલા છે કે તે મિથ્યાદષ્ટિ તથા અનાર્ય છે. પરલોક વિદ્યમાન હોઈ હું મારા આત્માને સમ્યક પ્રકારે જાણું છું.

અહમાસિ મહાપાણે, જુઇમં વરિસસઓવમે ।
જા સા પાલીમહાપાલી દિવ્વા વરિસસઓવમા ॥ ૨૮ ॥

હું મહા પ્રાણ વિમાનમાં દ્યુતિમાન શત વર્ષના આયુષ્યવાળા મનુષ્યની ઉપમાવાળો હતો જે પાલી તથા મહાપાલી દીવ્ય વર્ષ શતના ઉપમાવાળી દેવભવની સ્થિતિ કહેવાય છે તે સ્થિતિ મારી હતી.

સે ચુએ બંભલોયાઓ, માણુસં ભવમાગએ ।
અપ્પણો ય પરેસિં ચ, આઉં જાણે જહા તહા ॥ ૨૯ ॥

તે હું બ્રહ્મલોકમાંથી ચ્યુત થઈ મનુષ્યભવ પામ્યો. હવે હું મારૂં પોતાનું તથા બીજાઓનું જેમ છે તેમ આયુષ્ય જાણું છું.

નાણારૂઇં ચ છંદં ચ, પરિવજ્જેજ્જ સંજએ ।
અણટ્ઠા જે ય સવ્વત્થા, ઇહ વિજ્જામણુસંચરે ॥ ૩૦ ॥

હે સંયત! નાના પ્રકારની રૂચિ તથા છંદ મનઃકલ્પીત અભિપ્રાય તેમજ જે સર્વથા પ્રયોજનશૂન્ય હોય તે સર્વને વર્જજો આવી વિદ્યાને અનુલક્ષીને સંયમ માર્ગમાં વર્તો.

પડિક્કમામિ પસિણાણં, પરમંતેહિં વા પુણો ।
અહો ઉટ્ટિઠએ અહોરાયં, ઇઇ વિજ્જા તવં ચરે ॥ ૩૧ ॥

પ્રશ્નોથી હું પ્રતિનિવૃત્ત થાઉં છું તેમજ ગૃહસ્થિઓના વિચારોથી પણ પરાંગમુખ છું. અહો! આશ્ચર્ય છે કે રાત્રી દિવસ ઉદ્યત રહી કોકજ એમ જાણી તપ આચરે છે.

જં ચ મે પુચ્છસી કાલે, સમ્મં સુદ્ધેણ ચેયસા ।
તાઇં પાઉંકરે બુદ્ધ તં નાણં જિણસાસણે ॥ ૩૨ ॥

સમ્યગ્પ્રકારે શુદ્ધ ચિત્તથી મને જે કાળ વિષયે તમે પુછો છો તે બુદ્ધ પુરૂષોએ પ્રકટ કરેલ છે. તે જ્ઞાન જિન શાસનમાં છે.

કિરિયં ચ રોયઈ ધીરે. અકિરીયં પરિવજ્જએ ।
દિટ્ઠીએ દિટ્ઠીસંપન્ને, ધમ્મ ચરસુ દુચ્ચરં ॥ ૩૩ ॥

ધીર પુરૂષ ક્રિયાને પસંદ કરે છે અક્રિયાને ત્યજે છે દર્શન વડે કરી સમ્યગ્જ્ઞાન યુક્ત થાય છે તમે પણ સુદુષ્કર કષ્ટ સહી જે આચરી શકાય તેવા તપને આચરો.

એયં પુણ્ણપયં સોચ્ચા, અત્થધમ્મોવસોહિયં ।
ભરહો વિ ભારહં વાસં, ચેચ્ચા કામાઇ પવ્વએ ॥ ૩૪ ॥

અર્થ તથા ધર્મ વડે ઉપશોભિત આ પુણ્યપદને સુણી ભરતચક્રી પણ ભારતવર્ષ તથા કામભોગને ત્યજી પ્રવ્રજિત થયા.

અયોધ્યા નગરીમાં ઋષભદેવના પુત્ર પૂર્વભવમાં કરેલ મુનિજનોની ભક્તિને લીધે પ્રથમ ચક્રી થયા તેમને નવનીધાન, ચૌદ રત્ન, બત્રીસ હજાર રાજાઓ, બહોતેર હજાર નગર, છન્નુ-ક્રોડ ગ્રામ, ચોરાશી લાખ ઘોડા-હાથી-રથ-આવી સંપત્તિવાળું છ ખંડ ભરતનું ઐશ્વર્ય ભોગવતા હતા. તથા પોતાની સંપત્તિને અનુસાર સમાન ધર્મવાળાઓ પ્રતિવાત્સલ્ય કરતા હતા અને અષ્ટાપદ પર્વતના શિખર પર એક યોજન લંબાઈ પહોળાઈવાળા પ્રદેશમાં જિનાયતન સ્થાપીત કરી ચોવીસે તીર્થંકરોની તેમના શરીર પ્રમાણની પ્રતિમાઓ ભરાવી તેનું પુજન અર્ચન કરતાં પાંચ લાખ પૂર્વ વ્યતિત થયાં. એક વખત મોટા વૈભવથી દેહને સજી સર્વ અલંકારોથી વિભુષીત બની તે ભરતચક્રી પોતાના મહેલમાં ગયા. ત્યાં ભીંતે ગોઠવેલ મોટા મોટા આરીસામાં પોતાનો દેહ જુએ છે. ત્યાં એક આંગળીમાંથી વીંટી નીકળી પડી પણ તે પોતાના જાણ્યામાં ન આવી તથાપી જે આંગળી આરિસામાં અડવી જોવામાં આવી અને તેથી તે આંગળી શોભારહિત જણાણી. આ જોઈને તેણે બીજી આંગળીમાંથી જાણીજોઈને વીંટી કાઢી નાખી ત્યારે તે આંગળી પણ શોભા વિનાની જણાણી. એમ કરતાં ક્રમે ક્રમે તમામ ઘરેણાં ઉતારી નાખ્યાં ત્યારે તો આખુંય શરીર શોભા વગરનું લાગવા માંડયું. આ જોઈ વૈરાગ્ય પામી તેમણે વિચાર્યું કે આ શરીર તો આવા આગંતુક દ્રવ્યો વડે જ શોભે છે. આ શરીર સ્વભાવથી સુંદર નથી. શરીરના સંગ વડે સુંદર વસ્તુ પણ વિનાશ પામે છે. મનગમતું અશનપાન

વિષ્ટા મુત્ર બની જાય છે. સારાં વસ્ત્ર પુષ્પ ગંધ વિલેપન શયન આસન વગેરે વિનષ્ટ થઈ જાય છે. રોગનું ઘર પંચ ભૂતમય અશુભ શરીર માટે અનેક પાપકર્મ કરીને મનુષ્ય જન્મ હારી જવું સર્વથા યુક્ત નથી. જે મનુષ્ય કેવળ ઇન્દ્રિયોના પોષણ અર્થે આ મનુષ્યજન્મ ખપાવી નાખે છે તે સમુદ્રમાં વહાણમાં બેસી લોઢા માટે વહાણને ભાંગે છે. દોરો કાઢી લેવા વૈડુર્યનો હાર તોડી નાખે છે અને રાખ માટે ચંદનને બાળી નાખે છે. આવાં વિચાર કરતાં ભરત ચક્રીને ભાવચારિત્રની પ્રાપ્તિ થતાં શુભ અધ્યવસાયથી ક્ષપક શ્રેણી પર ચઢયા તેથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં ઇન્દ્ર આવ્યા અને કહ્યું કે દ્રવ્યલિંગ સ્વિકારો. જેથી અમે વંદન કરી દિક્ષા મહોત્સવ ઉજવીએ. તે પછી ભરત કેવળીએ. પોતાના મસ્તકનો પંચમુષ્ટિ લોચ કર્યો. દેવતાએ રજોહરણાદિક ઉપકરણો આપ્યાં. દશ હજાર રાજાઓ સહિત ભરત પ્રવ્રજિત થયા. શેષ ચક્રીઓ તો હજારના પરિવારે પ્રવ્રજિત થયા. તદનંતર ઇંદ્રે તેમને વંદના કરી ભરત કેવળી પૃથ્વી પર વિહાર કરી ભવ્ય જીવોને પ્રતિબોધી એક લાખ પૂર્વ કેવળી પર્યાય પાળી નિર્વાણ પામ્યા. તેમની પાટે આદિત્યયશા રાજાનો ઇન્દ્રે અભિષેક કર્યો હતો. ભરતની પાટે અસંખ્ય રાજાઓ સિદ્ધિપદને વર્યા છે. તેનો અધિકાર સિદ્ધ ગંડીકાથી જાણવો. તે પછી અજિતનાથ ભગવાન થયા અને તેમના કાકાના દિકરા સગર ચક્રવર્તિ થયા.

સગરો વિ સાગરંતં, ભરહવાસં નરાહિવો ।
ઇસ્સરિયં કેવલં હિચ્ચા, દયાઇ, પરિનિવ્વુડે ॥ ૩૫ ॥

સગર ચક્રી પણ ચારેકોર સાગરપર્યંત ભારતવર્ષને તથા પૂર્ણ ઐશ્વર્યને તજીને દયા વડે પરિનિવૃત્ત થયા. તેમનું ચરિત્ર કહે છે–અયોધ્યા નગરીમાં ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થએલ જિતશત્રુ નામે રાજા હતો. તેને વિજયા નામે રાણી હતી અને સુમિત્ર નામે નાનો ભાઈ યુવરાજપદે હતો. તેને યશોમતિ નામે સ્ત્રી હતી. એકદા વિજયારાણીએ ચૌદ મહા સ્વપ્ન જોઇ તીર્થંકર પુત્રને જન્મ આપ્યો. તેનું અજિત નામ રાખવામાં આવ્યું. તે બીજા તીર્થંકર થયા. સુમિત્ર યુવરાજને યશોમતિથી ચૌદ સ્વપ્ન સૂચિત બીજો સગર નામે ચક્રવર્તિ પુત્ર થયો. અજિત અને સગર બન્ને ઉમરલાયક થતાં તેઓના પિતાએ બન્નેને કન્યાઓ પરણાવી. કેટલોક કાળ ગયા પછી જિતશત્રુ રાજાએ પોતાના રાજ્ય પર અજીતકુમારનો અભિષેક કર્યો અને સગરને યુવરાજપદે સ્થાપ્યો. જિતશત્રુ અને સુમિત્ર બન્નેએ દીક્ષા લીધી. અજિત રાજાએ પણ કેટલોક કાળ રાજ્ય ભોગવી પોતાના રાજ્ય પર સગરને સ્થાપીત કરી દીક્ષા લીધી. સગર રાજાને ત્યાં ચૌદ રત્ન ઉત્પન્ન થતાં છ ખંડ ભરતનું રાજ્ય સાધી ચક્રવર્તિ થઈ પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. આ સગર ચક્રવર્તિને સાઠ હજાર પુત્રો થયા. તે સર્વમાં જન્હુકુમાર સૌથી મ્હોટો હતો. એક સમયે જન્હુકુમારે કોઈ પ્રસંગે સગરને સંતુષ્ઠ કરતાં સગરે કહ્યું કે જે જોઈએ તે માગી લે. જન્હુએ કહ્યું કે મારી ઇચ્છા છે કે તેર રત્ન સહિત સમગ્ર ભાઈઓને સાથે લઈ પૃથ્વી પરિભ્રમણ કરૂં. સગર ચક્રીએ તે કબુલ કરવાથી સારૂં

મુહુર્ત જોઈ નિકળ્યા. અનેક દેશોમાં ફરતા ફરતા અષ્ટાપદ આવ્યા. સકળ સૈન્યને નીચે રાખી તેઓ બધા ઉપર ચઢયા. ત્યાં ભરત ચક્રીએ કરાવેલાં મણિસુવર્ણમય ચોવીસ જિન-પ્રતિમાઓથી અધિષ્ઠિત જિનાયતન જોયાં. જિન પ્રતિમાઓનું અભિવંદન કરી જન્હુકુમારે મંત્રીઓને પુછયું કે આ અત્યંત રમણીય જિનભવન કોણે કરાવેલ છે? મંત્રીઓએ કહ્યું કે આપના પૂર્વજ ભરત ચક્રીએ કરાવેલ છે. આ સાંભળી જન્હુકુમાર બોલ્યા કે આ અષ્ટાપદ જેવો બીજો કોઈ અષ્ટા-પદ છે કે જ્યાં આપણે બીજું ચૈત્ય કરાવીએ? ચારે દિશામાં શોધ કરવા માણસો મોકલ્યા. તેઓએ પાછા આવી કહ્યું કે આવો પર્વત કયાંઈ નથી. ત્યારે જન્હુકુમારે કહ્યું કે જો ન હોય તો આપણે આ પર્વતની રક્ષા કરીએ કારણ કે કાળે કરી આ ક્ષેત્રમાં લોભી તથા શઠ પુરૂષો થશે. તેઓ વિનાશ કરશે. માટે નવું કરતા આ જુના તીર્થનું રક્ષણ કરવું સારૂં એમ વિચારી દંડરત્ન હાથમાં લઈ સર્વે કુમારો અષ્ટાપદ ને પડખે ચારે તરફ ખોદવા લાગ્યા. દંડરત્નના પ્રભાવે એક હજાર યોજન ભૂમિ ખોદાતાં નાગકુમારોના ભવન ભેદાવા લાગ્યાં. તેથી નાગકુમારો જવલનપ્રભ નાગેંદ્ર પાસે જઈ ફરીઆદ કરવા લાગ્યા. જવલનપ્રભે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકી ક્રોધથી સગરપુત્રો પાસે આવી બોલ્યો કે વગર વિચાર્યે આવો ઉપદ્રવ કેમ કરો છો? આવા નાગેન્દ્રના વચન સાંભળી જન્હુકુમારે કહ્યું કે હે નાગરાજ! અમારો આ એક અપરાધ માફ કરો. અષ્ટાપદતીર્થના રક્ષણ માટે

જ તેના ફરતી ખાઈ ખોદી છે. હવે પછી આમ નહિ કરીએ. આ સાંભળી નાગરાજ શાંત થઈ પોતાના સ્થાને ગયો. પછી જન્હુકુમારે ભાઈઓને કહ્યું કે પાણી વગર ખાઈ શોભતી નથી. જતે દિવસે પાણી વગરની ખાઈ ધુળથી પુરાઈ જશે. એમ વિચારી દંડરત્ન વડે ગંગાનદીને ભેદી તેનું જળ લાવી ખાઈને પાણીથી ભરી દેતાં નાગકુમારના ભવનોમાં પાણી ભરાવા લાગ્યું. આથી અવધિજ્ઞાનનો ઉપયોગ મુકી જ્વલનપ્રભે જન્હુકુમારનું કૃત્ય જાણી તેઓના વધને માટે દૃષ્ટિ વિષ મહા-નાગો મોકલ્યા. તેઓએ ત્યાં જઈ વિષયુક્ત દૃષ્ટિ ફેંકતાં સર્વે કુમારો ભસ્મિભૂત થઈ ગયા. આથી સૈન્યમાં હાહાકાર થઈ ગયો. મંત્રીઓએ વિચાર્યું કે તીર્થરક્ષા કરતાં મરણ પામે-લાની સદ્ગતિ જરૂર થઈ હશે માટે તેઓનો શોક કરવો નકામો છે. એમ વિચારી સગર ચક્રિ પાસે જવા નિકળ્યા. બધા કુમારો મૃત્યુ પામી ગયાની વાત ચક્રીને શી રીતે જણાવાય. માટે આપણે બધાએ અગ્નિપ્રવેશ કરવો સારો. એમ વિચારતાં ત્યાં કોઈ બ્રાહ્મણે આવી કહ્યું કે સંસારમાં આવું બની જાય. તેટલા માટે ખેદ કરવો ને આપઘાત કરવો તે સારૂં નથી. તમે મુંઝાશો નહિ. સગર ચક્રિને પુત્રવધનો વૃતાંત હું કહીશ. મંત્રી અને સામંતોએ તે બ્રાહ્મણની વાત સ્વિકારી. એટલે તે બ્રાહ્મણ એક મુએલા બાળકને હાથમાં લઈ–હાય રે હું લુંટાઈ ગયો–એમ બુમ પાડતો સગર ચક્રિના ગૃહદ્વારે આવ્યો. ચક્રીએ તેનો વિલાપ સાંભળી કહ્યું કે "કોણે તારૂં શું ચોરી લીધું છે? તેણે કહ્યું કે હે દેવ!

મારા એકનાએક પુત્રને સર્પ ડસ્યો ને મરી ગયો છે તેથી વિલોપ કરૂં છું. આપ તેને જીવતો કરી આપશો. ચક્રીએ રાજવૈદ્યોને તેડાવી સર્પનું ઝેર ઉતારવા કહ્યું. રાજ્યવૈદ્યોએ ચક્રિના પુત્રોનું મરણ જાણેલું હોવાથી તેમજ આ મૃત બાળક ઉપર કોઈ ઈલાજ નથી એમ વિચારી કહ્યું કે હે રાજન ! જેના કુળમા કોઈ મર્યું ન હોય તેના ઘરની રાખ લાવો તો આ બાળકને જીવતો કરી દઉં. ચક્રીએ તે બ્રાહ્મણને રાખ લેવા મોકલ્યો. તે દરેક ઘર ફરીને પાછો આવી કહેવા લાગ્યો કે હે રાજન! કોઈ ઘર એવું નથી કે જેના ઘેર મરણ થયું જ ન હોય. જે જન્મે તે અવશ્ય મૃત્યુ પામે જ. ત્યારે ચક્રીએ તે બ્રાહ્મણને કહ્યું કે હવે તમે સમજ્યા હો તો પુત્રનો શોક કરવો મુકી દ્યો. આત્માનું હિત થાય તે વિચારો. બ્રાહ્મણે કહ્યું કે હું પણ એમ જાણું છું પણ પુત્ર વિના મને ચેન પડતું નથી માટે કોઈપણ ઉપાયે મારા પુત્રને જીવીતદાન આપી મારૂં દુઃખ મટાડો. ચક્રીએ કહ્યું કે, ગઈ વસ્તુનો શોક કરવો નકામો છે. કોઈ ઉપાયે તે જીવે તેમ નથી. માટે શોક કરવો મુકી દ્યો અને પરલોક સુધારો. બ્રાહ્મણે કહ્યું કે આપે કહ્યું તે સત્ય છે. પરોપદેશે પાંડિત્યં જેવું ન થાય માટે હું આપને જણાવું છું કે મારી જેમ આપના સાઠ હજાર પુત્રો કાળધર્મ પામ્યા છે. આ સાંભળતાં જ ચક્રિ મૂર્છા ખાઈ સિંહાસન પરથી ભૂમિ પર પડી ગયા. સેવકોએ ઉપચાર કરતાં મૂર્છા વળી એટલે ચક્રી રૂદન કરવા લાગ્યા. આ પ્રમાણે વિલાપ કરતા ચક્રીને બ્રાહ્મણે કહ્યું કે હમણાં જ

તમે મને ઉપદેશ દેતા હતા કે શોક કરવો નકામો છે. તો આપ શા માટે શોક કરો છો? જેને એક હોય તો એક જાય અને ઘણા હોય તો ઘણા જાય તેથી સમજુને શોક કરવાથી સર્યું. રાજાનો શોક ઓછો થતાં બ્રાહ્મણ રૂપી ઈન્દ્રે મંત્રી સામંતોને કહ્યું કે હવે તમો ચક્રીને સઘળી હકીકત જણાવો કે સાઠ હજાર પુત્રો કેવી રીતે મરણ પામ્યા? મંત્રીઓએ બધી હકીકત જણાવતાં ચક્રીએ મરણોચિત કાર્ય કરી શાંત ચિત્તે બેઠા. તેવામાં અષ્ટાપદની સમીપે રહેનારા લોકોએ આવી કહ્યું કે ગંગાનો પ્રવાહ વધી જવાથી અમારા ઘરમાં પાણી ભરાયું છે. તો તે ઉપદ્રવ દૂર કરો. આપના સિવાય કોઈ તેને નિવારી શકે તેમ નથી. આ સાંભળી ચક્રીએ પૌત્ર ભગીરથને બોલાવી કહ્યું કે તમે નાગરાજની અનુજ્ઞા લઈ દંડરત્ન વડે ગંગાના પ્રવાહને સમુદ્રમાં લઈ જાઓ. ભગીરથ તરત જ અષ્ટાપદ સમીપે આવ્યા અને અઠ્ઠમ કરી નાગરાજને આરાધ્યા. નાગરાજે પ્રત્યક્ષ થઈ પુછતાં ભગીરથે કહ્યું કે અષ્ટાપદની આજુબાજુના ગામડામાં પાણી ભરાઈ ગયું છે તો હું દંડરત્ન વડે ગંગાનો પ્રવાહ સમુદ્રમાં વાળી દઉં. નાગરાજે ખુશીથી હા પાડી. પછી ભગીરથે નાગકુમારોને બલી પુષ્પાદિકે પુજીને દંડરત્ન વડે ગંગાના પ્રવાહને પૂર્વ સમુદ્ર તરફ વાળ્યો. તેમાં ઘણાં નગરો ને દેશો ડુબી ગયા. જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ થઈ ગયું. જન્હુકુમાર ગંગાને લાવ્યો અને ભગીરથે સાગરમાં ભેળવી દીધી તેથી ગંગાનું જાન્હવી અને ભાગીરથી નામ કહેવાયું. સગર ચક્રિયે ભગી-

રથને રાજ્ય સોંપી અજિતનાથ ભગવાન પાસે દીક્ષા લીધી અને સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા. ભગીરથે કોઈ વખતે અતિશય જ્ઞાનીને પુછ્યું કે જન્હુકુમાર આદિ સાઠ હજાર ભાઈઓ એકીસાથે મૃત્યુ પામ્યા તેનું શું કારણ? જ્ઞાનીએ કહ્યું કે એક મોટો સંઘ સમેતશિખર યાત્રાએ જતો હતો ત્યાં કોઈ ગામના લોકોએ સંઘને લુંટી લીધો. પણ એક ભદ્ર પ્રકૃતિવાળા કુંભારે કહ્યું કે યાત્રાએ જતા સંઘનું સ્વાગત કરવાને બદલે લુંટી લેવું તે ઘણું દુષ્કૃત્ય અનર્થનું કારણ બનશે. સંઘ તો ગયો. તે ગામમાં રહેનારા એક મનુષ્યે રાજાના મહેલમાં ચોરી કરી તથા રાજપુરૂષોએ તે ગામના દરવાજા બંધ કરી આખું ગામ સળગાવ્યું અને કુંભારને બહાર કાઢી બચાવ્યો. તે બીજે ગામ જતો રહ્યો. તે ગામમાં સાઠ હજાર મનુષ્યો મરી ગયા. તે બધા મરીને વિરાટ દેશની છેડે આવેલા ગામમાં કોદ્રવારૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી અનેક ભવો સંસારમાં ભમી કોઈ ભવમાં સુકૃત કરી સગરના પુત્રો તરીકે ઉત્પન્ન થયા. સામુદાયીક કર્મ બાંધેલ તેથી બધા સાથે મરી ગયાં. પેલો કુંભાર મરીને સમૃદ્ધ વણિક થયો. ત્યાં સુકૃત કરીને મરીને રાજા થયો. તે ભવમાં પાછળથી સંયમ લઈ શુદ્ધ ચારિત્ર પાળી દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી તું જન્હુનો પુત્ર ભગીરથ થયો છું. આ સાંભળી ભગીરથ વૈરાગ્ય પામ્યો. ભરત ને સગર બન્ને ચક્રી મોક્ષે ગયા.

**ચઈત્તા ભારહં વાસં, ચક્કવટ્ટી મહિડ્ઢિઓ ।**
**પવ્વજ્જમબ્ભુવગઓ મઘવં નામ મહાજસો ॥ ૩૬ ॥**

ભારતવર્ષને ત્યજીને મોટી ઋદ્ધિવાળો મહાયશસ્વી મઘવા નામના ચક્રવર્તિ પ્રવ્રજ્યા પામ્યા.

આ ભરતક્ષેત્રમાં સાવથ્થિનગરમાં સમુદ્ર વિજય રાજાને ભદ્રાદેવી રાણીની કુખે ચૌદ સ્વપ્ન સૂચિત મઘવા નામે ચક્રવર્તિ ઉત્પન્ન થયા. યુવાવસ્થા પામતાં પિતાએ રાજ્ય સોંપ્યું. તેઓ અનુક્રમે ચક્રી થયા. એક વખત સંસાર પર વૈરાગ્ય થતાં સર્વ વસ્તુ અનિત્ય જાણી ધર્મ જ સાર રૂપ જાણી. પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લઈ ચાલી નિકળ્યા અને ચારિત્ર તપ આચરી ત્રીજા દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયા

સણંકુમારો મણુસ્સિંદો, ચક્કવટ્ટી મહડ્ઢિઓ ।
પુત્તં રજ્જે ઠવેઊણં, સો વિ રાયા તવં ચરે ॥ ૩૭ ॥

પછી ચોથા સનત્કુમાર ચક્રવર્તિ થયા. તેમણે પણ પુત્રને રાજ્ય પર સ્થાપી મોટી ઋદ્ધિનો ત્યાગ કરી તપ અને ચારિત્રનું આચરણ કરી ત્રીજા દેવલોકે ગયા. ત્રીજા ને ચોથા બન્ને ચક્રી દેવલોકે ગયા. આ ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નગરમાં અશ્વ સેન રાજાને સહદેવી નામે રાણીની કુક્ષીએ ચૌદ સ્વપ્ન સૂચિત સનત્કુમાર નામે ચોથા ચક્રવર્તિ ઉત્પન્ન થયા. બાળ વયમાં સૂરિકાલિન્દીના પુત્ર મહેન્દ્ર સિંહ નામે પરમ મિત્રની સાથે કળાચાર્ય પાસે સર્વ કળા શિખ્યા યુવાવસ્થા પામતાં એક સમયે વસંત ઋતુમાં સર્વ રાજપુત્રો અને નગર લોકો સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા. ત્યાં સર્વે કુમારો ઘોડેશ્વાર થઈ પોતપોતાના ઘોડા ખેલાવવા લાગ્યા. સનત્કુમાર પણ જલધિકલ્લોલ નામે ઘોડા પર બેસી દોડાવવા લાગ્યા. વિપ-

રીત શિક્ષા પામેલો ઘોડો કુમારને દૂર ખેંચી ગયો. રાજાને ખબર પડતાં તેઓ પરિવાર સહિત કુમારને શોધવા નિકળ્યા. એ વખતે પ્રચંડ વાયુ વાતાં માર્ગ દેખાતો બંધ થયો. ત્યારે મહેન્દ્રસિંહે રાજાની આજ્ઞા માગી કુમારને શોધવા મહાટવીમાં પેઠો. શોધવામાં એક વર્ષ નિકળી ગયું ત્યારે એક સરોવર પાસે આવ્યો. ત્યાં તેણે કમળોનો પરિમલ સુંઘ્યો તથા મધુર ગીત સાંભળ્યું. તે સ્થળે જોતાં સનત્કુમાર નજરે પડયો. મહેન્દ્ર-સિંહને આશ્ચર્ય થયું. તે વખતે એક બંદીજને સનત્કુમારના ગુણ કુલ વંશ સાથે ગાતાં તેને સનત્કુમાર વિષે ખાત્રી થઈ. એટલે સનત્કુમાર પાસે જતાં સનત્કુમારે તેને ઓળખી લીધો અને પગમાં પડેલા મહેન્દ્રસિંહને ઉઠાડી દૃઢ આલીંગન આપ્યું, પછી પુછયું કે તમે એકલા જ કેમ આવ્યા? હું અહિં છું એવી ખબર શી રીતે મળી? મહેન્દ્રસિંહ તે સઘળો વૃતાંત જણાવે તે પહેલાં તો વારાંગનાએ તેને સ્નાન વિલેપન કરાવ્યું. પછી બન્ને મિત્રો સાથે જમ્યા. એટલે મહેન્દ્રસિંહે સનત્કુમારને તેની હકીકત પુછી. સનત્કુમારે પોતાનું ચરિત્ર પોતાને મોઢે કહેવું ઠીક નહિ લાગતા તેણે પોતાની સ્ત્રી વિપુલમતિ વિદ્યાધરીને ઈશારો કર્યો. તે કહેવા લાગી. કુમારને ઘોડો દૂર જંગલમાં લઈ ગયો. ભૂખ તરસથી વ્યાકુળ અને થાકેલો ઘોડો જીભ બહાર કાઢી ઉભો રહ્યો ત્યારે કુમાર ઘોડા પરથી ઉતર્યા. થોડીવારમાં તો ઘોડો મરણ પામ્યો એટલે કુમાર પગે ચાલતા સપ્તચ્છદના વૃક્ષ નીચે વિસામો લેવા બેઠા. કુમારના પુણ્યપ્રભાવે ત્યાં રહેલા યક્ષે શીતળ જળ પીવા આપ્યું. કુમારે તે યક્ષને પુછયું કે તમે

કોણ છો અને આ જળ ક્યાંથી લાવ્યા. તેણે કહ્યું કે હું આ સ્થળમાં રહેનારો યક્ષ છું. જળ માનસરોવરથી લાવ્યો છું. કુમારે કહ્યું મને તે સરોવર દેખાડો તો સ્નાન કરી શરીર સ્વચ્છ કરૂં. યક્ષ તેને માનસરોવર પર લઈ ગયો. તે વખતે કુમારના પૂર્વભવના વૈરી અસિતાક્ષ નામના યક્ષે કુમારને દુઃખમાં પડેલા દેખી રાજી થતો કુમાર સાથે યુદ્ધ કરવા લાગ્યો. શરૂઆતમાં વૃક્ષો ઉખાડી નાખે તેવો પવન મૂકયો. પછી પિશાચો અટ્ટહાસ્ય કરવા લાગ્યા. પણ કુમાર ભય પામ્યો નહિ. પછી કુમારને નાગપાસથી બાંધ્યા. કુમારે તે પાસને તોડી નાખ્યો એટલે તે યક્ષે કુમાર પર ઘણનો પ્રહાર કરતાં કુમાર પૃથ્વી પર પડયા એટલે એક પર્વત ઉપાડી કુમાર પર ઘા કર્યો તો પણ કુમાર નિર્ભય રહી યક્ષ સાથે બાહુયુદ્ધ કરવા લાગ્યા. અંતે યક્ષ હારીને નાસી ગયો. યુદ્ધ જોવા આવેલા વિદ્યાધરોએ કુમાર પર પુષ્પવૃષ્ટિ કરી. પછી કુમાર માનસરોવરમાં સ્નાન કરી બહાર આવ્યા. ત્યાં આઠ વિદ્યાધર કન્યાઓને દીઠી. કુમારે તેઓનું વૃતાંત પુછતાં તેમણે કહ્યું કે અમારા નિવાસસ્થાને આવો પછી બધી હકીકત કહીશું. દાસીએ રસ્તો બતાવતાં કુમાર તે નગરીમાં આવ્યો. ત્યાંના રાજા ભાનુવેગે કુમારનો આદર સત્કાર કરી કહ્યું કે, પૂર્વે એક આર્ચીમાલી નામે મુનિને મેં આ કન્યાઓના વર માટે પુછતાં તેઓએ કહેલું કે જે અસિતાક્ષ યક્ષને જીતશે તે આ કન્યાઓનો પતિ થશે. માટે આપ તેઓને પરણો. કુમારે તેઓનું વચન સ્વિકાર્યું. એટલે રાજાએ મહોત્સવપૂર્વક

આઠ કન્યાઓ પરણાવી. કુમાર તેઓની સાથે રતિભુવનમાં પલંગ પર સુઈ ગયા. સવારે જાગ્યા તો પલંગ કે કન્યાઓ કંઈ પણ જોયું નહિ તેમજ પોતાના હાથે મીંઢળ બાંધેલું પણ દેખાયું નહિ. આથી ખેદ પામી કુમાર ત્યાંથી ચાલવા લાગ્યો તો પાસેના ભવનમાં કરૂણ સ્વરે રોતી સ્ત્રીનો શબ્દ સાંભળ્યો. કુમાર શબ્દને અનુસારે તે મહેલની સાતમી ભૂમિકાએ ગયા. ત્યાં કુમારનું નામ અને ગુણ ગાતી તે સ્ત્રીએ બીજા ભવમાં પણ તે જ મારા સ્વામી થાઓ એમ બોલતી સાંભળી કુમારે પુછ્યું કે સનત્કુમાર સાથે તમારો શો સંબંધ છે? તેણીએ કહ્યું કે હું સાકેતપુરના સુરથરાજાની ચંદ્રયશા રાણીથી જન્મેલી પુત્રી છું. યુવાવસ્થામાં આવતાં મારા પિતાએ અનેક રાજકુમારોનાં ચિત્રપટો દૂત દ્વારા મંગાવી દેખાડયાં પણ કોઈ મને રુચ્યો નહિ. તેવામાં એક દૂતીએ સનત્કુમારનું ચિત્રપટ બતાવ્યું. તે મને ગમ્યું. મેં મનથી તેમને પરણવાનો નિશ્ચય કરી લીધો હું તેમનું જ ધ્યાન ધરતી હતી તેવામાં એક વિદ્યાધરે મારૂં હરણ કરી એક મહેલ બનાવી મને અહિં મુકી ચાલ્યો ગયો છે. આ વાત ચાલે છે તેટલામાં અશનીવેગ વિદ્યાધરનો પુત્ર વજ્રવેગ વિદ્યાધર ત્યાં આવ્યો અને સનત્કુમારને આકાશમાં ઉછાળ્યો. કન્યા હાહાકાર કરતી મુર્છા પામી પૃથ્વી પર પડી ગઈ. સનત્કુમારે આકાશમાંથી નીચે ઉતરી વજ્રવેગને હણ્યો. અને પોતાની હકીકત કહી તે સુનંદા કન્યાને પરણ્યા. આગળ ઉપર તે ચક્રવર્તિનું સ્ત્રી રત્ન થશે. તે વખતે વજ્રવેગ વિદ્યાધરની બ્હેન સંધ્યાવળી ત્યાં આવી. ભાઈને મરી ગએલો જાણી કુપીત થઇ પણ પૂર્વે કોઇ

જ્ઞાનીએ તેને કહેલું કે જે તારા ભાઈનો વધ કરશે તે તારો પતિ થશે. એ વચન યાદ કરતાં તે સનત્કુમાર પર રાગવાળી બની તેથી સનત્કુમાર તેને પરણ્યો. એટલામાં બે વિદ્યાધર રાજાઓ તેની સમિપ આવી બોલ્યા કે તમે જે વજ્રવેગ વિદ્યાધરને હણ્યો તેના પિતા અશનિવેગને ખબર પડતાં તે તમારી સાથે યુદ્ધ કરવા આવે છે. અમારા પિતા ચંદ્ર-વેગ અને ભાનુવેગે અમને બન્નેને તમારી મદદે સૈન્ય સાથે મોકલ્યા છે અને તેઓ પણ આવશે. આ વખતે સંધ્યા-વળીએ સનત્કુમારને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી. ચંદ્રવેગ ને ભાનુવેગ પણ આવી પહોંચ્યા અને અશનીવેગ સાથે યુદ્ધ કરવા લાગ્યા. પણ થાકી જતાં સનત્કુમાર અશનીવેગ સાથે યુદ્ધમાં ઉતર્યો. અશનીવેગે જે જે અસ્ત્રો સનત્કુમાર પર છોડયાં તેના પ્રતિપક્ષી અસ્ત્રો સનત્કુમારે છોડયા. છેવટે સન-ત્કુમારે અશનીવેગનો જમણો હાથ છેદ્યો ત્યારે અશનીવેગ એક હાથે બાહુયુદ્ધ કરવા આવતાં સનત્કુમારે ચક્ર વડે તેનું મસ્તક છેદ્યું. પછી ચંદ્રવેગ વગેરે વિદ્યાધરો સાથે સનત્કુમાર પોતાના આવાસે આવ્યા. સંધ્યાવળી અને સુનંદા હર્ષ પામ્યાં. પછી બધા વિદ્યાધરોએ મળી સનત્કુમારનો રાજ્યા-ભિષેક કર્યો. સનત્કુમાર વિદ્યાધર રાજાઓથી સેવાતા ત્યાં સુખે રહેવા લાગ્યા. એક વખત ચંદ્રવેગે આવી સનત્કુમારને વિજ્ઞપ્તિ કરીકે હે દેવ! પૂર્વ અર્ચીમાલી મુનિએ કહેલ કે તારી સો કન્યાઓ અને ભાનુવેગની આઠ કન્યાઓ જે પરણશે તે ચક્રવર્તિ થશે. તે આજથી એક માસની અંદર માનસ સરોવર પર આવશે. ત્યાં સ્નાન કરતાં તેના પૂર્વભવનો

વૈરી અસિતાક્ષ યશ દેખશે. આ સાંભળી સનત્કુમારે પુછયું કે તે યક્ષ મારા પૂર્વભવનો વૈરી કેવી રીતે છે. ત્યારે ચંડવેગે મુનિના મુખથી સાંભળેલો સંબંધ કહી બતાવ્યો. કંચનપુર નગરમાં વિક્રમયશા નામે રાજા રાજ્ય કરતો હતો. એ નગરીમાં નાગદત્ત નામે શેઠને વિષ્ણુશ્રી નામે રૂપ લાવણ્ય યુક્ત સ્ત્રી હતી. એક વખત વિક્રમયશા રાજાએ તેને જોઈ કામવશ બની અંતઃપુરમાં બેસાડી દીધી. નાગદત્ત વિહ્‌વળ બની તેને શોધતો અને વિલાપ કરતો ફરતો હતો. વિક્રમયશા વિષ્ણુશ્રીમાં લંપટ બની પાંચસો રાણીઓની સામુ પણ જોતો ન હતો. તેથી તે રાણીઓએ કામણ ટુમણ કરી વિષ્ણુશ્રીને માંરી નાખી. રાજા તેના મરણથી શોકયુક્ત બની તેનું શબ ખોળામાં લઈને બેઠો અને અગ્નિદાહ કરવા દેતો ન હતો. મંત્રીઓએ રાજાની નજર ચુકવી તે શબ જંગલમાં નાખી દીધું. રાજા તેના વિરહે અન્નપાન ત્યજી દુઃખી થયો. મંત્રીઓએ વિચાર્યું કે રાજા જો તે કલેવર નહિ દેખશે તો મરણ પામશે એમ વિચારી રાજાને જંગલમાં લઈ જઈ તે કલેવર દેખાડયું. તેમાં કીડા ખદબદતા અને દુર્ગંધ મારતું ચુંથાએલું જોઈ રાજાને વૈરાગ્ય થતાં આત્મનિંદા કરવા લાગ્યો અને રાજ્યઋદ્ધિનો ત્યાગ કરી સુવ્રતાચાર્ય પાસે દીક્ષા લીધી. તપથી આત્માને ભાવિત કરી પ્રાંતે સંલેખના પૂર્વક કાળ કરી ત્રીજા દેવલોકે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી રત્નપુરમાં જિનધર્મ નામે શ્રેષ્ટિપુત્ર થયો. તે શ્રાવકના બાર વ્રત પાળતો જિનેન્દ્રપૂજામાં કાળ વિતાવતો હતો.

પેલો નાગદત્ત પોતાની પ્રિયા વિષ્ણુશ્રીને રાજા લઈ ગયો જાણી તેના વિરહથી દુઃખી થઈ આર્તધ્યાનથી મરીને તિર્યંચ યોનિમાં ભટક્યો. છેવટે સિંહપુર નગરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ થયો. ત્યાં ત્રિદંડી વ્રતગ્રહણ કરી મહિના મહિનાના ઉપવાસ કરતો રત્નપુર આવ્યો. ત્યાંનો હરિવાહન રાજા તાપસોનો ભક્ત હોવાથી આ તપસ્વીને પારણાનું નિમંત્રણ કરી બોલાવ્યા. તે વખતે અચાનક જિનધર્મ શ્રાવક ત્યાં આવી ચઢયા. તેને દેખી પૂર્વભવના વૈરથી તે તપસ્વીએ રાજાને કહ્યું કે જો આ શેઠનો પીઠ પર થાળ મુકીને મને જમાડીશ તો પારણું કરીશ નહિતર પાછો જઈશ. રાજાએ કહ્યું કે આ તો મ્હોટા શેઠીયા છે. બીજા કોઈની પીઠ પર થાળ રાખી જમાડીશ. તેણે કહ્યું કે એની જ પીઠ પર ભોજન કરીશ. તપસ્વીના આગ્રહથી રાજાએ કબુલ કર્યું અને રાજાનું વચન જિનધર્મે પણ સ્વિકાર્યું. જિનધર્મે પોતાની પીઠ પર થાળ મુકાવ્યો. તેમાં ગરમાગરમ દુધપાક પીરસતાં તેનો વાંસો દાઝયો. તે બળતરા શેઠે સમભાવે સહન કરી. તાપસ જમીને ગયો. શેઠે ઘેર જઈ કુટુંબીવર્ગની રજા લઈ દીક્ષા ગ્રહણ કરી અને નગરમાંથી નીકળી પર્વતના શિખર પર ચઢી અનશન સ્વિકાર્યું. તેની પીઠ કાગડા અને શીયાળે ફોલી ખાધી છતાં તે વેદના સમભાવે સહન કરી કાળ કરી સૌધર્મેન્દ્ર થયો. પેલો તાપસ તેનું વાહન ઐરાવણ હાથી થયો. ત્યાંથી ચ્યવી તે ઐરાવણ દેવ મનુષ્ય અને તિર્યંચના કેટલાક ભવ કરી અસિતાક્ષ યક્ષ થયો.

સૌધર્મેન્દ્ર પણ ચ્યવીને હસ્તિનાપુરમાં સનત્કુમાર ચક્રી થયો. આ પ્રમાણે તમારે વૈરનું કારણ બન્યું છે. તો હવે મારી તે કન્યાઓનું પાણિગ્રહણ કરો. સનત્કુમારે કબુલ કરતાં ચંદ્રવેગ પોતાને ત્યાં લઈ ગયો અને સો કન્યા પરણાવી. પછી સનત્કુમાર પોતાના સ્થાને આવી ચંદ્રવેગ તથા ભાનુવેગની એકસો આઠ કન્યાઓ અને સંધ્યાવલી ને સુનંદા મળી એકસો દશ સ્ત્રીઓ સાથે ભોગ ભોગવતા સુખે રહે છે. આ પ્રમાણે વિપુલમતીએ સનત્કુમારની આજ સુધીની બધી હકીક્ત મહેન્દ્રસિંહને કહી સંભળાવી. પછી સનત્કુમાર મહેન્દ્રસિંહની સાથે વિદ્યાધરોથી પરિવારિત થઈ વૈતાઢય પર્વત પર ગયા. ત્યાં અવસર મેળવી મહેન્દ્રસિંહે કુમારને વિજ્ઞપ્તિ કરી કે હે કુમાર ! તમારા વિયોગથી તમારા માતાપિતા દુઃખી થઈ કાળ વિતાવે છે. માટે તેમને દર્શન આપો. મહેન્દ્રસિંહનું વચન સાંભળી સનત્કુમાર પરિવાર સહિત હસ્તિનાપુર આવ્યા. અશ્વસેન રાજાએ નગરપ્રવેશ કરાવી તેનો રાજ્યાભિષેક કર્યો. મહેન્દ્રસિંહને સેનાપતિ બનાવ્યો. માતાપિતાએ દીક્ષા લીધી અને સનત્કુમારને નવનિધિ ને ચૌદ રત્ન ઉત્પન્ન થયા એટલે ચક્ર રત્નના દર્શાવેલ માર્ગે પ્રયાણ કરી છ ખંડ સાધ્યા. પછી હસ્તિનાપુર આવી ચક્રવર્તિની ઋદ્ધિ ભોગવવા લાગ્યા.

એક સમયે સુધર્મ સભામાં સૌધર્મેન્દ્ર પરિવાર સાથે બેઠા હતા ત્યારે ઈશાર્વ કલ્પવાસી એક દેવ આવ્યો. તેના તેજથી સૂર્ય જેવો પ્રકાશ થઈ ગયો. તેના ગયા પછી નિસ્તેજ થતાં દેવોએ ઇંદ્રને પુછયું કે આ કયો દેવ આવ્યો હતો.

સૌધર્મેન્દ્ર કહ્યું કે તેણે પૂર્વભવમાં આચામ્લવર્ધમાન તપ કરેલ હોવાથી તેની કાન્તિ વિશેષ થઈ હતી. દેવોએ ફરી પુછયું કે એના જેવી કાન્તિ બીજે કોઈ ઠેકાણે છે કે નહિ. શક્રેન્દ્રે કહ્યું કે હસ્તિનાપુરમાં સનત્કુમાર ચક્રીનું રૂપ સર્વ દેવો કરતાં અધીક છે. ઈન્દ્રના વચનમાં અશ્રદ્ધા કરતા વિજય વૈજયંત નામે બે દેવો બ્રાહ્મણનું રૂપ કરી હસ્તિનાપુર આવ્યા અને સનત્કુમારને જોવા રાજગૃહે આવ્યા ત્યારે ચક્રી શરીરે તેલ ચોળાવતા હતા. તેઓ પરસ્પર બોલ્યા કે ઈન્દ્રે કહ્યું તે કરતાં પણ અધીક રૂપ છે. ચક્રીએ તેમને પુછયું કે તમે કયાંથી આવ્યા છો ? દેવોએ કહ્યું કે ઇંદ્રે આપના રૂપનાં વખાણ કર્યાં તે જોવા અમે આવ્યા હતા. તો ઈંદ્રના કહેવા મુજબ સાક્ષાત્ જોઇ શંકા રહિત બની અમે જઇએ છીએ. તે વખતે રૂપનો ગર્વ થતાં ચક્રી બોલ્યા કે અત્યારે તો હું મેલથી ખરડાએલ છું પરંતુ જ્યારે સ્નાન કરી મુગટ કુંડલ અલંકાર પહેરી સિંહાસન પર બેસું ત્યારે જોવા આવજો. કુતુહલ પ્રેમી તે દેવો ફરી સભામાં આવ્યા. ત્યારે સિંહાસન પર બેઠેલા ચક્રીને જોઈ ખિન્ન થઈ ગયા. ત્યારે ચક્રીએ ખિન્ન થવાનું કારણ પુછતાં દેવોએ કહ્યું કે પહેલાં જોયું તે કરતાં અત્યારે ઘણું હીન રૂપ થઈ ગયું છે. તમારા શરીરમાં રોગો ઉત્પન્ન થઈ ગયા છે. માટે રૂપનું અભિમાન કરો નહિ. ચક્રીએ તેની ખાત્રી કરવા પાનની પીચકારી મારતાં દુર્ગંધ છૂટવાથી રોગ થયાનું જાણી સંસાર ઉપર વૈરાગ્ય જાગ્યો ને દીક્ષા લઈને ચાલી નિકળ્યા. ત્યારે છ માસ સુધી

સ્ત્રીરત્ન પ્રમુખરત્નો, રમણીઓ, બત્રીસ હજાર મુગટબદ્ધ રાજાઓ, સર્વ સૈન્યના લોકો, નવનિધિ, પાછળ ચાલ્યા પણ ચક્રીએ પાછું વળીને જોયું નહિ. પહેલા દિવસે પારણામાં એક ગૃહસ્થે બકરીની છાશ વહોરાવી. બીજે દિવસે છઠ્ઠ તપ કરી પારણામાં નીરસ આહાર કરતાં ખરજ, જવર, ખાંસી, દમ, સ્વરભંગુ, આંખનું દુઃખ, પેટ પીડા આ સાત વ્યાધી થયા. સાતસો વર્ષ સુધી તે રોગ સહન કર્યા પણ કોઈ પણ જાતની દવા ઔષધ કરાવી નહિ. તપના પ્રભાવે આમર્ષૌધધિ, ખેલૌષધિ, વિષુડૌષધિ, જલ્લોષધિ, સર્વોષધિ વગેરે લબ્ધીઓ ઉત્પન્ન થઈ. ઇન્દ્રે દેવસભામાં તેમની પ્રશંસા કરી ત્યારે પૂર્વે આવેલા તેજ બે દેવો વૈદ્ય રૂપ ધારણ કરી મુનિ સમીપે આવ્યા અને ઔષધ કરવાનું કહ્યું. મુનિએ કહ્યું કે બાહ્ય રોગ કાઢતાં તો, મને પણ આવડે છે એમ કહી ખરજથી પાકી ગએલી આંગળીને થુંક ચોપડી કંચન સરખી બનાવી ત્યારે તે દેવો તેમને નમી પડ્યા અને કહ્યું કે ઇન્દ્રે તમારી પ્રશંસા કરી તેવા જ તમો છો. તમે રોગનો પ્રતિકાર જાણવા છતાં રોગ મટાડતા નથી. પૂર્વભવમાં તમો શકેન્દ્ર હતા. તેથી નવા શકેન્દ્ર તમારૂં ગૌરવ કરે છે. તમારો ચક્રિપણાનો રાજ્યાભિષેક વૈશ્રમણને મોકલી તેમણે જ કરાવ્યો હતો અને સઘળા અલંકારો ભેટ આપ્યા હતા. એમ પ્રશંસા કરી દેવો ગયા. ચક્રીએ મંડલીકપણે બે લાખ ગાળ્યાં અને લાખ દીક્ષા પર્યાય પાળી એક માસનું અનશન કરી સમેતશિખરે કાળ કરી ત્રીજા દેવલોકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પદને પામશે.

**ચઇત્તા ભારહં વાસં, ચક્કવટ્ટી મહડ્ઢિઓ ।**
**સંતિ સંતિકરે લોએ, પત્તો ગઇમણુત્તરં ॥ ૩૮ ॥**

મોટી ઋદ્ધિવાળા તથા લોકમાં શાન્તિ કરનારા શાન્તિનાથ ચક્રિ અને તીર્થંકર બન્ને પદવી ભોગવીને મોક્ષે ગયા. તેમનું ચરિત્ર કહે છે—આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત પર રથનુપુર ચક્રવાલ નગર છે. તેમાં અમીતતેજ રાજા રાજ્ય કરતો હતો. તેને સુતારા નામે બ્હેન હતી. તે પોતનપુરના રાજા શ્રીવિજય સાથે પરણાવી હતી. એક વખત અમીતતેજ પોતાના બ્હેન બનેવીને મળવા પોતનપુર ગયા. ત્યાં નગરમાં સર્વત્ર ધજાપતાકા જોઈ વિસ્મય પામી રાજભુવનમાં ગયા. શ્રીવિજયરાજાએ આવકાર આપ્યો ને સિંહાસન પર બેસાડયા ત્યારે અમીતતેજે શ્રીવિજય રાજાને નગરના ઉત્સવનું કારણ પુછતાં તેમણે કહ્યું કે આઠ દિવસ પહેલાં એક નિમિત્તિઆએ આવી કહ્યું કે પોતનપુરના અધિપતિ ઉપર આજથી સાતમે દિવસે મધ્યાન્હ સમયે વિજળી પડશે. આવું સાંભળી મારા મંત્રીએ કહ્યું કે તે વખતે તારા ઉપર શું પડશે. તેણે કહ્યું મારા ઉપર સુવર્ણની વૃષ્ટિ થશે. મેં કહ્યું આવું નિમિત્ત તમે કયાંથી શિખ્યા ? તેણે કહ્યું કે અચળ બળદેવે દીક્ષા લીધી ત્યારે મારા પિતાની સાથે મેં પણ દીક્ષા લીધી હતી અને અષ્ટાંગનિમિત્તશાસ્ત્ર ભણ્યો હતો. પછી યુવાવસ્થા પ્રાપ્ત થતાં પૂર્વે મને આપેલી કન્યાના ભાઈઓએ દીક્ષા છોડાવી હું તે કન્યાને પરણ્યો. નિમિત્તશાસ્ત્રના આધારે મેં કહ્યું છે માટે આપ કોપ કરશો

નહિ. તે વખતે મારા એક મંત્રીએ કહ્યું કે આપ સાત દિવસ સમુદ્રમાં રહેલ વહાણમાં રહો કારણ કે સમુદ્રમાં વિજળી પડે નહિ. બીજા મંત્રીએ કહ્યું કે દૈવને અન્યથા કરવા કોઈ શક્તિમાન નથી. ત્યારે એક બુદ્ધિશાળી મંત્રીએ કહ્યું કે પોતનપુરના અધિપતિ પર વિજળી પડશે પણ શ્રીવિજય રાજા પર વિજળી પડશે એમ નિમિતિશાસ્ત્રે કહ્યું નથી તો બીજા કોઈને પોતનપુરનો અધિપતિ બનાવીએ. આ વિચાર બધાને ગમ્યો. પણ મેં કહ્યું કે મારા જીવીતને ખાતર બીજાનો વધ કેમ કરાય? ત્યારે મુખ્યમંત્રીએ કહ્યું કે આપણે સાત દિવસ માટે યક્ષની પ્રતિમાનો જ ગાદી પર અભિષેક કરીએ આ કહેવું સૌએ કબૂલ કર્યું ને હું પૌષધશાળામાં રહી સાતે દિવસ પૌષધ કરીને રહ્યો. સાતમા દિવસે મધ્યાન્હ સમયે યક્ષની પ્રતિમા પર વિજળી પડી આઠમે દિવસે હું ક્ષેમકુશળ પૌષધ પારી મારા નિવાસે આવ્યો અને નૈમિતિક ઉપર સુવર્ણની વૃષ્ટિ કરી તેને વિદાય કર્યો. નાગરીકજનોએ મારો ફરી રાજ્યાભિષેક કર્યો. તે આ મહોત્સવનું કારણ છે અમીતતેજે કહ્યું કે નિમિત્તમાં ફેર પડે નહિ તેના રક્ષણનો ઉપાય પણ સારો શોધી કાઢયો. એમ કહી સ્વસ્થાને ગયા. એક વખત શ્રીવિજય રાજા સુતારાને લઈ વનમાં રમવા ગયા. ત્યાં સુતારાએ સોનાનો મૃગ જોયો. સુતારાએ રાજાને મૃગ લાવી આપવા કહ્યું. શ્રીવિજય રાજા મૃગને પકડવા દોડયા પણ તે નાસી ગયો. અહિં સુતારાને કુકુંટ સર્પે દંશ માર્યો તેથી તેણે બુમ પાડી કે હા! પ્રીયતમ! મને બચાવો. શ્રીવિજય પાછા આવ્યા ત્યારે સુતારા મરણ પામી. રાજા તેના વિરહે તેની

સાથે ચિતામાં બળી મળવા તૈયાર થયો. તેટલામાં ત્યાં બે વિદ્યાધર આવ્યા. એક જણે જળ મંત્રી ચીતા પર છાંટયું એટલે વૈતાલીની વિદ્યા નષ્ટ થઈ અને રાજા સ્વસ્થ થઈ બોલ્યા કે આ શું થયું? વિદ્યાધરોએ કહ્યું કે અમે અમીતતેજ રાજાના માણસો છીએ. જિનવંદન નિમિત્તે આકાશ માર્ગે જતા હતા ત્યારે ત્યાં સુતારાને અશનીઘોષ વિદ્યાધર હરી જતો હતો તે સુતારાની બુમરાણ સાંભળી તેને મુકાવવા અમે અશનીઘોષ સાથે યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે સુતારાએ કહ્યું કે તમે હમણાં યુદ્ધ બંધ કરી શ્રીવિજય રાજા વૈતાલીની વિદ્યાથી પીડીત થઈ મરવા તૈયાર થયા છે ત્યાં જઈ તેમને બચાવો, તેથી અમે બન્ને અહિં આવી બનાવટી સુતારાની સાથે તમને ચિતામાં બેઠેલા જોઈ પાણી મંત્રીને ચિતા પર છાંટવાથી તે વૈતાલી વિદ્યા નષ્ટ થઈ. એટલે તમે સ્વસ્થ થયા છો. સુતારાનું અપહરણ સાંભળી શ્રીવિજય રાજા ખેદ કરવા લાગ્યા ત્યારે તે બે વિદ્યાધરોએ કહ્યું કે હે રાજન! ખેદ ન કરો. એ પાપી કયાં જવાનો છે? એમ આશ્વાસન આપી તે બે વિદ્યાધરો અમીતતેજ રાજા પાસે આવ્યા. અમીતતેજ રાજાએ વિપાન મોકલી શ્રીવિજય રાજાને તેડાવી બન્ને જણા સૈન્ય સાથે અશનીઘોષના નગરે જઈ ઘેરો ઘાલીને રહ્યા અને અશનીઘોષને જણાવવા દૂત મોકલ્યો. અશનીઘોષને બન્ને રાજા ચઢી આવ્યાની ખબર મળતાં તે નાસીને અચળ કેવળીની પાસે ગયો તેની પાછળ પડેલા અમિતતેજ ને શ્રીવિજય રાજા પણ ત્યાં ગયા અને

બધા શાંત થઈ કેવળીની ધર્મદેશના સાંભળવા બેઠા. તેટલામાં એક વિદ્યાધર સુતારાને લઈ ત્યાં આવ્યો. અવસર જોઇ અશનીઘોષ બોલ્યો કે મેં કંઇ દુષ્ટ ભાવથી સુતારાનું અપહરણ કર્યું નથી પણ વિદ્યા સાધીને જતાં મેં તેને જોઈ પૂર્વ ભવના સ્નેહથી વૈતાલીની વિદ્યા વડે શ્રીવિજય રાજાને મોહિત કરી સુતારાને લઈને મારા નગરમાં આવ્યો છું. પણ તેના શીલનો ભંગ કર્યો નથી. મારો આ બાબતમાં જે અપરાધ થયો હોય તે માફ કરો. આ સાંભળી અમિતતેજ રાજા બોલ્યા કે હે ભગવન ! આને સુતારામાં સ્નેહ થવાનું શું કારણ ? ત્યારે કેવળી ભગવાને કહ્યું કે મગધ દેશના અચળ ગામમાં ધરણીજટ નામે બ્રાહ્મણને કપિલા નામે દાસીથી કપીલ નામે પુત્ર થયો. તે કાનથી સાંભળી સાંભળીને સર્વ વિદ્યા શિખ્યો અને રત્નપુર નગરે ગયો. ત્યાં કોઈ ઉપાધ્યાયને ત્યાં ઉતર્યો. ઉપાધ્યાયના પુછવાથી તેણે કહ્યું કે હું અચળ ગામના ધરણીજટ બ્રાહ્મણનો કપિલ નામે પુત્ર છું. આપની પાસે વિદ્યાર્થી તરિકે આવ્યો છું. ઉપાધ્યાયે તેને પોતાને ત્યાં રાખી વિદ્યા ભણાવી અને પોતાની પુત્રી સત્યભામા પરણાવી. એક સમયે વર્ષાકાળમાં પોતાનાં કપડાં બગલમાં ઘાલી પોતાના ઘરના બારણે આવી સત્યભામાને બારણું ખોલવા કહ્યું. સત્યભામાએ પતિ વરસાદમાં ભીંજાયા હશે એમ જાણી કોરાં વસ્ત્ર લઈ બારણું ખોલ્યું ને વસ્ત્ર આપ્યાં ત્યારે કપિલે કહ્યું કે મારા પ્રભાવથી મારાં વસ્ત્રો ભીંજાયાં નથી. એટલામાં વિજળી ઝબકતાં તેને નગ્ન જોઈ સત્યભામાએ

વિચાર્યું કે તે હીનકુળનો હોવો જોઈએ. તેથી તેના પર મંદ સ્નેહવાળી થઈ. એક વખતે ધરણીજટ બ્રાહ્મણ કપિલને મળવા આવ્યો. ત્યારે પિતા પુત્રનો વિરૂદ્ધ આચાર જાણી ધરણીજટને ખરી હકીકત પુછતાં દાસીપુત્ર જાણી સંસારથી ઉદ્વિગ્ન બની દીક્ષા લેવા તૈયાર થઈ પણ કપીલે રજા આપી નહિ. તેથી તે નગરના રાજા શ્રીષેણ પાસે જઈ કહ્યું કે "મને કપિલ પાસેથી છોડાવો તો હું દીક્ષા ગ્રહણ કરૂં. રાજાએ કપિલને બોલાવી સમજાવ્યો પણ તેણે માન્યું નહીં. તેથી શ્રીષેણ રાજાએ સત્યભામાને કહ્યું કે હું કપીલને સમજાવું ત્યાં સુધી તું મારા ઘરે શાન્તિથી રહે. સત્ય-ભામાએ તે કબુલ કર્યું. કપીલને આશ્વાસન આપી તેના ઘેર મોકલ્યો. એક વખત શ્રીષેણ રાજાના બન્ને પુત્રો એક ગણિકા નિમિત્તે યુદ્ધ કરતા જોઈ શ્રીષેણ રાજા તેઓને યુદ્ધથી અટકા-વવા સમર્થ ન થતાં કંટાળીને વિષભક્ષણ કર્યું. તે સાથે તેમની સિંહનંદિતા અને અભિનંદીતા બે રાણી તથા સત્ય-ભામાએ પણ વિષ ખાઈ ચારે જણાં મૃત્યુ પામ્યા. તેઓ દેવકુરૂ ક્ષેત્રમાં યુગલીકપણે ઉત્પન્ન થયાં ત્યાંથી કાળ કરી સૌધર્મ દેવલોકે ગયાં. ત્યાંથી ચ્યવી શ્રીષેણ રાજાનો જીવ તું અમીતતેજ થયો. અભિનંદીતાનો જીવ શ્રીવિજય થયો. સત્યભામાનો જીવ સુતારા થયો. શિખીનંદીતાનો જીવ તારી પત્નિ થઈ અને કપિલનો જીવ ઘણા ભવ ભમી કંઈક સુકૃત કરી અશનીઘોષ થયો છે. તેણે પૂર્વભવના સ્નેહથી સુતા-રાનું અપહરણ કર્યું હતું. અમીતતેજે કેવળી ભગવંતને

પુછ્યું કે હું ભવ્ય કે અભવ્ય છું. ભગવંતે કહ્યું કે તું ભવ્ય છે અને આ ભવથી નવમે ભવે શાન્તિનાથ નામે ચક્રી અને તીર્થંકર થઈશ શ્રીવિજય રાજા તારો ગણધર થશે. આ સાંભળી બન્ને રાજાઓ કેવળીને વંદન કરી સ્વસ્થાને ગયા. એક વખતે તે બન્ને રાજા ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા ત્યાં ચારણ શ્રમણે અવધિજ્ઞાનથી જાણી તેમને કહ્યું કે તમારૂં આયુષ્ય ફક્ત છવીસ દિવસનું બાકી છે. આ સાંભળી બન્ને જણે મેરૂ પર્વત પર જઈ અષ્ટાન્હિકા મહોત્સવ કરી પોત-પોતાના રાજ્યમાં પુત્રને સ્થાપન કરી જગનંદન મુનિ પાસે સંયમ લઈ પાદોપગમ અણસણે કાળ કરી પ્રાણતકલ્પમાં વીસ સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી આ જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં રમણી વિજયની સીતા નદીના કિનારે આવેલી સુપ્રભા નગરીમાં પ્રેમસાગર રાજાની વસુંધરા રાણીની કુખે અમીતતેજનો જીવ અપરાજીત નામે બળદેવ થયો અને શ્રીવિજયનો જીવ તે જ રાજાની અનંગસુંદરી નામે રાણીની કુખે અનંતવીર્ય નામે વાસુદેવપણે ઉત્પન્ન થયો. તેણે પ્રતિવાસુદેવ દમીતારીનો વધ કરી ત્રણ ખંડનું રાજ્ય મેળવ્યું. પ્રેમસાગર કાળ કરી અસુરેન્દ્ર થયા. અપરાજિત ભાઈના વિરહે વિરક્ત બની સંયમ લઈ કાળ કરી અચ્યુતેન્દ્ર થયા અને અનંતવીર્ય બેતાલીસ હજારના આયુષ્યવાળા પ્રથમ નરકે નારકીપણે ઉત્પન્ન થયા. અમરેન્દ્રે પુત્ર સ્નેહથી ત્યાં આવી તેની વેદના ઓછી કરી. અનંતવીર્ય નરકમાંથી નીકળી વૈતાઢય પર્વત પર વિદ્યાધર થયો. તેને અચ્યુતેન્દ્રે

પ્રતિબોધ કર્યો તેથી દીક્ષા લઈ કાળ કરી અચ્યુતેન્દ્રનો સામાનિક દેવ થયો. ત્યાંથી ચ્યવી અપરાજિતનો જીવ આ જંબુદ્વીપના પૂર્વ વિદેહની મંગળાવતી વિજયની સીતા નદીના કિનારે આવેલી રત્નસંચયા નગરીમાં ક્ષેમંકર રાજાની રત્નમાળારાણીની કુખે વજ્રાયુધ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. શ્રીવિજયનો જીવ તેના જ પુત્ર સહસ્રાયુધ તરિકે ઉત્પન્ન થયો. પિતા પુત્રે ક્ષેમંકર ગણધર પાસે દીક્ષા લીધી ને સંયમ પાળી ઉપરિમ ગ્રૈવેયકમાં એકત્રીસ સાગરના આયુષ્યે અહમિન્દ્ર થયા. ત્યાંથી ચ્યવી આ જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી વિજયની પુંડરીગિણી નગરીમાં ઘનરથરાજાની પદ્માવતી રાણીની કુખે વજ્રાયુધનો જીવ મેઘરથ નામે પુત્રપણે ઉત્પન્ન થયો અને સહસ્રાયુધનો જીવ ઘનરથ રાજાની મનોરમા રાણીની કુખે દ્રઢરથ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. ઘનરથ રાજા સંયમ અવસર જાણી પુત્રને રાજ્ય આપી દીક્ષા લઈ કેવળજ્ઞાન ઉપાર્જી તીર્થંકર થયા. મેઘરથ રાજા ને દ્રઢરથ યુવરાજ બન્ને શ્રાવક થયા. અહિં ઉતરાધ્યયનની ટીકામાં વજ્રાયુધના ભવમાં પારેવાનું રક્ષણ કર્યું લખ્યું છે. જ્યારે ત્રિષષ્ઠિમાં મેઘરથનાં ભવમાં પારેવાનું રક્ષણ કર્યાનું લખ્યું છે. મેઘરથ રાજાએ પુત્રને રાજ્ય સોંપી દ્રઢરથની સાથે ઘનરથ તીર્થંકર પાસે દીક્ષા લીધી. વીશ સ્થાનકતપની આરાધના કરી તીર્થંકર નામ કર્મ નિકાચ્યું. પ્રાંતે બન્ને જણા શુદ્ધ ચારિત્ર પાળી કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી આ જંબુ-

દ્વિપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નગરમાં વિશ્વસેન રાજાની અચિરાદેવીની કુખે ભાદરવા વદ સાતમે ચૌદ સ્વપ્ન સુચિત મેઘરથ રાજાનો જીવ ઉત્પન્ન થયો. જેઠવદ ૧૩ના દિવસે પૂર્ણ માસે તેમનો જન્મ થયો. છપન્ન દિગકુમારી અને ચોસઠ ઈન્દ્રોએ જન્માભિષેક ઉજવ્યો. જન્મથી બાર દિવસ પર્યંત પિતાએ જન્મોત્સવ ઉજવી તેમનું ગુણસંપન્ન એવું શાન્તિ નામ પાડયું. યુવાવસ્થા પામતાં પિતાએ ઘણી રાજકન્યાઓ પરણાવી. અનુક્રમે વિશ્વસેન રાજાએ પુત્રને રાજ્ય પર સ્થાપી દીક્ષા લીધી. શાન્તિનાથ રાજાને ત્યાં ચૌદ રત્ન ને નવનિધિ ઉત્પન્ન થતાં ચક્રને અનુસરે ષટખંડ સાધી ચક્રવર્તિ બન્યા. પચીસ હજાર વર્ષ કુમારપણામાં, પચીસ હજાર વર્ષ માંડલીકપણામાં અને પચીસ હજાર વર્ષ ચક્રવર્તિપણામાં રહી સંયમ અવસર જાણી જેઠ વદ ૧૪ના દિવસે વરસીદાન દેઈને દીક્ષા લીધી. પોષ સુદ-૯ના દિવસે કેવળજ્ઞાન થયું. તીર્થની સ્થાપના કરી. પોતાના પુત્ર ચક્રાયુધને દીક્ષા આપી ગણધર પદે સ્થાપ્યા. પચીસ હજાર વર્ષ કેવળી પર્યાય પાળી જેઠવદ તેરસે સમેતશિખર પર પ્રભુ નિર્વાણ પામ્યા. ત્રીષષ્ઠિમાં ક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રાયુધ ચક્રી થયાનું લખ્યું છે. અહિં ક્ષેમંકર ગણધરના હાથે દીક્ષા લીધી લખ્યું છે અને ચક્રિ થયાની વાત લખી નથી-તેમના ભવોની ગણત્રી નીચે મુજબ જાણવી.

૧ શ્રીષેણ, ૨ યુગલીક, ૩ સૌધર્મદેવ, ૪ અમિતતેજ ૫ દશમદેવલોક ૬ અપરાજિત, ૭ અચ્યુતેન્દ્ર, ૮ વજ્રાયુધ, ૯ ઉપરિમ ગ્રૈવેયક ૧૦ મેઘરથ ૧૧ સર્વાર્થસિદ્ધ ૧૨

શાન્તિનાથ ૧ અભિનંદીતા ૨ યુગલીક, ૩ સૌધર્મદેવ, ૪ શ્રીવિજય, ૫ દશમેદેવલોકે ૬ અનંતવીર્ય ૭ પહેલીનરક ૮ વિદ્યાધર, ૯ અચ્યુતદેવ-૧૦ સહસ્રાયુધ ૧૧ ગ્રૈવેયક ૧૨ દૃઢરથ ૧૩ સર્વાર્થ સિદ્ધ ૧૪ ચક્રાયુધ

ઇકખાગરાયસભો, કુંથૂ નામ નરીસરો ।
વિકખાયકિત્તી ભગવં, પત્તો ગઈમણુત્તરં ॥ ૩૯ ॥

## કુંથુનાથનું ચરિત્ર

ઇક્ષ્વાકુ વંશમાં શ્રેષ્ઠ રાજા વિખ્યાત કુંથુ નામે ચક્રવર્તિ તીર્થંકર મોક્ષે ગયા. તેમનું ચરિત્ર નીચે પ્રમાણે છે– હસ્તિનાપુરમાં સુર રાજાને શ્રીદેવી ભાર્યાથી કુંથુ નામે પુત્રનો જન્મ થયો. ભગવાન ગર્ભમાં હતા ત્યારે તેના પિતાએ શત્રુઓને કુંથુ જેવા જોયા તેથી ભગવાનનું નામ કુંથુનાથ પાડયું. યુવાન થતાં પિતાએ ઘણી રાજકન્યાઓ પરણાવી. પુત્રને રાજ્ય સોંપી સુર રાજાએ દીક્ષા લીધી. ભગવાન પણ ઉત્પન્ન થએલ ચક્ર રત્ન વડે છ ખંડ સાધી ચક્રવર્તિ થયા. ભુક્તભોગી બની દીક્ષા લઈ તીર્થ સ્થાપતા સુધી સોળ વર્ષ છદ્મસ્થપણે વિચર્યા પછી કેવળજ્ઞાન થતાં ઘણો કાળ કેવળી પર્યાય પાળી સમેતશિખર પર નિર્વાણ પામ્યા. ભગવાન પોણી ચોવીસ હજાર વર્ષ કુમારપણે, તેટલાં વર્ષ મંડલીકપણે, તેટલાં વર્ષ ચક્રવર્તિપણે અને તેટલાં વર્ષ તીર્થંકરપણે વિચરી મોક્ષે ગયા.

સાગરંતં ચઇત્તાણં, ભરહં નરવરીસરો ।
અરો ય અરયં પત્તો, પત્તો ગઇમણુત્તરં ॥ ૪૦ ॥

સાગરપર્યંત ભરતને ત્યજીને રજોગુણ રહિત ભગવાન્ અરનાથ મોક્ષે ગયા. પૂર્વવિદેહની મંગલાવતી વિજયમાં રત્ન સંચયાપુરીમાં મહિપાલ નામે રાજા રાજ્ય કરતા હતા. ગુરૂમુખથી ધર્મ સાંભળી રાજ્ય તજી દીક્ષા લીધી. એકાદશ અંગ ભણીને ગીતાર્થ થએલ વીશ સ્થાનક તપ આરાધી તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યું. અંતે કાળ કરી સર્વાર્થ સિદ્ધ વિમાને ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી આ ભરતક્ષેત્રના હસ્તિનાપુર નગરમાં સુદર્શન નામે રાજાની દેવી રાણીની કુખે ઉત્પન્ન થયા. પૂર્ણમાસે ચૌદ સ્વપ્ન સૂચિત પુત્રનો જન્મ થયો. તેમનું સ્વપ્નાનુસારે અર નામ પાડયું. છપન દિગકુમારી અને ચોસઠ ઇન્દ્રોએ જન્માભિષેક ઉજવ્યો. એક-વીસ હજાર વર્ષ પછી પિતાએ તેમને રાજ્ય સોંપ્યું. એકવીસ હજાર વર્ષ માંડલીક રાજાપણે રાજ્ય ભોગવ્યું પછી ચક્રરત્ન ઉત્પન્ન થતાં ચક્રને અનુસારે ષટ ખંડ સાધી ચક્રવર્તિ થયા ને એકવીસ હજાર વર્ષ ચક્રવર્તિનું સુખ ભોગવ્યું. પછી લોકાંતિક દેવોથી પ્રતિબોધ પામેલા ચક્રીએ વરસીદાન આપી સંયમ લીધું. ત્રણ વર્ષ છદ્મસ્થપણામાં વિચર્યા બાદ તેમને કેવળજ્ઞાન થયું. ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તીર્થંકરપણે ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા એકવીસ હજાર વર્ષ કેવળી પર્યાય પાળી અરનાથ પ્રભુ સમેતશિખર પર આવી એક મહીનાનું અનશન કરવા પૂર્વક કુલ ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય ભોગવી નિર્વાણ પામ્યા. દેવોએ નિર્વાણ મહોત્સવ ઉજવ્યો.

**ચઇત્તા વિઉલં રજ્જં ચઈત્તા બલવાહણં ।
ચઇત્તા ઉત્તમે ભોએ, મહાપઉમે તવં ચરે ॥ ૪૧ ॥**

મોટી ઋદ્ધિવાળા મહાપદ્મ ચક્રવર્તિએ રાજ્ય ને ભોગ તજીને તપનું આચરણ કર્યું. તેમનું ચરિત્ર નીચે મુજબ છે– આ જંબુદ્વીપના ભારતવર્ષમાં હસ્તિનાપુર નગરમાં પદ્મોત્તર નામે રાજાને જ્વાલા નામે રાણીથી પ્રથમ સિંહસ્વપ્ન સૂચિત વિષ્ણુકુમાર નામે પુત્ર થયો. ત્યાર પછી ચૌદ સ્વપ્ન સૂચિત મહાપદ્મ નામે ચક્રવર્તિ પુત્ર થયો. આ વખતે ઉજ્જૈની નગરીમાં શ્રીવર્મ નામે રાજાને નમુચી નામે મંત્રી હતો. એક વખતે ત્યાં મુનિસુવ્રત સ્વામીના શિષ્ય સુવ્રત નામે આચાર્ય પરિવાર સહિત પધાર્યા. લોકો તેમને વંદન કરવા જતા જોઇ રાજાએ નામુચી મંત્રીને પુછ્યું કે આ લોકો ક્યાં જાય છે. નમુચીએ કહ્યું કે ઉદ્યાનમાં શ્રમણો આવેલા છે તેમના ભક્તો તેમને વંદન કરવા જાય છે. રાજાએ કહ્યું આપણે પણ જઈએ. નમુચીએ કહ્યું ભલે જઈએ પરંતુ ત્યાં તમે મધ્યસ્થ બની સાંભળ્યા કરજો. હું તેની સાથે વાદ કરી બોલતો બંધ કરીશ. આમ સંકેત કરી બન્ને ત્યાં ગયા. નમુચીએ શ્રમણોને કહ્યું હે શ્રમણો! જો તમે ધર્મતત્વને જાણતા હો તો બોલો. શ્રમણો તેને ક્ષુદ્ર સમજી મૌન રહ્યા ત્યારે નમુચી રોષે ભરાઈ સૂરિ પ્રત્યે બોલ્યો કે હે મુનિયો! આ બળદ શું જાણે છે? સૂરિએ કહ્યું કે યદિ તમારૂં મુખ ચળવળે છે તો અમે કહીએ છીએ. આ સાંભળી ક્ષુલ્લક સાધુએ કહ્યું કે ભગવન્! હું જ તેનું નિરાકરણ કરીશ. એમ

કહી વાદ કરી નમુચીને નિરૂત્તર કર્યો! તેથી તે મંત્રીને સાધુઓ પર દ્વેષ થયો. રાત્રીએ ચોરની પેઠે એકલો જ મુનિ વધ કરવા આવ્યો. દેવે તેને સ્થંભીત કરી દીધો. પ્રભાતે તે આશ્ચર્ય જોઈ રાજાએ તથા લોકોએ તેનો અત્યંત તીરસ્કાર કર્યો તેથી શરમાઈને ત્યાંથી નીકળી હસ્તિનાપુર જઈ મહાપદ્મ ચક્રીનો મંત્રી થયો. એક વખત તેણે સિંહબળ નામે પલ્લિપતિને રંજાડ કરતો બાંધીને ચક્રવર્તિ પાસે ખડો કર્યો ત્યારે ચક્રિએ નમુચીને કહ્યું કે તને જે ઈષ્ટ હોય તે માગી લે. તેણે કહ્યું અવસરે માગીશ. પૂર્વે મહાપદ્મ જ્યારે યુવરાજ પદે હતા ત્યારે તેની માતા જ્વાલાદેવીએ જિનરથ કરાવ્યો અને ઓરમાન માતાએ બ્રહ્મરથ કરાવ્યો. પ્રથમ રથ ચલાવવા બંનેને વાદ થતાં પદ્મોત્તર રાજાએ બંને રથ રોકી દીધા. તેથી માતૃભક્ત મહાપદ્મ કોઈને જણાવ્યા સિવાય પરદેશ ચાલ્યા ગયા અને એક મોટા જંગલમાં તાપસના આશ્રમે આવી ચઢયા. તાપસોએ સન્માનથી રાખ્યા. આ તરફ ચંપા નગરીમાં જનમેજય રાજા રાજ્ય કરતા હતા. તેના ઉપર કાળ નરેન્દ્રે ચઢાઈ કરી તેમાં જનમેજય હારી જતાં નાસી ગયો. તેની નાગવતી નામે રાણી પોતાની મદનાવલી નામે પુત્રીને લઇ અહિં તાપસાશ્રમમાં આવી. મહાપદ્મ તથા મદનાવલીને પરસ્પર પ્રેમ થયો તે કુલપતિ તથા નાગમતિએ જાણ્યું. નાગમતીએ મદનાવલીને કહ્યું કે તું ચક્રવર્તિની પત્નિ થવાની છે. તો જ્યાં ત્યાં શા માટે પ્રેમ કરે છે! કુલપતિએ મહાપદ્મને ચાલ્યા જવાનું કહેતાં તે મદનાવલીનો સંગમ પામી

ચક્રવર્તિ થઇ જિન ચૈત્યો કરાવીશ એમ મનોરથ કરતો સિંધુનદ નામે નગરમાં આવ્યો. ત્યાં ઉજાણી નિમિત્તે ઘણી સ્ત્રીઓ નગર બહાર ક્રીડા કરતી હતી તે વખતે રાજાનો માનીતો હાથી ઉન્મત બની આલાનસ્તંભ ઉખેડી નગર બહાર સ્ત્રીઓના ટોળામાં આવ્યો. સ્ત્રીઓ નાસભાગ કરવા લાગી. તે જોઈ મહાપદ્મ કુમારે હાથીને હાકોટી બહુ ભમાવીને થકવી નાખ્યો. ત્યાં આવેલા મહસેન રાજાએ મહાપદ્મને કહ્યું કે કુમાર! હાથી સાથે યુદ્ધ કરશો નહિ. રોષે ભરાએલો તે તમારો વિનાશ કરશે. કુમારે કહ્યું કે મારી કલા જુઓ. એમ કહી હાથીને વશ કરી તેના ઉપર ચઢી બેઠો ને તેને આલાનસ્થંભે લાવી બાંધી લીધો. આ જોઈ મહસેન રાજા વિસ્મય પામ્યો. કુમારને ઉત્તમ કુલનો જાણી તેને બોલાવી પોતાની સો કન્યા પરણાવી. મહાપદ્મ ત્યાં સુખે રહે છે. પણ મદનાવલીને ભુલી જતા નથી. એક વખત મહાપદ્મકુમાર સુતા હતા ત્યાં વેગવતિ નામે વિદ્યાધરી આવી તેમને હરી ગઈ. કુમારે જાગીને તે વેગવતિને જોઈ મુઠી ઉગામી કહ્યું કે તું મને ક્યાં લઈ જાય છે. તેણીએ કહ્યું કે વૈતાઢય પર્વત પર સૂરોદય નામે નગરમાં ઇન્દ્રધનુષ નામે વિદ્યાધરેન્દ્ર રહે છે તેની શ્રીકાંતા નામે ભાર્યા ને જયચંદ્રા નામે પુત્રી છે. તે પુરુષદ્વેષીણી હોવાથી કોઈપણ પુરુષને ઇચ્છતી નથી. તેના પિતાએ ઘણા રાજકુમારોના ચિત્રપટો બતાવ્યા. પણ કોઈ તેને ગમ્યો નહિ. પછી મેં તમારૂં ચિત્ર આલેખી બતાવ્યું તે જોઈને તેણે તમને વરવા નિશ્ચય કર્યો છે. તેના

માતા પિતાએ તમને તેડી લાવવા મને મોકલી છે. આપ ત્યાં પધારી તેનું પાણિગ્રહણ કરો. કુમાર વેગવતિના આગ્રહથી ત્યાં ગયા. તેનાં માતા પિતાએ શુભમુહુર્તે તે કન્યા મહાપદ્મને પરણાવી અને વેગવતીનું ઘણું સન્માન કર્યું. આ વાત જયચંદ્રાના મામાના દિકરા ગંગાધરને મહીધરે જાણી. તે મહાપદ્મ કુમાર સાથે લડવા આવ્યા. મહાપદ્મે તે બંનેને હણી નાખ્યાં. તે વખતે સ્રીરત્ન સિવાય તેર રત્ન નવનિધિ બત્રીસ હજાર મુગટબદ્ધ રાજાઓ તેની સેવા કરવા લાગ્યા. એક વખત મહાપદ્મ ચક્રી તાપસોના આશ્રમમાં ગયા. ત્યાં તાપસોએ મહાપદ્મનો બહુ આદર સત્કાર કર્યો. તે વખતે જનમેજય રાજા ત્યાં આવી ચઢયો અને મદનાવલી મહાપદ્મ ચક્રવર્તિને પરણાવી. તે તેનું સ્ત્રીરત્ન બન્યું. પછી સર્વ ઋદ્ધિ સહિત તેઓ હસ્તિનાપુર આવી માતા પિતાને પગે લાગ્યા. આઠમા ચક્રવર્તિ તરીકે પ્રસિદ્ધ થયા. ત્રિષષ્ઠિમાં સુભુમ આઠમા ચક્રવર્તિ થયાનું લખ્યું છે તો મહાપદ્મ નવમા ચક્રવર્તિ થયા. આ અવસરે મુનિસુવ્રત સ્વામીના શિષ્ય નાગસૂરિ હસ્તિનાપુરમાં સમોસર્યા. પદ્મોત્તર રાજા પરિવાર સહિત વંદન કરવા આવ્યા. વંદન કરી ધર્મદેશના સાંભળી વૈરાગ્ય થતાં તેમણે ગુરૂને કહ્યું કે હું રાજ્યને સ્વસ્થ કરી આપની પાસે દીક્ષા લઈશ. ગુરૂએ કહ્યું કે વિલંબ કરવો નહિ. તેથી નગરમાં આવી મંત્રીઓ અને પરિજનોને તેડાવી કહ્યું કે હું વિષ્ણુકુમારને રાજ્ય સોંપી દીક્ષા લઈશ. વિષ્ણુકુમારે કહ્યું કે હું પણ આપની સાથે જ દીક્ષા લઈશ.

રાજાએ તેનો નિશ્ચય જાણી મહાપદ્મનો રાજ્યાભિષેક કરી રાજાએ વિષ્ણુકુમાર સહિત સુવ્રતસૂરિ પાસે દીક્ષા લીધી. મહાપદ્મ ચક્રીએ માતાએ કરાવેલ જૈનરથ નગરમાં ફેરવ્યો અને આખી પૃથ્વી જિનમંદિરોથી શણગારી. એક ક્રોડ ને એક લાખ જિનાયતન કરાવ્યાં. પદ્મોત્તર મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. વિષ્ણુકુમારને તપ કરવાથી આકાશગામિની આદિ લબ્ધીઓ ઉત્પન્ન થઈ. એક વખત હસ્તિનાપુરમાં સુવ્રતાચાર્ય ચોમાસું કરવા પધાર્યા. આ ખબર નમુચીને પડતાં તેણે રાજાને વિજ્ઞપ્તિ કરી કે "આપે પૂર્વે કબુલ કરેલું વરદાન આજે મને આપો." ચક્રીએ કહ્યું ખુશીથી. જે જુવે તે માગી લ્યો. નમુચીએ કહ્યું મારે વેદોક્ત વિધિથી યજ્ઞ કરવાની ઇચ્છા છે તો મને આપનું રાજ્ય આપો. ચક્રીએ નમુચીને પોતાના રાજ્ય પર અભિષિક્ત કરી પોતે અંતઃપુરમાં રહ્યા. નમુચીને વર્ધાપન આપવા જૈન સિવાય બીજા સાધુ સન્યાસીઓ આવી ગયા ત્યારે નમુચીએ સર્વ લોક સમક્ષ કહ્યું કે "સર્વ લોકો મને વર્ધાપન આપવા આવી ગયા પણ જૈન યતિઓ આવ્યા નથી તો તેમને તેડાવો. લોકોના આગ્રહથી તેઓ આવ્યા. તેમને નમુચીએ કહ્યું કે બધાય તપોધન રાજાએ રક્ષિત હોય છે. પણ તમો મર્યાદા મુકીને મારી નિંદા કરો છો માટે મારૂં રાજ્ય છોડી ચાલ્યા જાઓ. જો કોઈ આ નગરમાં દેખાશે તો તેનો વધ કરવામાં આવશે. સુવ્રતાચાર્યે કહ્યું કે 'રાજાઓને વર્ધાપન કરવાનો અમારો આચાર નથી. એટલે આવ્યા નથી તેમાં

કાંઈ તમારી નિંદા કરતા નથી. ચોમાસામાં એક સ્થળે રહેવાનો અમારો આચાર છે—એટલે રહ્યા સિવાય છુટકો નથી. નમુચીએ કહ્યું કે સાત દિવસની છુટ આપું છું. પછી જો કોઈ નજરે પડશે તો હું અવશ્ય તેને મારી નખાવીશ. આ સાંભળી આચાર્ય ઉપાશ્રયે આવ્યા અને સર્વે સાધુઓને બોલાવી પુછ્યું કે હવે શું કરવું? ત્યારે એક સાધુએ કહ્યું કે "ચક્રીના ભાઈ વિષ્ણુકુમાર મુનિ હાલ મેરુ પર્વત પર છે. તે આવે તો નમુચીને સમજાવી શકશે. આચાર્યે કહ્યું કે "જે લબ્ધીસંપન્ન હોય તે જઈને તેમને બોલાવી લાવે." એક સાધુએ કહ્યું કે ત્યાં જવાની મારી શક્તિ છે પણ પાછું આવવાની શક્તિ નથી. આચાર્યે કહ્યું કે વિષ્ણુકુમાર તમને પાછા લાવશે માટે તમે જાઓ. તે સાધુ ત્યાં જઈ વિષ્ણુકુમારને આવવાનું પ્રયોજન કહી બતાવ્યું. વિષ્ણુકુમાર તે સાધુને લઈ તુરત હસ્તિનાપુર આવ્યા અને નમુચીની સભામાં ગયા. ત્યાં સર્વ સામંત વર્ગે તેમને નમસ્કાર કર્યો પણ નમુચી તો સિંહાસન પર બેસી જ રહ્યો. વિષ્ણુકુમારે નમુચીને કહ્યું કે વર્ષાકાળ સુધી આ મુનિઓ અહિં રહેશે. નમુચીએ કહ્યું કે તમારા કહેવાથી ભલે પાંચ દિવસ રહે. વિષ્ણુકુમારે કહ્યું પછી તેઓ ઉદ્યાનમાં રહેશે. ત્યારે નમુચી રોષે ભરાઈ બોલ્યા કે તમે બધા પાખંડી અધમ છો. માટે મારા રાજ્યમાંથી ચાલ્યા જાઓ. આ સાંભળી વિષ્ણુકુમારને કોપ થતાં તેમણે ત્રણ પગલાં જેટલું સ્થાન માગ્યું તે નમુચીએ આપ્યું. વિષ્ણુકુમારે વૈક્રિયલબ્ધીથી લાખ યોજનનું

રૂપ કર્યું. એક પગ પૂર્વ સમુદ્રના કિનારે અને બીજો પગ પશ્ચિમ સમુદ્રના કીનારે મુકી ઉભા રહ્યા. આથી પૃથ્વી કંપી ઉઠી. ઇંદ્રે અવધિજ્ઞાનથી વિષ્ણુકુમારનો કોપ જાણી ઉપશાંત કરવા ગાયકદેવીઓને મોકલી. તેઓએ આવી ગીત ગાન શરૂ કર્યું. વિષ્ણુકુમારે નમુચીને સિંહાસન પરથી પાડી નાખ્યો. આ સમાચાર મહાપદ્મ ચક્રીને મળતાં તેઓ ત્યાં આવ્યા અને મુનિને વિવિધ ઉપચારો વડે શાંત કર્યા. વિષ્ણુકુમાર મુનિ આલોચનાપૂર્વક પ્રતિક્રમણ વડે વિશુદ્ધ થયા અને નમુચીનો ઉપદ્રવ ટાળ્યો. તેઓ અનુક્રમે કેવળજ્ઞાન પામી. મોક્ષે ગયા. મહાપદ્મ ચક્રવર્તિ પણ દીક્ષા ગ્રહણ કરી, કર્મ ખપાવી મુકતે ગયા.

એગચ્છત્તં પસાહિત્તા, મહિં માણનિસૂરણો ।
હરિસેણો મણુસ્સિંદો, પત્તો ગઇમણુત્તરં ॥ ૪૨ ॥

પૃથ્વીને એક છત્રા પ્રભાવિત કરી માનનો ગર્વ ઉતારનાર હરિષેણ નામે ચક્રવર્તિ મોક્ષગતિને પામ્યા. તેમનું ચરિત્ર નીચે મુજબ છે– કંપીલપુર નગરીમાં મહાહરિ રાજાની મરૂદેવી રાણીની કુખે ચૌદ સ્વપ્ન સૂચિત હરિષેણ નામે ચક્રવર્તિ થયા. ક્રમે કરી યૌવનાવસ્થામાં આવતાં પિતાએ તેમને રાજ્ય પર સ્થાપ્યા ત્યારે તેમને ચૌદ રત્ન ઉત્પન્ન થયાં. ચક્રરત્નના અનુસારે ષટખંડ પૃથ્વી સાધી, ત્યારે ચક્રવર્તિપણાનો અભિષેક થયો. તેઓ ચક્રવર્તિને યોગ ભોગો ભોગવતા છતાં સુખે રહે છે. એક વખત તેમને વિચાર થયો કે પૂર્વ કૃત કર્મના યોગે મને આ લોકની સર્વ ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે.

હવે પરલોક સુધારવા પ્રયત્ન કરવો જોઈએ કારણ કે પુરૂષે આઠ મહીના એવું કામ કરવું કે ચોમાસામાં સુખે રહેવાય, આખા દિવસમાં એવું કામ કરવું કે રાત્રે સુખે સુવાય. યુવાવસ્થામાં એવું કામ કરી લેવું કે વૃદ્ધાવસ્થામાં સિદાવું ન પડે. આખી જીંદગીમાં એવું કામ કરી લેવું કે પરભવમાં સદ્ગતિ થાય. આવો વિચાર કરી પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લઈ ચાલી નિકળ્યા. અનુક્રમે ચરિત્ર પાળી કેવળજ્ઞાન ઉપાર્જી પ્રાંતે મોક્ષસુખને વર્યા. તેમનું દશ હજાર વર્ષનું આયુષ્ય અને પંદર ધનુષની કાયા હતી.

અન્નિઓ રાયસહસ્સેહિં, સુપરિચ્ચાઈ દમં ચરે ।
જયનામો જિણક્ખાયં, પત્તો ગઇમણુત્તરં ॥ ૪૩ ॥

હજારો રાજા જેની પાછળ ચાલતા એવા જય નામના ચક્રવર્તિ સમ્યગ્ પરિત્યાગ કરી જિને કહેલા ચારિત્રને આચરી મોક્ષે ગયા. જય નામના અગ્યારમા ચક્રવર્તિનું ચરિત્ર કહેવાય છે—રાજગૃહ નગરમાં વપ્રા રાણીની કુખે ચૌદ સ્વપ્ન સૂચિત જય નામે ચક્રી ઉત્પન્ન થયો. તેણે ષટખંડ સાધી ચક્રવર્તિની ઋદ્ધિ મેળવી. એક વખત તેઓ ભોગ ભોગવવાથી વિરક્ત થઈ વિચાર્યું કે સંયોગને અંતે વિયોગ તો અવશ્ય થવાનો, તેમ ચિરકાળ પર્યંત ભોગો ભોગવ્યા છતાં તૃપ્તિ થવાની નથી અને શરીર તો નાશવંત છે જ, પણ દીર્ઘ સમય પર્યંત પાળેલો ધર્મ જ સહાયભુત થવાનો છે એમ ચિંતવી વૈરાગ્ય પામી ચારિત્ર ગ્રહણ કરી ચાલી નિકળ્યા અને અનુક્રમે કેવળજ્ઞાન ઉપાર્જી મોક્ષે [redacted]. તેમનું બાર

ધનુષનું શરીર ને હજાર વર્ષનું આયુષ્ય હતું. ત્રિષષ્ટિમાં ત્રણ હજાર લખ્યું છે.

દસણ્ણરજ્જં મુદિયં, ચઇત્તાણં મુણી ચરે ।
દસણ્ણભદ્દો નિક્ખંતો, સક્ખં સક્કેણ ચોઇઓ ॥ ૪૪ ॥

સાક્ષાત ઈન્દ્ર પ્રેરીત દર્શાણભદ્ર રાજા આનંદ દેનારૂં દર્શાણ દેશનું રાજ્ય ત્યજી નિકળ્યા અને દીક્ષીત થઈ વિચર્યાં. વિરાટ દેશમાં ધન્યપુર નગરમાં મદહર નામે મહત્તરનો પુત્ર હતો તેની ભાર્યા દુષ્ટ શીલવાળી નગરરક્ષકની સાથે છાની રીતે રમતી હતી. એક સમયે તે સ્થાને નટોએ નાટય આરંભ્યું. તેમાં એક નટ સ્ત્રી રૂપ ધારણ કરી નૃત્ય કરતો હતો તેને જોઈ જોવા ગએલી કુલટાએ તે નટને કહેવરાવ્યું કે જો આ સ્ત્રીવેશે મારે ઘેર આવી મારી સાથે રમે તો ૧૦૮ દ્રવ્ય આપું. તેણે પણ તે કુલટાને કહેવરાવ્યું કે હું તારી પાછળ તુરત આવું છું. નટે તેના ઘેર જઈ પગ ધોવા પાણી માગ્યું. તે કુલટાએ આપ્યું પછી તેને જમવા બેસાડયો અને ખીરની ભરેલી થાળી મુકી. જયાં તે જમવા માંડે છે ત્યાં તેના જાર નગરરક્ષકે આવી કમાડ ઠોકયું. તે સ્ત્રીએ પેલા નટને કહ્યું કે તું આ તલ ભરેલા ઓરડામાં જતો રહે. હું તેને હમણાં રવાના કરી દઈશ. નટ તલવાળા ઓરડામાં પેઠો પણ ભુખ્યો હોવાથી તલ ચોળી કુંકી કુંકીને ખાવા લાગ્યો. નગરરક્ષક તો કમાડ બંધ કરી ખીરની ભરેલી થાળી જોઈ ખાવા બેઠો. તેટલામાં તે કુલટાનો ધણી આવ્યો ને કમાડ ઠોકયું. નગરરક્ષકને તે કુલટાએ તલના ઓરડામાં પેસી જવા કહ્યું. પણ

ખુણામાં સર્પ છે માટે દૂર જશો નહિ એમ કહ્યું. તે ઓરડાના બારણા પાસે જ બેસી રહ્યો. હવે તે કુલટાએ બારણું ઉઘાડ્યું. તેના ધણીએ ખીરની ભરેલી થાળી જોઇ પુછ્યું કે આ શું ? ત્યારે સ્ત્રીએ કહ્યું કે મને ભૂખ લાગી હતી તેથી જમું છું. પતિએ કહ્યું તું થોભી જા. મને બહુ ભુખ લાગી છે તો પ્રથમ હું જમી લઉં. સ્ત્રીએ કહ્યું કે આજે અષ્ટમી છે તો નાહ્યા વિના કેમ જમશો. તેણે કહ્યું કે તું નાહી છે. તો હું પણ ન્હાયો સમજી લે. મને બહુ ભુખ લાગી છે. એમ કહી જમવા મંડી પડયો. હવે પેલો સ્ત્રીવેશધારી નટ ખુણામાં બેસી તલ ચોળાચોળી ફુંકીને ખાતો હતો. તેને સર્પના ફુંફાડા સમજી નગરરક્ષક બ્હી ગયો ને ઝટ ઓરડામાંથી નીકળીને ભાગ્યો. તેની પાછળ નટ પણ નાઠો. તે જોઈ ધણીએ પુછ્યું કે આ સ્ત્રી પુરૂષ નાઠા તે કોણ હતા ? હાજરજવાબી કુલટાએ કહ્યું કે મેં તમને હમણાં જ વાર્યા કે આજ અષ્ટમીને દિવસે નાહ્યા વગર કેમ જમશો ? પણ તમે માન્યું નહિ અને જમવા મંડી પડયા તેથી તમારા ઘરમાં સદા વાસ કરી રહેલા શીવ ને પાર્વતી નાસી ગયા. આ સાંભળી મદહરે કહ્યું કે અરેરે ! મેં બહુ ભુંડું કર્યું. હવે કોઈ ઉપાય કર કે જેથી તેઓ પાછા ઘરમાં આવીને રહે. કુલટાએ કહ્યું કે, જો તમે ન્યાયથી ધન કમાઈને આવો ને તેમની પૂજા કરો તો પુનઃ તમારા ઘેર આવે. આ સાંભળી મદહર ધન કમાવા દેશાંતરે ગયો. તે ફરતો ફરતો દશાર્ણ દેશમાં શેરડીના વાઢમાં ખેડુતને ત્યાં કામ કરવા રહ્યો. ત્યાં દશ ગદીઆણા સુવર્ણ કમાયો. તે ઓછુ લાગવાથી

ઘર તરફ ન જતાં એક મોટા જંગલમાં પેઠો. ત્યાં પીંપળાના ઝાડ તળે વિસામો લેવા બેઠો. ત્યાં ઘોડાના ખેંચાણથી દશાર્ણ ભદ્ર રાજા આવી ચઢયા. મદહરને જોઈ રાજાએ પુછયું કે તું કોણ છે અને કયાંથી આવે છે? મદહરે પોતાની બધી હકીકત કહી તે સાંભળી રાજા સમજી ગયા કે તેની સ્ત્રીએ તેને છેતરી પરદેશ મોકલ્યો છે, એટલે રાજાએ તેને સ્ત્રી ચરિત્ર સમજાવી પોતાને ત્યાં લઈ જઈ ખાવા પીવાનો બંદોબસ્ત કરી આપ્યો. રાજાએ વિચાર્યું કે આ અદષ્ટ દેવમાં આવી ભક્તિ કરે છે અને હું પ્રભુ મહાવીર વિદ્યમાન છતાં ભક્તિ કરી શકતો નથી. એટલામાં પ્રતિહારીએ આવી કહ્યું કે પ્રભુ મહાવીર આપણા નગરના ઉદ્યાનમાં પધાર્યા છે. રાજાની ભાવના તાત્કાલીક ફળવાથી તેણે વિચાર્યું કે હું મારી સર્વ ઋદ્ધિથી કાલે પ્રભુ મહાવીરની એવી વંદના કરૂં કે પૂર્વે કોઈએ કરી ન હોય, એમ વિચારી બીજે દિવસે સવારે ન્હાઈ ધોઈ આખા શરીરે ચંદનાદિ વિલેપન કરી સર્વ અંગ ઉપાંગમાં અલંકાર ધારણ કરી ચતુરંગી સેના સહિત, મંત્રી સામંત, નગરશેઠીયા અને વેપારીઓથી યુક્ત વાજીંત્રના નાદથી દિશાઓને ગજવતો અને ગંધર્વોને ગીત ગાન કરાવતો તથા વારાંગનાઓને નૃત્ય કરાવતો સર્વને નેત્રથી જોઈ આનંદ પામતો હાથી પર બેસી દશાર્ણભદ્રરાજા ભગવાનને વંદન કરવા આવ્યો. તે વખતે ઈન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકી જાણ્યું કે દશાર્ણભદ્રરાજા પોતાની ઋદ્ધિના મદપૂર્વક આવી પ્રભુને વંદન કરે છે. તો તેનો મદ ઉતારવા અને પ્રતિબોધ કરવા માટે તેને મારી સમૃદ્ધિ દેખાડવી જોઈએ એમ વિચારી

ઇંદ્રે પોતાની સમગ્ર ઋદ્ધિ વિકુર્વી. તેમાં ઐરાવણ હાથીના આઠ દાંત વિકુર્વ્યા. દરેક દાંતે આઠ આઠ વાવડીઓ, દરેક વાવડીમાં આઠ આઠ કમળ, દરેક કમળે આઠ આઠ પાન, દરેક પાન પર બત્રીશ બત્રીશ નાટ્ય. આવી વિભૂતિ સાથે ઇન્દ્ર ઐરાવણ હાથી પર ચઢીને આવ્યો. પ્રભુને પ્રદક્ષિણા આપી વંદના કરી. આ જોઇ દર્શાણભદ્રનો મદ ઉતરી ગયો અને ઇન્દ્રને આવી ઋદ્ધિ ધર્મ કરવાથી મળી છે. તો હું પણ ધર્મ કરૂં એમ વિચારી મહહર સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. ત્યારે શક્રે તેને વંદન કર્યું અને કહ્યું કે તમે ધન્ય છો. મેં તમારૂં અભિમાન તોડવા મારી ઋદ્ધિ બતાવી. પણ હું તમારી તોલે આવી શકું તેમ નથી કારણ અમારામાં વિરતીનો અભાવ છે અને તમે સર્વ વિરતિધર બન્યા છો તેથી તમને ધન્ય છે. એમ મુનિની પ્રશંસા કરી ઇન્દ્ર સ્વસ્થાને ગયો.

**નમી નમેઇ અપ્પાણં, સક્ખં સક્કેણ ચોઇઓ ।**
**ચઇઊણ ગેવં વઇદેહી, સામણ્ણે પજ્જુવટ્ઠિઓ ॥ ૪૫ ॥**

વિદેહ દેશના રાજા નમિ આત્માને નમાવી શાક્ષાત શક્રે પ્રેરણા કર્યા છતાં ઘરને ત્યજીને સાધુત્વમાં સ્થિત થયા. આ ચરિત્ર પ્રથમ કહેલું છે.

**કરકંડુ કલિંગેસુ, પંચાલેસુ ય દુમ્મુહો ।**
**નમી રાયા વિદેહેસુ, ગંધારેસુ ય નગ્ગઈ ॥ ૪૬ ॥**

કલિંગ દેશમાં કરકંડુ પાંચાલ દેશમાં દ્વિમુખ, વિદેહ દેશમાં નમિ રાજા અને ગાંધાર દેશમાં નગ્ગાતિ એમ ચારે પ્રત્યેક બુદ્ધો જિનશાસનમાં શ્રદ્ધા કરી પોતપોતાના પુત્રોને

રાજ્ય પર સ્થાપન કરી ઘરથી નીકળી ચારિત્ર અંગીકાર કરી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

એએ નરિંદવસભા, નિક્ખંતા જિણસાસણે ।
પુત્તે રજ્જે ઠવેઊણં, સામણ્ણે પજ્જુવટ્ઠિયા ॥ ૪૭ ॥
સોવીરરાયવસભો, ચઇત્તાણ મુણી ચરે ।
ઉદ્દાયણો પવ્વઇઓ, પત્તો ગઇમણુત્તરં ॥ ૪૮ ॥

સીંધુ સોવીર દેશમાં શ્રેષ્ઠ રાજા ઉદયન બધું તજીને દીક્ષીત થયા અને ચારીત્ર પાળી મોક્ષે ગયા તે કથા કલ્પસૂત્રમાં આવે છે.

તહેવ કાસીરાયા, સેઓસચ્ચપરક્કમે ।
કામભોગે પરિવજ્જ, પહણે કમ્મમહાવણં ॥ ૪૯ ॥

તે જ પ્રમાણે સત્યમાં પરાક્રમવાન કાશી રાજાએ કામભોગનો ત્યાગ કરી કર્મરૂપી મહાવનને પ્રકર્ષે કરી હણ્યું. કાશીવારાણશી નગરીમાં અગ્નિશિખ નામે રાજાને જયંતી નામે દેવીની કુખે નંદન નામે સાતમો બળદેવ ઉત્પન્ન થયો. તેનો નાનો ભાઈ શેષવતી રાણીનો પુત્ર દત્તાનામનો વાસુદેવ થયો. એ દત્તાને પિતાએ રાજ્ય આપ્યું. તેણે નંદનની મદદથી ત્રણ ખંડ ભરતનું રાજ્ય ભોગવી છપન હજાર વર્ષનું આયુષ્ય પુરૂ કરી દત્ત વાસુદેવ પાંચમી નરક ભૂમિમાં ઉત્પન્ન થયા. નંદનરાજા પાંસઠ હજાર વર્ષનું આયુષ્ય ભોગવી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. તે બંનેનું શરીર છવીસ ધનુષ્યનું હતું.

તહેવ વિજઓ રાયા, અણટ્ઠાકિત્તિ પવ્વએ ।
રજ્જં તુ ગુણસમિદ્ધં, પયહિત્તુ મહાજસો ॥ ૫૦ ॥

તે જ પ્રમાણે નાશ પામી છે અકીર્તિ જેની એવો મહાયશસ્વી વિજય રાજા બીજો બળદેવ થયો. તે ગુણ સમૃદ્ધ રાજ્ય ત્યજી દીક્ષીત થયા.તે દ્વારામતીમાં બ્રહ્મરાજાની સુભદ્રા નામે પત્નિથી ઉત્પન્ન થયો હતો. તેણે પોતાના નાનાભાઈ દ્વિપૃષ્ટ વાસુદેવ બોતેર લાખ વર્ષનું આયુષ્ય ભોગવ્યા પછી મરણ પામ્યા તે પછી દીક્ષા લઈ કેવળજ્ઞાન પામો સર્વ આયુષ્ય પંચોતેર લાખ વર્ષનું પાળી મોક્ષે ગયા. તે બંનેનું શરીર સીતેર ધનુષ્યનું હતું. સપ્તાંગ રાજ્યમાં ૧ સ્વામી. ૨ અમાત્ય, ૩ સુહૃદ, ૪ કોશ, ૫ રાષ્ટ્ર, ૬ દુર્ગ, ને ૭ સૈન્ય આવે.

તહેવુગ્ગં તવં કિચ્ચા, અવ્વક્ખિત્તેણ ચેયસા ।
મહબ્બલો રાયરિસી, આદાય સિરસા સિરિં ॥ ૫૧ ॥

એવી જ રીતે મહાબળ રાજર્ષી ત્રીજે ભવે મોક્ષે ગયા. સ્થિર ચિત્તથી ઉગ્ર તપ કરી તથા મસ્તકથી મુંડ થઈ ચારિત્ર ગ્રહણ કરીને ચૌદ પૂર્વધર થયા. બાર વર્ષ ચારિત્ર પાળી બ્રહ્મલોકમાં દશસાગરોપમના આયુષ્યે દેવ થયા ત્યાંથી ચ્યવી વાણિજ્ય ગ્રામમાં સુદર્શન નામે શ્રેષ્ઠિ થયા પ્રભુ મહાવીર પાસે ચારિત્ર લઈ મોક્ષે ગયા.

કહં ધીરો અહેઊહિં ઉમ્મત્તો વ મહિં ચરે ।
એએ વિસેસમાદાય, સૂરા દઢપરક્કમા ॥ ૫૨ ॥

ધીર પુરૂષ ઉન્મત્તની જેમ હેતુ વગર કેમ વિચરે આશૂર તથા દઢ પરાક્રમવાળા પુરૂષોએ વિશેષે ગ્રહણ કરીને સમ્યકત્વનો આશ્રય કરેલ છે.

અચ્ચંતનિયાણખમા, સચ્ચા મે ભાસિયા વઈ ।
અતરિંસુ તરંતેગે, તરિસ્સંતિ અણાગયા ॥ ૫૩ ॥

અત્યંત કર્મ મળશોધનમાં સમર્થજનો મેં જે ભાવના કહી તે વાણી વડે પૂર્વે તરી ગયા છે. હમણાં પણ કેટલાક તરી જાય છે અને ભવિષ્યમાં તરી જશે.

કહિં ધીરે અહેઊહિં, અત્તાણં પરિવાયસે ।
સવ્વસંગવિનિમ્મુક્કે, સિદ્ધે ભવઈ નીરએ ॥ ૫૪ ॥

ધીર સાધુ પૂર્વોક્ત ક્રિયાવાદી અક્રીયાવાદી, વિનયવાદી અજ્ઞાનવાદીના કુત્સિત હેતુરૂપ વચનો વડે પોતાના આત્માને કેમ પરિવાસિત કરે? સર્વથા ન કરે. સર્વ સંગથી નિર્મુક્ત થઈને એ સાધુ સિદ્ધ થાય છે. આ પ્રમાણે ઉપદેશ દઇ ને ક્ષત્રીય મુનિએ વિહાર કર્યો અને સંયત મુનિ પણ ચારિત્ર પાળી મોક્ષે ગયા એમ હું કહું છું.

ત્તિ બેમિ ॥

ઇતિ સંજઇજ્જં ણામ અટ્ઠારહમં અજ્ઝયણં સમત્તં ॥૧૮॥

## મહાબળ રાજાની કથા

હસ્તિનાપુરમાં બળ નામે રાજાને પ્રભાવતી નામે રાણી હતી એક વખત રાણી ચંદ્ર તથા સિંહ સ્વપ્નમાં જોઇ જાગી ગઈ અને બળ રાજા પાસે જઈ સ્વપ્નની હકીકત કહી રાજાએ હર્ષ અને સંતોષપૂર્વક કહ્યું કે તેં ઘણું કલ્યાણકારક સ્વપ્ન દીઠું છે તેથી અર્થલાભ ભોગલાભ ને રાજ્યલાભ થશે અને નવ માસને સાડા સાત દિવસ પુરા થતાં કુલ દીપક તથા કુળ તિલક સર્વ લક્ષણ યુક્ત પુત્રનો જન્મ થશે.

આ સાંભળી રાણી હર્ષ અને સંતોષ પામતી રાજાની આજ્ઞા લઇ પોતાની શય્યા ઉપર આવીને સુતી. તેણીને જે જે દોહલા થયા તે રાજાએ પૂર્યા. પછી પૂર્ણ માસે સુકુમાર હાથપગાદિ અવયવવાળા સર્વ લક્ષણ સહિત પુત્રને જન્મ આપ્યો. દાસીએ રાજાને પુત્ર જન્મની વધામણી આપી. રાજાએ મુકુટ સિવાયના તમામ અલંકારો ઉતારી તેને ભેટ આપ્યાં. દશોટણ વખતે પણ પ્રીતિદાન આપ્યું. કૌટુંબીકને બોલાવી રાજાએ કહ્યું કે વર્ધાપનની ઘોષણા કરાવો. માનોત્માનમાં વધારો કરો. નગરને શણગારો. બારમા દિવસે પુત્રનું મહાબળ નામ પાડયું. પાંચ ધાત્રીથી પોષાતો બાળક વૃદ્ધિ પામ્યો. સકળ કળામાં પારંગત થતાં યૌવનાવસ્થામાં આવ્યો ત્યારે મોટા રાજાઓની આઠ કન્યાઓ એક જ દિવસે પરણાવી આઠ માળનો મહોટો મહેલ તેને રહેવા માટે કરાવ્યો. અને પ્રીતિદાન તરીકે આઠ ક્રોડ સોનામહોરો, આઠ મુકુટ આઠ કુંડળ જોડી આઠ હાર, આઠ હજાર ગાયો, આઠ ગામ આઠ દાસ આઠ હાથી આઠ સુવર્ણના થાળ વગેરે વસ્તુઓ આપી. એક વખત ત્યાં વિમળનાથ પ્રભુના પ્રશિષ્ય ધર્મઘોષ નામે અણગાર પાંચસો સાધુના પરિવારે વિહાર કરતા હસ્તિનાપુર આવ્યા. તેમને વંદન કરવા ને ધર્મ સાંભળવા રાજા પરિવાર સહિત આવ્યો. ધર્મોપદેશ સાંભળી મહાબળ કુમાર વૈરાગ્ય પામ્યા. ગુરૂને કહ્યું કે હું માતાપિતાની આજ્ઞા લઇ આપની પાસે સંયમ ગ્રહણ કરીશ. ગુરૂએ કહ્યું કે પ્રતિબંધ ન કરીશ. પછી રથમાં બેસી ઘેર આવી માતાપિતાને કહ્યું કે, ગુરૂનો ધર્મનો ઉપદેશ મેં સાંભળ્યો. મને બહુ ગમ્યો છે. તેઓએ કહ્યું કે તું ધન્ય છે.

કૃતપુણ્ય છે. ત્યારે મહાબળે કહ્યું કે આપની આજ્ઞા પામીને હું પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું આ સંસારના ભયથી હું કંટાળ્યો છું. કોઇ દિવસ નહિ સાંભળેલી એવી પુત્રની અનિષ્ટ વાણી સાંભળી માતા મૂર્છા પામી. પરિચારીકાઓએ શીતળ જળ છાંટી સચેત બનાવી ત્યારે તે બોલી કે તું અમારો એકનો એક પુત્ર છે. અમારા જીવિતભૂત છે. તારો વિરહ એક ક્ષણ પણ ખમીએ તેમ નથી. અમે જીવતાં હોઈએ ત્યાં સુધી ઘરમાં રહે. પછી તારા કુળસંતાનની વૃદ્ધિ કરી પ્રવ્રજ્યા લેજે. મહાબળે કહ્યું હે માતા! તમે જે કહ્યું તે મોહ વિલસીત છે. જન્મ વરા મરણ રોગ શોકથી ભરેલા આ સંસારમાં રાચવા જેવું કંઈ જ નથી. માટે હું તો શિઘ્ર પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. ત્યારે માતા બોલ્યાં કે હે પુત્ર! આ તારૂં વિશિષ્ટ પ્રકારના રૂપવાળું રોગ રહિત શુભલક્ષણ યુક્ત શરીર છે અને પહેલી યુવાવસ્થામાં વર્તે છે માટે તેનો સારી રીતે ભોગવટો કરીને પછી પ્રવ્રજ્યા લેજો. મહાબળે કહ્યું કે આ શરીર અનેક દુઃખોનું ઘર છે. નસોના જાળાંથી બંધાયેલું અશુચિ પદાર્થોથી ભરેલું છે. જ્યારે ત્યારે નાશ પામવાના સ્વભાવવાળું છે. માટે હું હમણાં જ દીક્ષા લેવા ઇચ્છું છું. માતાએ કહ્યું કે તારે રૂપલાવણ્ય યુક્ત આઠ સ્ત્રીઓ છે. તને અનુકુળ વર્તનારી છે. તે તારા વિયોગે કેમ જીવશે? માટે હમણાં તો મળેલા ભોગો ભોગવી લે. પછી વૃદ્ધાવસ્થામાં સંયમ લેજે. મહાબળે કહ્યું કે આ કામ ભોગો ક્ષણીક સુખ ને લાંબા કાળ સુધી દુઃખને દેનારા છે. નિરંતર અશુચી વહ્યા કરે છે. કફમળમુત્રના ભંડાર રૂપ

આ શરીર વાત પિત ને કફના આશ્રયભૂત છે. શુક્ર અને શોણીતથી ઉદ્ભવેલું છે. અને જ્યારે ત્યારે નાશ પામવાના સ્વભાવવાળું છે માટે હું તો હમણાં જ દીક્ષા લઈશ. માતા પિતાએ કહ્યું કે તારે સાત પેઢી સુધી ચાલે તેટલું ધન છે. તેનો ઉપભોગ કરો અને બીજાઓને દાન દઈને અનુગ્રહ કરો. મનુષ્યલોકના સત્કાર અને સન્માનને સ્વીકારો. પછી સંયમ લેજો. સંયમમાર્ગ તો ઘણો કઠણ છે. ટાઢ, તાપ, ભુખ, તરસ, સહન કરવાં પડે. લોચને વિહાર દુઃખદાઈ છે. લોઢના ચણા ચાવવા જેવું છે. તરવારની ધાર પર ચાલવા જેવું છે. મહાબળે કહ્યું કે જે કલીબ ને બ્હીકણ હોય આલોકની આધિ વ્યાધિ ને ઉપાધિમાં અટવાઇ ગયા હોય અને પરલોકથી વિમુખ હોય તેવાઓને તમારા કહેવા મુજબ સંયમ આકરો લાગે. પરંતુ જે ધીર, વીર,ને પરાક્રમી છે. તેને કંઈ પણ દુષ્કર લાગતું નથી. માટે મને રજા આપો તો હું દીક્ષા લઉં. આવી રીતે બોલવાથી તેના માતાપિતા તેને ઘરમાં રાખવા શક્તિમાન ન થયા ત્યારે પોતાની ઇચ્છા નહિ છતાં પણ મહાબળને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા અનુજ્ઞા આપી. પછી રાજાએ હસ્તિનાપુર નગરની અંદર અને બહાર જમીન સાફ કરાવી પાણી છંટાવી આંગણા લીંપાવી સ્વચ્છ કર્યું. મહાબળકુમારને સિંહાસન પર બેસાડી એકસો આઠ જાતિના કળશો વડે અભિષેક કર્યો. પછી પિતાએ કહ્યું કે હે પુત્ર ! બોલ હવે તને શું આપું ? તારે કઈ વસ્તુ જોઈએ છે તે કહે. મહાબળે કહ્યું કે કુત્રિકાપણ (દેવતાઈ)ની દુકાનેથી એક લાખ આપીને રજોહરણ મંગાવો. બીજા એક લાખ

આપી પાત્રાં વગેરે અને ત્રીજા એક લાખ આપી નાપીકને બોલવો એટલે કેશનો લોચ કરાવું. રાજાએ કાશ્યપને તેડાવી મહાબળના મસ્તકના વાળ કતરાવ્યા કુત્રીકાપણમાંથી રજોહરણને પાતરાં વગેરે મંગાવ્યાં. માતાએ પુત્રના કેશ હંસના ચિન્હવાળા સાડલામાં લીધા. તે વાળ સહિતનું વસ્ત્ર પોતાના ઓશીકાના ઠેકાણે રાખ્યું. એક હજાર પુરૂષો ઉપાડી શકે તેવી પાલખી બનાવરાવી મહાબળને ગોશીર્ષ ચંદન વડે વિલેપન કર્યું અને સર્વ અલંકારોથી શણગારી પાલખીમાં બેસાડયા. એક સ્ત્રીએ છત્ર ધારણ કર્યું. બે બાજુ બે જણા ચામર વીંઝવા લાગ્યા. પાલખી આખા નગરમાં ફેરવી પ્રવ્રજ્યા લેવાના સ્થળે પાલખી લાવ્યા. મહાબળ કુમારે તે પાલખીમાંથી ઉતરી વસ્ત્રાલંકાર ઉતારી ગુરૂ પાસે આવ્યા. માતાપિતાએ ગુરૂદેવને કહ્યું કે હે ભગવન ! આ મહાબળ કુમાર સંસાર ભયથી ઉદ્વિગ્ન તથા કામભોગથી વિરક્ત થઈ આપની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છે છે. તેથી આ શિષ્યરૂપી ભિક્ષા અમે આપને દઈએ છીએ, તે આપ અંગીકાણ કરો. તે વખતે હર્ષપૂર્વક મહાબળ ધર્મઘોષ ગુરૂને વંદન કરી ઈશાન ખુણામાં જઇ બધા અલંકાર ઉતાર્યા. તે અલંકારો પ્રભાવતીદેવીએ ઉત્તરીય વસ્ત્રમાં ગ્રહણ કર્યા અને બોલ્યાં કે હે પુત્ર ! સંયમ પાળવામાં હવે પ્રમાદ કરવાનો નથી. તદનંતર મહાબળે પંચમુષ્ટિ લોચ કર્યો અને ધર્મઘોષ ગુરૂ પાસે આવી બોલ્યા કે આ સંસાર જન્મ જરા મરણથી વ્યાકુળ છે માટે આપ સ્વયં મને દીક્ષા આપો. ધર્મઘોષ સૂરિએ પોતે જ તેને દીક્ષા આપી સામાચારીનું શિક્ષણ આપ્યું. હવે મહાબળ મુનિ અણુગાર

થયા. પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તીથી યુક્ત બની ચૌદ પૂર્વ ભણ્યા. આત્માને ભાવિત કરતા અને છઠ્ઠ અઠ્ઠમાદિક તપસ્યાઓ કરતા બાર વર્ષ સાધુપણું પાળી એક માસની સંલેખના પૂર્વક કાળ કરી બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી સુદર્શન શ્રેષ્ઠિ થયા.

# પંચષષ્ટિ યંત્ર ગર્ભિત

# શ્રી ચતુર્વિંશતિ સ્તોત્ર

આદૌ નેમિજિનં નૌમિ, સંભવં સુવિધિં તથા
ધર્મનાથં મહાદેવં, શાન્તિં શાન્તિકરં સદા. ૧
અનંતં સુવ્રતં ભક્ત્યા, નમિનાથં જિનોત્તમમ્
અજિતં જીતકંદર્પં, ચન્દ્રં ચન્દ્ર સમપ્રભમ્. ૨
આદિનાથં તથા દેવં, સુપાર્શ્વં વિમલં જિનમ્
મલ્લિનાથં ગુણોપેતં, ધનુષાં પંચ-વિંશતિમ્. ૩
અરનાથં મહાવીરં, સુમતિં ચ જગદ્ગુરું,
શ્રી પદ્મપ્રભ નામાનં, વાસુપૂજ્યં સુરૈનતમ્. ૪
શીતલં શીતલં લોકે, શ્રેયાંસં શ્રેયસે સદા
કુંથુનાથં ચ વામેયં, શ્રી અભિનંદનં જિનમ્. ૫
જિનાનાં નામભિર્બદ્ધઃ પંચષષ્ટિ સમુદ્ભવઃ
યન્ત્રોયં રાજતે યત્ર તત્ર સૌખ્યમ્ નિરંતરમ્ ૬
યસ્મિન્ ગૃહે મહાભક્ત્યા યન્ત્રોયં પુજ્યતે બુધૈઃ
ભૂતપ્રેત પિશાચાદિ ભયં તત્ર ન વિદ્યતે ૭

વંદે ધર્મં જિનં સદા સુખકરં, ચંદ્રપ્રભં નાભિજં
શ્રીમદ્ વીર જિનેશ્વરં જયકરં, કુંથું ચ શાન્તિ જિનમ્,
મુક્તિ શ્રી કલહાસ્યનન્તમુનિપં, વન્દે સુપાર્શ્વં વિભું,
શ્રીમદ્ મેઘનૃપાત્મજં ચ સુખદં, પાર્શ્વં મનોભીષ્ટદમ્. ૧
શ્રી નેમીશ્વરં સુવ્રતો વિમલં, પદ્મપ્રભં સાંવરં,
સેવે સંભવ શંકરં નમિ જિનં, મલ્લિં જયાનંદનમ્,
વન્દે શ્રી જિન શીતલં ચ સુવિધિં, સેવેઽજિતં મુક્તિદં
શ્રી સંઘ ભત પંચવિંશતિતમં, સાક્ષાદ્દરં વૈષ્ણવમ્. ૨
સ્તોત્રં સર્વં જિનેશ્વરૈરભિગતં, મંત્રેષુ મન્ત્રં વરં,
એતાન્ સંમત યન્ત્ર એવ વિજયો દ્રવ્ય લિખિત્વા શુભૈ:,
પાર્શ્વે આધ્રિયમાણ એવ સુખદો, માંગલ્ય માલાપ્રદઃ
વામાંગે વનિતા નરાસ્તદિતરે કુર્વન્તિ યે ભાવતઃ ૩
પ્રસ્થાને સ્થિતિ સુદ્ધપાઠ કરણે, રાજાદિ સન્દર્શને,
લક્ષ્મ્યાર્થે સુત હેતવે ધનકૃતે, રક્ષન્તુ પાર્શ્વે સદા,
માર્ગે સંવિષમે દવાગ્નિ જ્વલિતે, ચિન્તાદિનિર્નાશને,
યન્ત્રોયં મુનિ નેત્રસિંહ કવિના, સંઘોન્નતિ સૌખ્યદઃ. ૪

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ | ૧૫ | ૮ | ૧ | ૨૪ | ૧૭ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ | ૧૬ | ૧૪ | ૭ | ૫ | ૨૩ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ | ૨૨ | ૨૦ | ૧૩ | ૬ | ૪ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ | ૩ | ૨૧ | ૧૯ | ૧૨ | ૧૦ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ | ૯ | ૨ | ૨૫ | ૧૮ | ૧૧ |

સકલ ગુણનિધાનં યન્ત્રમેનં વિશુદ્ધં હૃદય કમલકોષે ધીમતાં ધ્યેય રૂપમ્. જય તિલક ગુરૂ શ્રી સૂરિરાજસ્ય શિષ્યો વદતિ સુખનિધાનં મોક્ષ લક્ષ્મી નિવાસમ્.

જે બુદ્ધિમાન પુરુષો ઘરમાં મહાભક્તિ વડે આ યંત્ર નીચે લખ્યા મુજબની પૂજા કરે છે. ત્યાં ભૂત પ્રેત પિશાચ આદિનો ભય રહેતો નથી.

સકળ ગુણના નિધાન સમાન આ વિશુદ્ધ યંત્રનું જે બુદ્ધિમાન માનવી હૃદયરૂપ કમલ કોષમાં ધ્યાન કરે છે તે સકલ સુખના નિધાન મોક્ષ લક્ષ્મીમાં નિવાસ કરે છે એમ શ્રી જય તિલક ગુરૂ સૂરિરાજના શિષ્ય કહે છે.

સર્વ જિનેશ્વર ભગવાનના નામથી યુક્ત આ સ્તોત્ર ઉત્તમોત્તમ યંત્ર છે. જે સંઘમાં આ યન્ત્ર રહેલું છે. ત્યાં હંમેશાં વિજય થાય છે. શુભ થાય છે ભવ્યની વૃદ્ધિ થાય છે. આ યંત્રની ડાબી બાજુ પુરૂષો અને જમણી બાજુ બ્હેનો ભાવથી ભક્તિ કરે છે તેમને સુખ અને માંગલ્યની માલાને આપે છે. યુદ્ધમાં પ્રસ્થાન કરતી વખતે રાજાદિના દર્શન કરવા જતી વખતે લક્ષ્મીની પ્રાપ્તિ અર્થે પુત્રની પ્રાપ્તિ અર્થે ધનને માટે આ યંત્ર સદા પાસે રાખવાથી રક્ષણ કરે છે. માર્ગમાં અગ્નિ શાંત થાય છે. ચિંતાનો નાશ થાય છે. મુનિ નેત્ર સિંહ કવિ કહે છે કે આ યંત્ર રાખવાથી સંઘમાં સુખ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. (ઉપરની બે ગાથાનો યંત્ર પછવાડે આપ્યો છે.

જયઈ જગજીવ જોણી વિચાણઓ જગગુરૂ જગાણંદો
જગનાહો જગબંધો જયઈ જગપિયા મહોભયવં
જયઈ સુયાણં પભવો તિત્થયરાણં અપચ્છિમો જયઈ
જયઈ ગુરૂ લોગાણં જયઈ મહપ્પા મહાવીરો ૧

જગતમાં ઉત્પન્ન થતી ચોરાશી લાખ જીવાયોની જાણનારા, જગતગુરૂ જગતને આનંદ આપનારા શ્રી વીર પરમાત્મા જય પામો. જગતના નાથ જગતના બંધુ જગતનાપિતા મહા ઠકુરાઈવાળા ભગવાન જય પામો, જેઓએ સૂત્રને ઉત્પન્ન કર્યા છે. જેઓ ચરમ તીર્થંકર છે. જેઓ જગતના ગુરૂ છે. તે ભગવાન મહાવીર પરમાત્મા જય પામો.)

# છપાયેલ પુસ્તકોની યાદી

## કાવ્ય વિભાગ

૧ કલ્યાણક સ્તવન ટોડર
ચૈત્યયયથુઇ સજ્ઝાયમાળા
૮/૪૮/૪૯/૭૮/૧૧૧/૨૦
૧૧૦/૫૩/૬૧/૯૫/૧૭૫
વિવિધ પૂજાસંગ્રહ અર્થ સાથે
૯૧ વી ૯૪/૧૧૭
૧૦ સમકિતના સડસઠ બોલની
સજ્ઝાય અર્થ સાથે
૧૩ ભક્તામર અર્થ કથા સહિત
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૪/૧૮/૫૦ છ કર્મગ્રંથસાર
૫૭/૧૮૦ બૃહદ્સંગ્રહણી સાર્થ
૭૩ નવસ્મરણ મૂળ
૭૫ લઘુક્ષેત્ર સમાસ અર્થ
૧૬૪ સામાયિક સ્વરૂપ
૧૦૦ દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૯૮ પ્રશમરતિસાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણ મંદિરસાર્થ
૧૮૧ યોગશાસ્ત્ર
૧૭૦/૧૭૧ સ્તવન ચોવીશી સાર્થ
ભાગ૧-૨
૧૩૬ સંબોધસિત્તરી

## દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાન વગેરે

૨૧ ભોગોપભોગ વિરમણ વ્રત
૨૪/૫૪ ભૂર્ભુવઃ સ્વ. ભા. ૧/૨
૫૧ જૈન દર્શનને શ્રાવકદિન કૃત્ય
જૈન ધર્મ પ્રવેશક ભા. ૧ થી ૭
૫૮/૬૯/૮૩/૧૪૮/૧૪૯/૧૭૩/૧૭૪
૬૨ ઉપદેશ સીતરી
૬૩ સહસ્રકૂટ નામાવલી
૭૪/૧૬૩ નવપદ મહાત્મ્ય
૯૭ આગમ સાર
૧૦૧ પારસમણિ
૮૧ નવકારના જાપની નોંધ
૧૧૮ ષડ્દ્રવ્યાત્મક જગત
૧૩૯ શ્રાવક ધર્મ
૧૪૦ ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૮૪/૮૫/૮૬ જૈન પ્રશ્નોત્તરી ભા.૧/૨/૩
૭૭/૧૬૭ સાધુ સાધ્વી આવશ્યક
સૂત્રાર્થ
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ સંગ્રહ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૩૩ ભક્તિ મુક્તિ પર્યુષણ પર્વમાળા
૩૯ નેમિ વિવાહલો
૧૪૩ પ્રશાંતરસ ઝરણાં
૧૫૬ પંચસૂત્રાદિ સંગ્રહ
ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભાગ૧થી ૪
૧૬૬/૧૮૨/૧૮૩/૧૮૪
૧૭૭ હરીઆળી

# અભિપ્રાયો

અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતા કથા સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત અન્ય વિષયનાં પુસ્તકો સામાન્ય માણસને પણ ઉપયોગી થઈ શકે તેમ છે આવાં પુસ્તકોના પ્રકાશનની જરૂરીઆત છે મને આપની જ્ઞાનની પ્રવૃતિથી આનંદ થાય છે.

લિ. પૂ. આ. શ્રી અભયદેવસૂરિ તા. ૧-૭-૬૨

અમારા પરમશ્રુત શાસનપ્રેમી અને ધરખમ પ્રચારક તપસ્વી મુનિ અકલંક વિજયજીએ પુસ્તક પ્રકાશનનો ભારે યજ્ઞ માંડયો છે. હું એમના પ્રચંડ પુરૂષાર્થને જોઈને આનંદ અનુભવું છું.

લિ. પૂ. આ શ્રી યશોદેવ સૂરિ પાલીતાણા, તા. ૫-૮-૬૨

તમારી શ્રુતિભક્તિ અવર્ણનીય છે. તપસ્યાની સાથે સમ્યગજ્ઞાનની લગની અને લાગણી અપૂર્વ છે. આપના પુસ્તકો ઘણાં ઉપયોગી છે.

લિ. પૂ આ શ્રી ધનેશ્વરસૂરિ અહમદનગર તા. ૩૧-૭-૬૨

જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના ભવ્ય વારસા સામગ્રીરૂપ અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતાં પુસ્તકો આબાલગોપાળને શ્રુતજ્ઞાનની આત્મોન્નતી તરફને અનન્ય પ્રેરક માહિતિ ઉપલબ્ધ થાય છે સામાન્ય વાચકથી આરંભીને વિદ્વાન વર્ગને પણ એમનાં પુસ્તકો દ્વારા જ્ઞાન સંપાદન કરવાની અમૂલ્ય તક મળી રહે છે આ પુસ્તકો પોકેટ બુકની ગરજ સારે તેવાં હોવાથી સત્સંગ અને સ્વાધ્યાયનો અનેરો આનંદ આપે તેવા છે.

લિ. ડૉ. કવિન શાહ બીલીમોરા તા. ૧૦-૧૦-૬૨

આપશ્રી સરળ ભાષામાં સાહિત્યનું સર્જન કરીને જ્ઞાનનો લાભ આપી રહ્યા છો તેની જૈન સમાજને ખરેખર આવશ્યકતા છે. આપશ્રીનું પ્રકાશન કાર્ય જ્ઞાન જ્યોતને જલતી રાખી ભવ્યાત્માઓના આત્મકલ્યાણમાં ઉપકારક નીવડે એવી અભિલાષા છે.

પ્રો. કુમુદચંદ્ર ગોકળચંદ શાહ તા. ૧૨-૩-૬૩